દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 145 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ જયેષ્ઠ વદ - ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 20 June 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
શુક્રવાર, ૨૦ જૂન ૨૦૨૫ (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# દક્ષિણ ગુજરાતને વરસાદે ધમરોળ્યું

## સૌથી વધુ વરસાદ વાપીમાં ૬.૮૧ ઇંચ ▶ ડાંગની ચારેય નદીઓ ગાંડીતૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં સૌરાષ્ટ્ર, દક્ષિણ અને ઉત્તર ગુજરાત સહિતના જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદી માહોલ જામ્યો છે, જેમાં ગુરુવારે (૧૯ જૂન) સવારે છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં ૯૨ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ વલસાડના વાપીમાં ૬.૮૧ ઈંચ અને પારડીમાં ૫.૦૪ ઇંચ વરસાદ ખાબક્યો હતો.

રાજ્યમાં ૧૯ જૂન ગુરૂવારના રોજ સાંજે છ વાગ્યા સુધીમાં ૯૨ તાલુકામાં હળવાથી અતિભારે વરસાદ ખાબક્યો હતો. જેમાં વલસાડના કપરાડામાં ૪.૫૩ ઇંચ, ધરમપુરમાં ૪.૨૫ ઇંચ, ઉમરગામમાં ૩.૯ ઇંચ, નવસારીના ખેરગામમાં ૩.૮૬ ઇંચ, ભરૂચના હાંસોટમાં ૩.૫૮ ઇંચ, સુરતના ઓલપાડમાં ૩.૫ ઇંચ, ડાંગના વઘઈમાં ૩.૪૩ ઇંચ, ભરૂચના વાલિયામાં ૩.૧૧ ઇંચ, વરસાદ નોંધાયો હતો. જ્યારે ૬૩ થી વધુ તાલુકામાં ૧ ઈંચથી ઓછો વરસાદ વરસ્યો છે. જ્યારે અન્ય ૮૨ તાલુકામાં ૦.૦૪ ઈંચથી લઈ ૨.૮૩ ઇંચ સુધીનો વરસાદ વરસ્યો હતો.

ડાંગ જિલ્લામાં ધોધમાર વરસાદથી ડાંગની ચારેય નદીઓ ગાંડીતૂર બની છે. અંબિકા, પૂર્ણા, ગીરા અને ખાપરી નદીઓમાં ઘોડાપૂરની સ્થિતિ છે, અનેક કોઝ-વે પર પાણી ફરી વળતાં વાહન વ્યવહાર ખોરવાયો છે અને ૨૦થી વધુ ગામડાં સંપર્ક વિહોણા બન્યા છે. સાપુતારા-વઘઇ મુખ્ય માર્ગ પર ભેખડ ધસી પડવાના બનાવ પણ બન્યા છે.

સહ્યાદ્રી પર્વતમાળામાં વસેલા ડાંગ જિલ્લામાં ચોમાસાની મોસમ દરમિયાન અંબિકા નદીનો ગીરા ધોધ પોતાના ભવ્ય સ્વરૂપમાં જોવા મળી રહ્યો છે. વઘઈથી ચાર કિલોમીટર દૂર આંબાપાડા ગામ નજીક સ્થિત આ ધોધ ૨૫ મીટરની ઊંચાઈ અને ૩૦૦ મીટરની પહોળાઈમાં વિસ્તરેલો છે.

સાપુતારાથી નીકળીને બીલીમોરા પાસે અરબી સમુદ્રને મળતી અંબિકા નદી પર આવેલો આ ધોધ ગુજરાતના નાયગ્રા તરીકે પણ ઓળખાય છે. ચોમાસાના ચાર મહિના દરમિયાન અવિરત વહેતો આ ધોધ પાણીની માત્રા ઘટતાં બે ભાગમાં વહેંચાઈ જાય છે.

ડાંગ જિલ્લામાં ઘનઘોર જંગલો, પહાડો અને ચાર મુખ્ય નદીઓ - અંબિકા, પૂર્ણા, ખાપરી અને ગીરા આવેલી છે. ચોમાસા દરમિયાન આ વિસ્તારમાં સૌથી વધુ વરસાદ પડે છે, જેના કારણે નદીઓમાં ઘોડાપૂર જોવા મળે છે. સલામતીના કારણોસર પ્રવાસીઓને ધોધના પાણીમાં જવાની મનાઈ છે, કારણ કે પાણીનો પ્રવાહ માણસને ખેંચી શકે છે. ઉલ્લેખનીય છે કે, ડાંગના પહાડી વિસ્તારમાં ચોમાસા દરમિયાન અનેક નાના ધોધ સક્રિય થાય છે, જે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બને છે.

અમદાવાદ શહેરમાં વરસાદની આ સિઝનમાં અત્યાર સુધી ૧૦.૪૮ ઇંચ વરસાદ નોંધાયો છે, જેના કારણે શહેરની ૧૦૫ જગ્યાઓ પર પાણી ભરાયાં હતાં. પાણી ભરાયેલી જગ્યાઓમાં મુખ્યત્વે મક્તમપુરામાં પલકનુંમ, ગોતામાં બદલનગર, કુમુદનગર, બંધન ટ્રાયેન્ગલ, શાહીબાગમાં એમ.એસ. એપાર્ટમેન્ટ, વસ્ત્રાલમાં પંચરત્ન આવાસ, નિકોલમાં મધુમાલતી આવાસ, ડી-કેબિન અંડરપાસ અને કાળી ગામ અંડરપાસનો સમાવેશ થાય છે. ખાસ કરીને મધુમાલતી આવાસમાં પાણી ભરાવાની સમસ્યા વણસી હતી.

શહેરમાં પાણી ભરાવાને કારણે પાંચ અંડરપાસ બંધ કરવામાં આવ્યા હતા, જેમાં મીઠાખળી, અખબારનગર, મકરબાના બે અંડરપાસ અને ડી-કેબિન અંડરપાસનો સમાવેશ થાય છે. અખબારનગર અંડરપાસમાં દોઢ ફૂટ પાણીમાં એક ગાડી ફસાઈ જતાં બંધ થઈ ગઈ હતી. બુમ્બેરિયરમાં પાણીનું સ્તર બે ફૂટ હતું, જેને ઘટાડીને ૧.૩૫ ફૂટ કરવામાં આવ્યું જેથી કોઈ ફસાય નહીં.

શહેરમાં પાણી નિકાલ માટે પચીસ વરુણ પંપ પૈકી ૨૪ પંપ હાલ કાર્યરત છે. જોકે, ત્રણ જગ્યાઓ પર બ્રેકડાઉનની સ્થિતિ નોંધાઈ હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણી નિકાલની કામગીરી ઝડપથી હાથ ધરવામાં આવી રહી છે, ભારે વરસાદે શહેરની ટ્રાફિક અને રોજિંદા જીવનને અસર કરી છે.

## ઇઝરાયલની મોટી હૉસ્પિટલ અને ઇરાનના હેવી વૉટર રિઍક્ટર પર હુમલો

બીરશેબાઃ ઇરાને ઇઝરાયલની મોટી હૉસ્પિટલ પર જ્યારે ઇઝરાયલે ઇરાનના હેવી વૉટર રિઍક્ટર પર હુમલા કર્યા હતા.

ઇરાને ગુરુવારે સવારે દક્ષિણ ઇઝરાયલની મુખ્ય હૉસ્પિટલ પર મિસાઇલ હુમલો કર્યો હતો. તેને લીધે ઇમારતને ભારે નુકસાન થયું હતું, પરંતુ કોઇને ગંભીર ઇજા નહિ થઇ હોવાનો દાવો કરાયો હતો.

ઇઝરાયલના પ્રસારમાધ્યમે હૉસ્પિટલની તૂટેલી બારીઓ અને અંદરથી નીકળતા ધુમાડાની વીડિયો ફૂટેજ જાહેર કરી હતી.

ઇરાને છોડેલા અન્ય મિસાઇલો ઇઝરાયલના તેલ અવીવની નજીકમાંની એક બહુમાળી ઇમારત અને રહેઠાણ માટેની અન્ય ઇમારતો પર પડ્યા હતા. આ હુમલામાં ઓછામાં ઓછા ૪૦ જણ ઘાયલ થયા હતા.

દરમિયાન, ઇઝરાયલે ઇરાનના અરાકમાં આવેલા ભારે પાણી (હેવી વૉટર)ના રિઍક્ટર પર હુમલો કર્યો હતો. તેને લીધે ઇરાનના અણુ-કાર્યક્રમને નુકસાન થયું હોવાનું કહેવાય છે. ઇરાન અને ઇઝરાયલ વચ્ચે છેલ્લા સાત દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે અને તેમાં ઇઝરાયલ દ્વારા ઇરાનના લશ્કરી મથકો, અણુમથકો, લશ્કરી ઉચ્ચ અધિકારીઓ, અણુ-વિજ્ઞાનીઓને લક્ષ્ય બનાવાઇ રહ્યા છે.



**યુદ્ધઃ** ઇઝરાયલના બીરશેબા ખાતે હૉસ્પિટલ પર ઇરાનનું મિસાઇલ પડતા ઇમારતને થયેલું નુકસાન અને તેમાંથી નીકળતા ધુમાડા. (એપી/ પીટીઆઇ)

દક્ષિણ ઇઝરાયલના શહેર બીરશેબાની હૉસ્પિટલ - સોરોકા મેડિકલ સેન્ટર પર ઇરાનની મિસાઇલ પડતા ઇમર્જન્સી ટીમે હૉસ્પિટલમાંના દરદીઓને સલામત-સ્થળે ખસેડવાનું શરૂ કર્યું હતું.

બે ડૉક્ટરે આ સંબંધમાં માહિતી આપતા જણાવ્યું હતું કે શરૂઆતમાં હવાઇ-હુમલા અંગે ચેતવણી આપતી સાયરન વાગી હતી અને ત્યાર બાદ અમે મોટો ધડાકો સાંભળ્યો હતો.

હૉસ્પિટલે દાવો કર્યો હતો કે હૉસ્પિટલની સર્જરી માટેની જૂની ઇમારત પર મિસાઇલ પડી હતી. આ હૉસ્પિટલમાં દરદીઓ માટેની અંદાજે ૧,૦૦૦ પથારી છે.

ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ જણાવ્યું હતું કે ઇરાને આ હુમલાની આકરી કિંમત ચૂકવવી પડશે.

ઇરાને ઇઝરાયલ પર સેંકડો મિસાઇલ અને ડ્રોનથી હુમલો કર્યો હતો, પરંતુ ઇઝરાયલે તેમાંના મોટા ભાગનાને આકાશમાં તોડી પાડ્યા હોવાનું કહેવાય છે. (એજન્સી)

## વિસાવદર અને કડી વિધાનસભા બેઠક પેટાચૂંટણી

## સાંજે ૬ વાગ્યા સુધી સરેરાશ ૫૫ ટકાથી વધુ મતદાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના વિસાવદર અને કડી વિધાનસભા મતવિસ્તારોમાં ગુરુવારે સાંજે ૬ વાગ્યા સુધીમાં સરેરાશ ૫૫ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું હતું કે સવારે ૭ વાગ્યે શરૂ થયેલું મતદાન સાંજે ૬ વાગ્યે શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું હતું. ચૂંટણી પંચ દ્વારા શેર કરાયેલા આંકડા અનુસાર, જૂનાગઢ જિલ્લાની વિસાવદર બેઠક અને મહેસાણા જિલ્લાની કડી બેઠક પર સાંજે ૬ વાગ્યા સુધી અનુક્રમે ૫૬.૮૯ ટકા અને ૫૭.૯૦ ટકા મતદાન થયું હતું. મતદાન શરૂ થતાં જ, સવારથી જ મતદાન મથકો પર લોકો કતારમાં ઊભા રહી ગયા હતા. વિસાવદરમાં, ભાજપ અને કૉંગ્રેસના ઉમેદવારો મતદાન કરનારાઓમાં સૌથી પહેલા હતા. દરેક મતવિસ્તારના ૨૯૪ મતદાન મથકો પર ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) દ્વારા મતદાન કરવામાં આવ્યું હતું.

ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું હતું કે મતદાન પ્રક્રિયા મોટાભાગે શાંતિપૂર્ણ રહી હોવાથી મતદાનમાં વિક્ષેપ પાડતી બે બેઠકો પર કોઈ અનિચ્છનીય ઘટના નોંધાઈ નથી. રાજ્ય સરકારે મતદાન માટે ગુરુવારે બંને મતવિસ્તારમાં જાહેર રજા જાહેર કરી હતી. ભાજપ, કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી (આપ) એ આ બંને બેઠકો પર પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા હતા. ડિસેમ્બર ૨૦૨૩માં તત્કાલીન આપ ધારાસભ્ય ભૂપેન્દ્ર ભાયાણી રાજીનામું આપીને શાસક ભાજપમાં જોડાયા ત્યારથી વિસાવદર બેઠક ખાલી પડી હતી. વિસાવદરની પેટાચૂંટણી માટે ભાજપે કિરીટ પટેલને મેદાનમાં ઉતાર્યા હતા, જ્યારે કૉંગ્રેસે નીતિન રાણપરિયાને મેદાનમાં ઉતાર્યા હતા. આપના પૂર્વ ગુજરાત પ્રમુખ ગોપાલ ઇટાલિયા પણ મેદાનમાં હતા. રાજ્યમાં લગભગ સંપૂર્ણ પ્રભુત્વ હોવા છતાં, ભાજપ ૨૦૦૭થી વિસાવદર બેઠક જીતી શક્યું ન હતું. પાર્ટીના નેતાઓએ કહ્યું હતું કે તેઓ અહીં ૧૮ વર્ષની નિષ્ફળતાને દૂર કરવાની આશા વ્યક્ત કરી હતી.

૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં, આપના ભૂપેન્દ્ર (ભૂપત) ભાયાણીએ કૉંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા પૂર્વ ધારાસભ્ય હર્ષદ રિબડિયાને ૭,૦૬૩ મતોથી હરાવ્યા હતા. મહેસાણા જિલ્લાની કડી બેઠક અનુસૂચિત જાતિ (એસસી) ઉમેદવારો માટે અનામત છે અને ભાજપના ધારાસભ્ય કરસન સોલંકીના અવસાન બાદ ૪ ફેબ્રુઆરીથી ખાલી પડી છે. ભાજપે કડી બેઠક પરથી રાજેન્દ્ર ચાવડાને મેદાનમાં ઉતાર્યા હતા, જ્યારે પૂર્વ ધારાસભ્ય રમેશ ચાવડા કૉંગ્રેસ તરફથી મેદાનમાં હતા. રમેશ ચાવડાએ ૨૦૧૨માં આ બેઠક જીતી હતી, પરંતુ ૨૦૧૭ ની ચૂંટણીમાં તેઓ ભાજપના કરસનભાઈ સોલંકી સામે હારી ગયા હતા.

વિસાવદરની જેમ, કડી બેઠક પર પણ ત્રિકોણીય મુકાબલો થયો હતો, જેમાં અરવિંદ કેજરીવાલના નેતૃત્વ હેઠળના આપએ જગદીશ ચાવડાને મેદાનમાં ઉતાર્યા હતા. ૧૮૨ સભ્યોની ગુજરાત વિધાનસભામાં, ભાજપ પાસે ૧૬૧ ધારાસભ્યો છે, કૉંગ્રેસ પાસે ૧૨ અને આપ પાસે ચાર ધારાસભ્ય છે. એક બેઠક સમાજવાદી પાર્ટી પાસે છે, જ્યારે બે બેઠકો અપક્ષ ઉમેદવારો પાસે છે. આ ચૂંટણી માટે મતગણતરી ૨૩ જૂનના સવારથી શરૂ થશે અને તે જ દિવસે બપોર સુધીમાં પરિણામો જાહેર થઈ જશે.

## ભાજપ પર આચારસંહિતાના ઉલ્લંઘનનો કૉંગ્રેસે આરોપ લગાવ્યો

અમદાવાદઃ ગુજરાતમાં ગુરુવારે કડી અને વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણી માટે મતદાન થયું હતું. ગુજરાત કૉંગ્રેસના પ્રવક્તા મનિષ દોશીએ પત્રકાર પરિષદ યોજીને ભાજપ પર આચારસંહિતાના ઉલ્લંઘનનો ગંભીર આરોપ લગાવ્યો હતો. તેમજ કેન્દ્રીય ચૂંટણી પંચમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી.

મનિષ દોશીએ જણાવ્યું હતું કે, કડી વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપ દ્વારા મતદારોને લોભાવવા માટે ભોજન સમારંભોનું આયોજન કરવામાં આવ્યું હતું.. તેમણે આક્ષેપ કર્યો હતો કે, થોળ સહિતના ગામોમાં ભાજપના ઉમેદવારને મત આપવા આવતા મતદારો માટે ખાસ ભોજન સમારંભો ગોઠવવામાં આવ્યો હતો, જે આચારસંહિતાનો સીધો ભંગ છે.

કૉંગ્રેસ પ્રવક્તાએ વિસાવદર બેઠક પર પણ આચારસંહિતા ભંગનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, વિસાવદરમાં ભાજપના ઉમેદવાર કમળના ચિન્હ સાથે મતદાન મથકમાં પ્રવેશ્યા હતા, જે નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. આ અંગે પણ કૉંગ્રેસ દ્વારા ચૂંટણી પંચમાં ફરિયાદ કરવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું હતું.

કૉંગ્રેસે એ મુદ્દે પણ નારાજગી વ્યક્ત કરી હતી કે, ભાજપના આગેવાનોને વિધાનસભા વિસ્તારમાં રહેવાની છૂટ આપવામાં આવી હતી, જ્યારે કૉંગ્રેસના આગેવાનોને બહાર કાઢી મૂકવામાં આવ્યા હતા. આ ભેદભાવભરી નીતિ સામે પણ કૉંગ્રેસે સવાલ ઉઠાવ્યા હતા.

## અમેરિકાએ વિદેશી વિદ્યાર્થીઓ માટેની વિઝા પ્રક્રિયા ફરી શરૂ કરી

વૉશિંગ્ટનઃ અમેરિકાએ વિદેશી વિદ્યાર્થીઓ માટેની વિઝા પ્રક્રિયા ફરી શરૂ કરી છે, પરંતુ એ માટે અરજકર્તા વિદેશી વિદ્યાર્થીઓએ તેમનું સોશિયલ મીડિયા અકાઉન્ટ સરકારી સમીક્ષા માટે અનલૉક કરવાનું રહેશે, એમ અમેરિકાના વિદેશ ખાતાએ બુધવારે કહ્યું હતું.

સંબંધિત અધિકારીઓ અમેરિકા, અમેરિકાની સરકાર, સંસ્કૃતિ, સંસ્થા કે ભંડોળ પૂરું પાડવાના નિયમો વિરોધી મૅસેજ કે પૉસ્ટને શોધી કાઢી તેની સમીક્ષા કરશે.

બુધવારે બહાર પાડવામાં આવેલી નોટિસમાં જણાવ્યાનુસાર મે મહિનામાં સસ્પેન્ડ કરવામાં આવેલી સ્ટૂડન્સ વિઝાની પ્રક્રિયા અમે ફરી શરૂ કરી રહ્યા છીએ, પરંતુ જે વિદ્યાર્થી તેનું સોશિયલ મીડિયા અકાઉન્ટ જાહેર નહીં કરે અને તેની સમીક્ષા કરવાની પરવાનગી નહીં આપે, તેની અરજી નકારી કાઢવામાં આવશે.

સોશિયલ મીડિયા અકાઉન્ટ જાહેર નહીં કરનાર અને તેની સમીક્ષા કરવાની પરવાનગી નહીં આપનાર વિદ્યાર્થી તેની ઑનલાઈન ઍક્ટિવિટી છુપાવવા માગતો હોવાનું તેમ જ સરકારી નિયમોનું પાલન કરવાનું ટાળવાની કોશીશ કરી રહ્યો હોવાનું માની લેવામાં આવશે.

ટ્રમ્પ વહીવટીતંત્રએ અમેરિકામાં અભ્યાસ કરવાની ઈચ્છા ધરાવતા વિદેશી વિદ્યાર્થીઓના નવા વિઝા ઈન્ટરવ્યૂ ગયા મહિને કામચલાઉ ધોરણે રદ કર્યા હતા. ટ્રમ્પ વહીવટીતંત્ર આ નિર્ણય પાછો ખેંચી લે તેની વિશ્વભરના વિદ્યાર્થીઓ આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા.

જે કૉલેજ કે યુનિવર્સિટીઓમાં વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫ ટકા કરતાં ઓછી હોય તેવા વિદ્યાર્થીઓના વિઝા ઈન્ટરવ્યૂને પ્રાથમિકતા આપવાનું એલચી કચેરીને જણાવી દેવામાં આવ્યું છે, એમ અમેરિકાના વિદેશ ખાતાએ જણાવ્યું હતું. અમેરિકા આવતી તમામ વ્યક્તિની યોગ્ય અને પૂરતી ચકાસણી થાય તેની ખાતરી કરવામાં આવશે, એમ વિદેશ ખાતાએ કહ્યું હતું. (એજન્સી)

## ઈરાનસ્થિત ભારતીય વિદ્યાર્થીઓનું સ્વદેશાગમન

નવી દિલ્હીઃ યુદ્ધગ્રસ્ત ઈરાનમાંથી ૧૦૦ કરતાં વધુ ભારતીય વિદ્યાર્થીઓને આર્મેનિયા ખસેડાયા બાદ ગુરુવારે વિમાન મારફતે તેમને ભારત લાવવામાં આવ્યા હતા. ૧૧૦ વિદ્યાર્થીઓ સાથેના આ વિમાને ગુરુવારે દિલ્હી ઍરપોર્ટ પર ઉતરાણ કર્યું હતું.

દિલ્હી પહોંચેલા આ વિદ્યાર્થીઓએ ઈરાનમાં તેમના માટે સર્જાયેલી કટોકટીપૂર્ણ સ્થિતિને યાદ કરી હતી.

ઈરાન અને ઈઝરાયલ વચ્ચેનું યુદ્ધ વધુ ઉગ્ર બનતાં તહેરાનસ્થિત ભારતીય વિદ્યાર્થીઓને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા અને 'ઑપરેશન સિંધુ' અંતર્ગત ભારતીય એલચી કચેરી દ્વારા મંગળવારે કરવામાં આવેલી વ્યવસ્થા મારફતે તેમાંથી ૧૧૦ વિદ્યાર્થી સરહદ પાર કરીને આર્મેનિયા પહોંચ્યા હતા.

રાજ્ય કક્ષાના વિદેશી બાબતોના પ્રધાન કીર્તિ વર્ધન સિંહે કહ્યું હતું કે વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવી રહ્યા છે. આપણાં વિમાનો તૈયાર છે અને ગુરુવારે વધુ વિમાનો મોકલવામાં આવશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે તુર્કમેનિસ્તાનમાંથી પણ અમુક લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવી રહ્યા છે. ભારતીય એલચી કચેરી દ્વારા ૨૪x૭ હૅલ્પલાઈન પણ શરૂ કરવામાં આવી છે. ભારતીય નાગરિકોને સ્વદેશ પરત લાવવા વધુ વિમાન મોકલવામાં આવશે. સહકાર અને મદદ બદલ આર્મેનિયા અને તુર્કમેનિસ્તાનની સરકારનો તેમણે આભાર માન્યો હતો.

ઈરાનમાંથી સૌપ્રથમ અમને ભારત લાવવામાં આવ્યા છે એમ જણાવતાં એક વિદ્યાર્થીએ કહ્યું હતું કે ઈરાનમાં પરિસ્થિતિ ખૂબ જ ગંભીર અને ડરામણી છે. અમને સુરક્ષિત રીતે પાછા લાવવા ભારત સરકાર અને ભારતીય એલચી કચેરીએ ખૂબ જ ઝડપી કાર્યવાહી કરી હતી. એ બદલ અમે તેમનો આભાર માનીએ છીએ. (એજન્સી)

### ઈરાનથી આવેલા વિદ્યાર્થીઓને ડિલક્સ બસમાં કાશ્મીર લાવવામાં આવશેઃ ઓમર અબ્દુલ્લા

શ્રીનગરઃ યુદ્ધગ્રસ્ત ઈરાનથી ભારત લાવવામાં આવેલા વિદ્યાર્થીઓને દિલ્હીથી ડિલક્સ બસમાં જમ્મુ-કાશ્મીર લાવવામાં આવશે, એમ જમ્મુ-કાશ્મીરના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ ગુરુવારે કહ્યું હતું. ભારત લાવવામાં આવેલા ૧૧૦ વિદ્યાર્થીમાંથી ૯૦ જમ્મુ-કાશ્મીરના હોવાનું તેમણે કહ્યું હતું. આ વિદ્યાર્થીઓને દિલ્હીથી કાશ્મીર લાવવા જમ્મુ-કાશ્મીર રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનને ડિલક્સ બસની વ્યવસ્થા કરવાનો આદેશ આપી દેવામાં આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું.

## લેહમાં દેશની પહેલી હાઈડ્રોજન બસ સેવા શરૂ

સુરેશ એસ ડુગ્ગર




જમ્મુ : ગ્રીન એનર્જીની દિશામાં ઐતિહાસિક પગલું ભરતા કેન્દ્રશાસિત પ્રદેશ લદાખમાં દુનિયાની મોટામાં મોટી ઊંચાઈએ ભારતની હાઈડ્રોજન ઈંધણથી ચાલતી પ્રથમ બસ સેવાની સત્તાવાર શરૂઆત થઈ હતી. લેહના પાલમ ક્ષેત્રમાં એનટીપીસી ગ્રીન મોબિલિટી સ્ટેશનમાં યોજાયેલા એક ઔપચારિક સમારોહમાં સિડકોએ કેન્દ્રશાસિત પ્રદેશ લદાખને હાઈડ્રોજનથી ચાલતી પાંચ બસ આપી હતી આ એક માઈલ સ્ટોન છે અને આ સાથે હાઈડ્રોજન ફ્યુલ સેલ બસની પહેલી કમર્શિયલ સેવા લોન્ચ કરવામાં આવી. આ એક વૈશ્વિક બેન્ચમાર્ક પણ છે કારણ કે વિશ્વના સૌથી ઊંચાઈવાળા ક્ષેત્ર લેહમાં આ સેવા શરૂ કરવામાં આવી છે. બસને લોન્ચ કરવાના સમારોહમાં પરિવહન વિભાગના વહીવટી સચિવ ભૂપેશ ચૌધરી, લેહના વધારાના કમિશનર અને સિડકો તથા એનટીપીસીના અધિકારીઓ હાજર રહ્યા હતા. ચૌધરીએ બસને લીલી ઝંડી દેખાડયા બાદ હાઈડ્રોજન પ્લાન્ટનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે સાઈટ પર સ્થપાયેલી ઉત્પાદન, સંગ્રહ કરવાની ક્ષમતા અને વિતરણ સિસ્ટમ પણ જોઈ હતી. તેમણે એનટીપીસીની પહેલની સરાહના કરી હતી. આવી યોજના કાર્બનમુક્ત ક્ષેત્ર બનવાની દૃષ્ટિએ મહત્ત્વની છે. ત્યાર બાદ એનટીપીસીની ટીમે પ્રોજેક્ટના કાર્યાન્વિત થવા અંગે માહિતી મેળવવા યુટીના મુખ્ય સચિવ પવન કોટવાલની મુલાકાત લીધી હતી. મુખ્ય સચિવે આને મોટી સિદ્ધિ ગણાવતાં કહ્યું હતું કે આ પ્રકલ્પથી મળેલા જ્ઞાન અને પરિવહન વિઝનને લીધે દેશમાં આ પ્રકારના પ્રકલ્પનો ઢાંચો તૈયાર કરવો જોઈએ. એનટીપીસી અને લદાખ પ્રશાસન વચ્ચેના આ સાહસને વિશ્વના અક્ષય ઊર્જા રોડમેપમાં એક ગેમચેન્જર તરીકે જોવામાં આવે છે. ખાસ કરીને લદાખ જેવા સંવેદનશીલ અને વ્યૂહાત્મક સ્થળમાં શરૂ થયેલી સેવા સ્થાયી નવીનતા અને સ્વચ્છ ઊર્જામાં ભારતની પ્રતિબદ્ધતા બતાડે છે. લેહમાં હાઈડ્રોજન મોબિલિટી પ્રકલ્પ આખા ભારતમાં આવો ગ્રીન પ્રોજેક્ટ શરૂ કરવાની આશા જગાડે છે જેથી ભારત હાઈડ્રોજન ઊર્જાના નકશામાં છવાઈ જાય.

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પ-મુનિરની મુલાકાત ભારત માટે સારો સંકેત નથી

**અમેરિકન** પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પે પાકિસ્તાનના આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનિરને વ્હાઈટ હાઉસમાં બોલાવીને જમાડ્યા અને બંને વચ્ચે બંધ દરવાજા પાછળ મુલાકાત થઈ એ ઘટનાએ વૈશ્વિક સ્તરે ખાસ્સી ચર્ચા જગાવી છે. અમેરિકા અને પાકિસ્તાનના સંબંધો વણસેલા છે ત્યારે અચાનક જ પાકિસ્તાનને અમેરિકા થાબડભાણાં કરવા માંડ્યું તેનું કારણ શું છે એ મુદ્દો ચર્ચામાં છે. આ પહેલાં ૨૦૦૧માં જનરલ પરવેઝ મુશર્રફ અમેરિકન રાષ્ટ્રપતિને મળેલા છેલ્લા પાકિસ્તાની લશ્કરી વડા હતા. મુશર્રફ એ વખતે પાકિસ્તાનના પ્રમુખ પણ હતા જ્યારે મુનિર પાકિસ્તાનના પ્રમુખ નથી છતાં ટ્રમ્પે તેમને નોંતર્યા એ મોટી વાત છે.

ઈરાન અને ઇઝરાયલ વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે. પાકિસ્તાન ઈરાનને પડખે ઊભું રહેશે અને ઈઝરાયલ સામેના યુદ્ધમાં સામેલ થશે એવી જોરદાર અટકળો ચાલી રહી છે ત્યારે જ આ બેઠક થઈ છે. તેના કારણે બંને વચ્ચેની મુલાકાતને ઈઝરાયલ-ઈરાન સાથે જોડવામાં આવી રહી છે.

એક શક્યતા એવી વ્યક્ત થઈ રહી છે કે, અમેરિકા પોતાને નહીં ગાંઠતા ઈરાનને ઠેકાણે પાડી દેવા માટે પાકિસ્તાનને ફરી પોતાના પડખામાં લઈ રહ્યું છે. ઈરાન અને પાકિસ્તાન પાડોશીઓ છે તેથી અમેરિકા પાકિસ્તાનમાં પગદંડો જમાવીને ઈરાનને પતાવી દેવા માગે છે.

બીજી વાત એવી પણ છે કે, ઈરાનના પરમાણુ રીએક્ટર્સનો ખાતમો કરીને પરમાણુ કાર્યક્રમને રોક્યા પછી કાયમ માટે ઈરાનના પરમાણુ કાર્યક્રમને તાળાં વાગી જાય એટલા માટે અમેરિકા ઈરાનની પરમાણુ બોમ્બ માટેની સામગ્રી પાકિસ્તાનમાં ખસેડવા માગે છે. ઈરાનના પાડોશી એવા અફઘાનિસ્તાન સહિતના બીજા દેશો સાથે પણ અમેરિકાને સારા સંબંધો છે પણ અમેરિકા તેમના પર ભરોસો કરી શકે તેમ નથી. પાકિસ્તાન પોતે પહેલા જ પરમાણુ રાષ્ટ્ર છે તેથી તેને ત્યાં પરમાણુ સામગ્રી મૂકીને અમેરિકાએ કશું ગુમાવવાનું નથી.

ત્રીજી એવી પણ શક્યતા વ્યક્ત થઈ રહી છે કે, પાકિસ્તાન ચીનના ખોળામાં જઈને બેઠું છે અને પાકિસ્તાનમાં થઈને ચીન પોતાનો વન રોડ વન બેલ્ટ પ્રોજેક્ટ પાર પાડી રહ્યું છે. અમેરિકા પાકિસ્તાન અને ચીન વચ્ચે ફાચર મારવા માગે છે કે જેથી ચીનનો આ પ્રોજેક્ટ લટકી જાય.

આ પ્રોજેક્ટના જોરે ચીન વિશ્વમાં કોઈ પણ ઠેકાણે સરળતાથી પોતાનો માલ મોકલી શકશે તેથી ચીનની આર્થિક તાકાત વધશે. અમેરિકાને ચીન કે દુનિયાનો બીજો કોઈ પણ દેશ આર્થિક રીતે તાકાતવર બનીને પોતાની સામે પડકાર ઊભો કરે એ પસંદ નથી તેથી પાકિસ્તાનની મદદથી ચીનને ફટકો મારવા માગે છે.

ટ્રમ્પે મુનિરને લંચ માટે નોતર્યા તેની પાછળનું સાચું કારણ શું એ આપણને ખબર નથી પણ પાકિસ્તાન અને અમેરિકા પાછાં નજીક આવે એ ભારત માટે કોઈ રીતે સારું નથી એ હકીકત છે. એક સમયે પાકિસ્તાન અમેરિકાનું બગલબચ્ચું હતું. આતંકવાદ સામેની લડતમાં પાકિસ્તાન તરફથી મળી રહેલા કહેવાતા સહકારનાં વખાણ કરીને પાકિસ્તાનનાં ઓવારણાં લેતાં અમેરિકા થાકતું નહોતું પણ આતંકવાદી ઓસામા બિન લાદેન પાકિસ્તાનમાં જ છુપાયેલો મળ્યો તેમાં પાકિસ્તાનનો અસલી ચહેરો દુનિયા સામે છતો થઈ ગયેલો.

અમેરિકાએ એ પછી પાકિસ્તાન સાથેના સંબંધો ઘટાડી નાખ્યા પણ એ પહેલાં પાકિસ્તાન લશ્કરે અમેરિકાનો ભરપૂર લાભ લીધેલો. આતંકવાદ સામે લડવાના બહાને અમેરિકા તરફથી મળતી મદદનો ઉપયોગ આતંકવાદને પોષવા માટે જ થતો હતો. અમેરિકા પાકિસ્તાનને ફરી પડખામાં લે તો પાછો એ જ ધંધો શરૂ થઈ જાય ને ભારત માટે ખરાબ દિવસો આવી જાય.

ભિખારી થઈ ગયેલું પાકિસ્તાન અત્યારે જ આપણને કનડવામાં કોઈ કસર છોડતું નથી તો અમેરિકા તેની સાથે હોય તો ફાટીને જાય એ જોતાં મુનિર અને ટ્રમ્પનો ભારત મિલાપ ભારત માટે સારાં એંધાણ નથી.

ટ્રમ્પ અને મુનિર બંને એકબીજાનાં વખાણ કરી રહ્યા છે અને તેના કારણે જાણે મળતા હોય એવું ચિત્ર ઊભું કરવા મથી રહ્યા છે પણ હકીકત કંઈક અલગ જ છે. મુનિરને મળતા પહેલાં ટ્રમ્પે મીડિયા સાથે વાત કરી ત્યારે કહેલું કે, મેં મુનિરને બોલાવ્યા છે કારણ કે હું ભારત સાથે યુદ્ધ ન કરવા બદલ તેમનો આભાર માનવા માગું છું. હું ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પણ આભાર માનવા માગુ છું કે જેઓ થોડા દિવસ પહેલા અહીંથી રવાના થયા હતા.

મુનિરને મળ્યા પછી ટ્રમ્પે એ જ રેકર્ડ દોહરાવીન વ્હાઇટ હાઉસના લોનમાં મીડિયા સાથે વાત કરતાં કહ્યું કે, આ માણસે પાકિસ્તાન તરફથી ભારત-પાકિસ્તાન યુદ્ધ રોકવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. સામે મુનિર પણ ટ્રમ્પના ભારત-પાકિસ્તાન યુદ્ધ પોતે રોકાવ્યું હોવાના જૂઠાણામાં સૂર પુરાવી રહ્યા છે ને ટ્રમ્પને શાંતિ માટેનું નોબલ પ્રાઈઝ મળવું જોઈએ એવી વાતો કરી રહ્યા છે. આડકતરી રીતે ટ્રમ્પ અને મુનિર બંને ભારતને ખોટું સાબિત કરીને એકબીજાના એજન્ડાને આગળ ધપાવી રહ્યા છે.

આ વાતો કરવા માટે બંને લંચ પર મળ્યા હોય એ વાતમાં માલ નથી કેમ કે ટ્રમ્પ અને મુનિરની મીટિંગ બંધ રૂમમાં થઈ હતી અને આ બેઠકમાં શું રંધાયું તેની સત્તાવાર રીતે કોઈ માહિતી અપાઈ નથી. ભારત માટે ચિંતાનો એક વિષય આ પણ છે. ટ્રમ્પ અને મુનિર વચ્ચેની ચર્ચાની વાતો અમેરિકાની સરકારના થોડાક લોકો પૂરતી મર્યાદિત રાખવામાં આવી છે. બંને વચ્ચે ખાનગી રાખવા જેવી શું વાતો થઈ તેની એ બંનેને જ ખબર પણ ભારત માટે આ શુભ સંકેત જરાય નથી.

ટ્રમ્પ અને મુનિર વચ્ચેની મુલાકાતના બીજા પણ કેટલાક સૂચિતાર્થ છે ને એ પણ સમજવા જરૂરી છે. મુનીરે મંગળવારે વોશિંગ્ટનમાં પાકિસ્તાની સમુદાયનાં લોકોને સંબોધિત કરતી વખતે કહ્યું હતું કે, ભારત પહલગામ હુમલા માટે પાકિસ્તાનને દોષિત ગણાવીને હુમલા કરી રહ્યા છે અને સરહદી કરારનું ઉલ્લંઘન કરી રહ્યું છે. અમે શહીદી વહોરી લઈશું પણ અપમાન સહન નહીં કરીએ.

મુનિર અમેરિકાની ધરતી પર ઊભા રહીને ભારતને બેફામ બોલે છે ને ટ્રમ્પ સરકાર ચૂપ છે એ પણ સૂચક છે. બીજું એ કે, પાકિસ્તાનના લશ્કરી શાસક મુનિરને મળીને રાષ્ટ્રપતિ ટ્રમ્પે આડકતરી રીતે સંકેત આપી દીધો છે કે, પાકિસ્તાનના વડા પ્રધાનપદે ભલે શાહબાઝ શરીફ હોય પણ વાસ્તવિક શાસક મુનિર છે. મુનિર ભારત વિરોધી માનસિકતા ધરાવે છે અને ટ્રમ્પ તેમને થાબડીને ભારતનું ભલું નથી જ કરી રહ્યા એ કહેવાની જરૂર નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ, શુક્રવાર, તા. ૨૦-૬-૨૦૨૫, પંચક સમાપ્તિ, ભદ્રા

- ભારતીય દિનાંક ૩૦, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જયેષ્ઠ વદ-૯
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ, તિથિ વદ-૯
- પારસી શહેનશાહી રોજ ૧૦મો આવા, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૦મો આવા, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૪મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- નક્ષત્ર રેવતી ૨૧-૪૪ સુધી, પછી અશ્વિની
- ચંદ્ર મીનમાં રાત્રે ક. ૨૧-૪૪ સુધી, પછી મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૩, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૬, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૭-૦૧, સાંજે ક. ૧૮-૪૨
- ઓટઃ બપોરે ક. ૧૨-૪૬, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૩૫ (તા. ૨૧)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, જયેષ્ઠ કૃષ્ણ-નવમી. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૦-૩૮. અમૃતસિદ્ધિ યોગ સૂર્યોદયથી ૨૧-૪૫, પંચક સમાપ્તિ રાત્રે ક. ૨૧-૪૫, સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષમાં, વાહન શિયાળ

- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, બુધ-શુક્ર ગ્રહદેવતાનું પૂજન, વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રીસુક્ત અભિષેક, અનુષ્ઠાન, પરદેશગમનનું પસતાનું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિકપૂજા, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, નવા વસ્રો, આભૂષણ, વાસણ, વાહન, હજામત, પશુ લે-વેંચ, ચંત્રારંભ, દસ્તાવેજ-દુકાન-વેપાર, માલ લેંવો, બી વાવવું, ધાન્ય ભરવું, પ્રયાણ શુભ દેવદર્શન, અન્નપ્રાશન, નામકરણ.
- આચમનઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ પીઠ પાછળ નિંદા કરે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય- મિથુન, મંગળ-સિંહ, બુધ-મિથુન, ગુરુ-મિથુન, શુક્ર-મેષ, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## વિધાનસભાની પાંચ બેઠક માટે પેટાચૂંટણી યોજાઇ

નવી દિલ્હીઃ દેશના ચાર રાજ્ય - ગુજરાત, પશ્ચિમ બંગાળ, કેરળ અને પંજાબ વિધાનસભાની કુલ પાંચ બેઠક માટે ગુરુવારે મતદાન યોજાયું હતું. તેનું પરિણામ ૨૩ જૂને જાહેર થશે.

ગુજરાતની વિસાવદર અને કડી બેઠક પર ભાજપ, કૉંગ્રેસ અને આમ આદમી પક્ષ (આપ) વચ્ચે ત્રિપાંખિયો જંગ હતો.

કેરળની નિલમ્બુર વિધાનસભા બેઠક પર એલડીએફ, યુડીએફ અને અપક્ષના ઉમેદવાર વચ્ચે બળાબળની સ્પર્ધા થઇ રહી છે.

પશ્ચિમ બંગાળની કાલીગંજ બેઠક પરથી અંદાજે ૭૦ ટકા મતદાન થયું હતું. અહીં માર્ક્સવાદી પક્ષ, કૉંગ્રેસ, ભાજપ અને તૃણમૂલ કૉંગ્રેસના ઉમેદવાર મુખ્ય હરીફ છે.

પંજાબના લુધિયાણા બેઠક પર પણ ગુરુવારે જ મતદાન યોજાયું હતું. ■

## ટ્રમ્પે આખરે ભારત-પાકિસ્તાનના નેતાઓને યુદ્ધ રોકવાનું શ્રેય આપ્યું

ન્યૂ યોર્ક / વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે વાઇટ હાઉસમાં બુધવારે પાકિસ્તાનના લશ્કરના વડા આસિમ મુનીર સાથે ભોજન કર્યા બાદ ઑવલ ઑફિસ ખાતે પત્રકારોને જણાવ્યું હતું કે ભારત અને પાકિસ્તાનના નેતાઓ 'બહુ જ હોશિયાર' છે અને તેઓએ જ યુદ્ધ અટકાવવાનો 'નિર્ણય' લીધો હતો. તેઓએ આ 'નિર્ણય' નહિ લીધો હોત, તો બન્ને પાડોશી દેશ વચ્ચે અણુયુદ્ધ થઇ શકત.

ટ્રમ્પે આ પહેલી વખત ભારત અને પાકિસ્તાન વચ્ચેનું યુદ્ધ રોકવા માટેનું શ્રેય પોતાને નહોતું આપ્યું.

ટ્રમ્પે જણાવ્યું હતું કે મને પાકિસ્તાનના લશ્કરના વડા આસિમ મુનીરને મળીને ઘણો આનંદ થયો છે.

શું તમે મુનીર સાથેની બેઠકમાં ઇરાનના મુદ્દે ચર્ચા કરી હતી? એવા સવાલના જવાબમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે તેઓ (પાકિસ્તાની નેતાઓ) ઇરાનને બહુ સારી રીતે ઓળખે છે અને તેઓ ઇરાનથી ખુશ નથી. તેઓ (પાકિસ્તાનના નેતાઓ) ઇઝરાયલ અંગે જ ખરાબ અભિપ્રાય ધરાવતા હોવાનું પણ નથી. તેઓ બન્ને દેશ (ઇરાન અને ઇઝરાયલ)ને ઓળખે છે, પરંતુ ઇરાનને વધુ સારી રીતે જાણે છે. પાકિસ્તાનના નેતાઓને (ઇરાન અને ઇઝરાયલની વચ્ચે) જે કંઇ ચાલી રહ્યું છે, તેની ખબર છે. મુનીર આ સંબંધમાં મારી સાથે સહમત હતા. અમેરિકાના પ્રમુખે જણાવ્યું હતું કે મેં પાકિસ્તાનના લશ્કરના વડાને ભારત સાથે યુદ્ધ નહિ કરવા બદલ આભાર માનવા બોલાવ્યા હતા. તમે જાણો છો કે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી થોડા સમય પહેલાં જ આ વિસ્તારમાંથી (કૅનેડાથી) જતા રહ્યા હતા. અમેરિકા દ્વારા ભારત અને પાકિસ્તાનની સાથે વેપાર અંગેના કરાર કરવા માટે સંમતિ સાધવા પ્રયાસ કરાઇ રહ્યા છે.ટ્રમ્પે જણાવ્યું હતું કે ભારત અને પાકિસ્તાનના નેતાઓ બહુ જ હોશિયાર છે. તેઓનો સ્ટાફ પણ બહુ જ હોશિયાર છે. (એજન્સી) ■

## મોદીની બિહાર મુલાકાતના એક દિવસ પહેલા પટનામાં ગોળીબાર, કોઇ જાનહાનિ નહીં

પટનાઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની બિહાર મુલાકાતના એક દિવસ પહેલા ગુરૂવારે બિહારના પાટનગર પટનામાં બે મોટરસાઇકલ સવાર બંદૂકધારીઓએ એક ઉચ્ચ સુરક્ષાવાળા વિસ્તારમાં ગોળીબાર કર્યો હતો. જ્યાં ઘણા પ્રધાનો, વિપક્ષના નેતા અને અમલદારોના સરકારી નિવાસસ્થાનો આવેલાં છે. આ જાણકારી પોલીસે આપી હતી.

સબ-ડિવિઝનલ પોલીસ અધિકારી(સચિવાલય-૧) અનુ કુમારીએ જણાવ્યું કે ગોળીબારની ઘટનામાં કોઇ જાનહાનિ થઇ નથી. બિહાર વિધાનસભામાં વિપક્ષના નેતા તેજસ્વી યાદવે બિહારમાં એનડીએ સરકારની ટીકા કરતાં ગુનેગારોને વહીવટ દ્વારા 'સંરક્ષિત' કરવામાં આવતા હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે જણાવ્યું કે માહિતી મળતાની સાથે જ એરપોર્ટ પોલીસ સ્ટેશનના કર્મચારીઓની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ત્યાંથી એક ફાયરિંગ કારતૂસ મળી આવ્યું હતું.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર બે મોટરસાઇકલ સવાર બદમાશોએ રાહુલ નામના સ્થાનિક વ્યક્તિ પર ગોળીબાર કર્યો અને ઘટનાસ્થળેથી ભાગી ગયા હતા. રાહુલને કોઇ ઇજા થઇ નથી.

એસડીપીઓએ જણાવ્યું કે ગોળીબારની ઘટના સવારે પોલો રોડ વિસ્તારમાં બની હતી. જ્યાં અનેક પ્રધાનો, યાદવ અને ટોચના અમલદારોના સરકારી નિવાસસ્થાન આવેલાં છે.

મુખ્ય પ્રધાન નીતિશ કુમારનું નિવાસસ્થાન અને રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાનનું ઘર પણ પોલો રોડ નજીક આવેલું છે. એસડીપીઓએ જણાવ્યું કે કેસ નોંધવામાં આવ્યો છે અને મામલાની તપાસ કરવામાં આવી રહી છે. બદમાશોની ધરપકડ માટે સર્ચ ઓપરેશન ચાલુ છે.

આ ઘટના પર પ્રતિક્રિયા આપતા યાદવે એક્સ પર જણાવ્યું કે આજે મારા નિવાસસ્થાનની બહાર ગોળીબાર થયો હતો. એનડીએ શાસિત બિહારમાં સરકાર દ્વારા સંરક્ષિત ગુનેગારોનું મનોબળ એટલું ઊંચું છે કે તેઓ ઉચ્ચ સુરક્ષાવાળા વિસ્તારોમાં ખલ્લેઆમ ફરી રહ્યા છે. તેઓ ગોળીબાર કરીને સ્થળ પરથી ભાગી ગયા હતા. તેમણે વધુમાં જણાવ્યું કે તેમ છતાં એનડીએના નેતાઓ તેને જંગલ રાજ નહીં કહે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી કાલે બિહાર આવી રહ્યા છે. તેથી 'ગોદી' મીડિયાએ સકારાત્મક છબી જાળવી રાખવી પડશે. ■

## વડા પ્રધાનની ઓડિશાની આજની મુલાકાતઃ સરકારી કચેરીમાં અડધા દિવસની રજા જાહેર થઈ

ભુવનેશ્વરઃ ઓડિશા સરકારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ૨૦ જૂનની મુલાકાતને લીધે થનારી ટ્રાફિક્ની ભીડને ધ્યાનમાં રાખીને બધી જ સરકારી કચેરીમાં, મહેસૂલ અને એક્સિક્યુટિવ મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજા જાહેર કરી છે. મહેસૂલ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટે બહાર પાડેલા જાહેરનામા પ્રમાણે વડા પ્રધાન રાજ્યમાં મોહન ચરણ માંઝીની આગેવાની હેઠળની ભાજપ સરકારની પહેલી વર્ષગાંઠના સમારોહમાં રાજ્યની રાજધાનીની મુલાકાત લેવાના છે. જાહેરનામામાં જણાવ્યું હતું કે ૨૦ જૂનના ઉત્તરાર્ધમાં બધી સરકારી કચેરીઓ અને ભુવનેશ્વર મ્યુનિસિપલની હદમાં આવેલી કોર્ટ બંધ રહેશે,

અગાઉ રાજ્ય સરકારે વડા પ્રધાનની ૨૦ જૂનની રાજ્યની મુલાકાતને ધ્યાનમાં રાખીને બુધવારે બધી સરકારી કચેરી, સરકારી, અનુદાનિત અને ખાનગી સ્કૂલો બંધ રાખવાની જાહેરાત કરી છે. દરમિયાન મુખ્ય પ્રધાન મોહન ચરણે ગુરુવારે રાજ્ય. સરકારની પ્રથમ વર્ષની જયાં ઉજવણી થવાની છે તે જનતા મેદાનની મુલાકાત લીધી હતી. ■

## ઝારખંડમાં વરસાદને લીધે ચારનાં મોત

રાંચીઃ ઝારખંડમાં ભારે વરસાદને કારણે ત્રણ જગ્યાએ સ્કૂલના બે બાળક અને એક ૧૦ વર્ષની બાળકી સહિત ચાર લોકોના મોત થયાં છે, ઉપરાંત અનેક જિલ્લાઓમાં માળખાગત સુવિધાઓને નુકસાન થયું છે, એમ અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું.રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદ ચાલુ રહેતાં, વિવિધ જિલ્લાઓમાં બે કાચાં મકાનો, એક પુલ, એક ત્યજી દેવાયેલી રહેણાંક ઇમારત અને એરપોર્ટની દીવાલનો એક ભાગ ધરાશાયી થયો હતો. આ ઘટનાઓમાં કોઈ જાનહાનિ થઈ નથી.

ગુરુવારે ખૂંટી જિલ્લામાં એક બાંધકામ હેઠળના કૂવાના કાટમાળ નીચેથી નવ અને દસ વર્ષના બે છોકરાઓના મૃતદેહ મળી આવ્યા હતા, જે ત્યાં ફસાયાના ૨૨ કલાકથી વધુ સમય પછી બહાર કાઢવામાં આવ્યા હતા.મુર્હુ પોલીસ સ્ટેશન હદમાં મુર્હુ પંચાયતમાં બુધવારે બપોરે બે વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી, જ્યારે બાળકો ભારે વરસાદને કારણે કૂવા પાસે રમી રહ્યાં હતાં. ■



**મંત્રણાઃ** નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂની સાથે મંત્રણા કરતા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ. (પીટીઆઇ)

ઠગ લાઈફ

## માત્ર કોઈની લાગણી દુભાય એ કારણસર ફિલ્મ, સ્ટેન્ડ અપ કોમેડીને રોકી ન શકાયઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ માત્ર કોઈની લાગણી દુભાય એ કારણસર ફિલ્મ, સ્ટેન્ડ અપ કોમેડી કે કવિતાનું પઠન રોકી ન શકાય એમ જણાવી સુપ્રીમ કોર્ટે રાજ્યમાં કમલ હાસન અભિનીત ફિલ્મ 'ઠગ લાઈફ'ની રિલીઝ આડે અવરોધ ઊભી કરી રહેલા લોકો વિરુદ્ધ કાર્યવાહી કરવાનો કર્ણાટક સરકારને ગુરુવારે આદેશ આપ્યો હતો.

ન્યાયાધીશ ઉજ્જલ ભૂયાલ અને મનમોહનની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે ભારતમાં લોકોની લાગણી દુભાવાનો કોઈ અંત નથી. સ્ટેન્ડઅપ કોમેડીમાં કંઈ કહેવામાં આવે તો લોકોની લાગણી દુભાય છે અને લોકો તોડફોડ તેમ જ વિરોધ પ્રદર્શન કરવા માંડે છે. આપણે કઈ દિશામાં જઈ રહ્યા છીએ? શું એનો મતલબ એમ કે વિરોધને કારણે ફિલ્મ, સ્ટેન્ડ અપ કોમેડી કે કવિતાનાં પઠનને રોકી દેવાં?

ત્યાર બાદ સુપ્રીમ કોર્ટે ફિલ્મને રિલીઝ કરવા તમામ સુરક્ષા પૂરી પાડવામાં આવશે એવી ખાતરી આપતું કર્ણાટક સરકારનું નિવેદન નોંધ્યું હતું.

ફિલ્મની રિલીઝનો માર્ગ મોકળો કરતું સોગંદનામું રાજ્ય સરકારે દાખલ કર્યું હોવાનું જણાવતાં ખંડપીઠે કહ્યું હતું કે આ કેસ અહીં જ બંધ કરી દેવામાં આવે તે ન્યાયના હિતમાં છે.

આ મામલે માર્ગદર્શિકા જાહેર કરવી કે કોઈ રકમ ચૂકવવા જણાવવું એ અયોગ્ય હશે એમ જણાવી કોર્ટે ફિલ્મની રિલીઝ આડે અવરોધ ઊભો કરનારાંઓ તેમ જ હિંસા કે વિરોધ કરનારા વિરુદ્ધ ક્રિમિનલ ઍન્ડ સિવિલ લૉ અંતર્ગત ઝડપી કાર્યવાહી કરવાનો રાજ્ય સરકારને આદેશ આપ્યો હતો.

કન્નડ ભાષાનો જન્મ તમિળમાંથી થયો હોવાની કરેલી ટિપ્પણી બદલ કમલ હાસને માફી માગવી જોઈએ એ પ્રકારની કર્ણાટક ફિલ્મ ચેમ્બર ઑફ કોમર્સ (કેએફસીસી) દ્વારા કરવામાં આવેલી માગણી સામે પણ કોર્ટે સવાલ ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે અમે એમ થવા દઈ શકીએ નહીં. (એજન્સી)

## કેરળમાં 'ભારત માતા'ને મુદ્દે રાજ્યપાલ અને પ્રધાન વચ્ચે વિવાદ

તિરુવનંતપુરમઃ કેરળના રાજભવનમાં રાજ્યપાલની અધ્યક્ષતામાં યોજાયેલા એક કાર્યક્રમમાં 'ભારત માતા'ની રખાયેલી પ્રતિમાના વિરોધમાં રાજ્યના શિક્ષણ પ્રધાન કાર્યક્રમ છોડીને અધવચ નીકળી જતાં વિવાદ ઊભો થયો હતો.

કેરળના શિક્ષણ પ્રધાન વી. શિવકુટ્ટીએ આક્ષેપ કર્યો હતો કે રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકરની અધ્યક્ષતામાં રાજભવનમાં યોજાયેલા કાર્યક્રમમાં 'ભારત માતા'ની પ્રતિમા રાખીને આ પ્રૉગ્રામને રાજકીય રંગ આપવા પ્રયાસ કરાયો હોવાથી તેના વિરોધમાં હું કાર્યક્રમ અધવચ છોડીને જતો રહ્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) પોતાના કાર્યક્રમમાં 'ભારત માતા'ની પ્રતિમા રાખે છે અને આ સંગઠન હિંદુત્વવાદી છે. દરેક નાગરિકનો બંધારણ અને લોકતાંત્રિક નિયમોનું રક્ષણ કરવાનો અધિકાર છે. રાજ્યપાલે રાજ્યના પ્રધાનોની સલાહ મુજબ કામ કરવાનું હોય છે. રાજ્યપાલે નિષ્પક્ષ - તટસ્થ રહેવાનું હોય છે અને તેઓના જાહેર કાર્યક્રમમાં હિંદુત્વ તરફી કે કોઇ અન્ય ધર્મને લગતા પ્રતીક રાખી ન શકાય. હું આ મુદ્દે મારો વિરોધ વ્યક્ત કરવા માટે કાર્યક્રમ અધવચ છોડીને જતો રહ્યો હતો.

રાજભવને સામો આક્ષેપ કર્યો હતો કે રાજ્યના પ્રધાને રાજ્યપાલના ચાલુ કાર્યક્રમને અધવચ છોડી જઇને રાજ્યપાલનું અપમાન કર્યું હતું તેમ જ શિષ્ટાચારનો ભંગ કર્યો હતો. (એજન્સી)

## યુકેમાં ભારતીય ડોક્ટર-લેખિકાને પ્રથમ આઇજીએફ આર્ચર-અમીશ એવોર્ડ એનાયત

લંડન : યુકેના સંસ્કૃતિ સચિવ, લિસા નંદીએ બેસ્ટ સેલિંગ લેખકો લોર્ડ જેફરી આર્ચર અને અમીશ ત્રિપાઠીના નામ પરથી, ૨૫૦૦૦ ડૉલરનો આઇજીએફ આર્ચર-અમીશ એવોર્ડ ફોર સ્ટોરીટેલર્સ, ડોક્ટર-લેખિકા શાલિની મુલિકને તેમની નવલકથા 'ધ વે હોમ' માટે અર્પણ કર્યો હતો.

મુલિકની નવલકથા, જે ગોવામાં આશ્રય મેળવતા ત્રણ સહસ્ત્રાબ્દીઓની વાર્તા કહે છે, જે વ્યક્તિગત રાક્ષસોને શોધે છે, તેને દુઃખ, ઓળખ અને ઉપચારના તેના ગતિશીલ અને સંબંધિત શોધ માટે ઉત્કૃષ્ટ કાર્ય તરીકે પસંદ કરવામાં આવી હતી.

બુધવારે લંડનમાં ઇન્ડિયા ગ્લોબલ ફોરમ (આઇજીએફ) યુકે-ઇન્ડિયા વીકમાં એવોર્ડ રજૂ કરતા, નંદીએ એવોર્ડના વ્યાપક સાંસ્કૃતિક મહત્ત્વ અને ભારત અને યુકે વચ્ચેના સહિયારાં બંધનો પર ભાર મૂક્યો હતો.

''લોકોથી લોકો સુધીના જોડાણો અમારા માટે અતિ મહત્ત્વપૂર્ણ છે,'' એમ સંસ્કૃતિ, મીડિયા અને રમતગમત માટેના બ્રિટિશ ભારતીય રાજ્ય સચિવ નંદીએ કહ્યું.

''વૈશ્વિક સ્તરે, આપણે આપણી જાતને વિભાજિત કરવાના અનેક રસ્તાઓ શોધી રહ્યા છીએ. દુનિયા તૂટી રહી છે અને ધ્રુવીકરણ પામી રહી છે, અને એવી સરકારોની ખૂબ જરૂર છે જે આ અવરોધોને પાર કરવામાં આગેવાની લે. પીએમ નરેન્દ્ર મોદી અને પીએમ કીર સ્ટાર્મરે આ માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે,'' એમ એમણે કહ્યું હતું.

''એક લેખિકા તરીકે, હું સંપૂર્ણપણે અવાચક છું,'' એમ મુલિકે કહ્યું, જે શ્વસન રોગવિજ્ઞાનમાં નિષ્ણાત ડોક્ટર છે અને વ્યસ્ત દૈનિક યાદી વચ્ચે લખવા માટે સમય કાઢે છે.

''હું રોમાંચિત, અભિભૂત અને અત્યંત નમ્ર છું. આ પુરસ્કાર મને થોડો સમય કાઢીને મારું આગામી પુસ્તક લખવા માટે પ્રોત્સાહિત કરવાની મંજૂરી આપશે. તે મને લેખનને ફક્ત એક શોખથી આગળ વધારવામાં મદદ કરશે, જેના માટે મારે તે સવારે એક કલાક ચોરી કરવો પડે છે અને હું તેને જેટલો સમય આપવા માગુ છું તેટલો સમય આપી શકું છું,'' એમ મુલિકે કહ્યું.

# જીઓપોલિટિકલ ટેન્શનના દબાણ નીચે દબાયેલા બજારમાં સતત ત્રીજા સત્રમાં પણ નિરસ હવામાન યથાવત્

મુંબઈઃ યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજદર યથાવત્ રાખવા સાથે આક્રમક વલણ અને સાવચેતીના સંકેતો તથા મધ્ય પૂર્વના સતત ચાલુ રહેલા સંઘર્ષ વચ્ચે સેન્ટિમેન્ટ ડહોળાયેલું રહ્યું હોવાથી શેરબજારમાં નરમાઇનો માહોલ યથાવત રહ્યો હતો. ખાસ કરીને મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં ભારે વેચવાલી જોવા મળી હતી. સેન્સેક્સ ૮૨.૭૯ પોઈન્ટ અથવા ૦.૧ ટકા ઘટીને ૮૧,૩૬૧.૮૭ના સ્તરે, નિફ્ટી ૧૮.૮ પોઈન્ટ અથવા ૦.૦૮ ટકા ઘટીને ૨૪,૭૯૩.૨૫ની સપાટીએ બંધ થયો હતો.

ખાસ કરીને આઇટી અને ફાઇનાન્શિયલ સેકટર્સમાં વેચવાલીનું દબાણ વધુ રહ્યું હતું. સેન્સેક્સના શેરોમાં અદાણી પોર્ટસ, બજાજ ફાઇનાન્સ, ટેક મહિન્દ્રા, ઇન્ડસઇન્ડ બેન્ક, નેસ્લે અને ટાટા સ્ટીલ સહિતના શેર ટોપ લુઝર્સ શેરોની યાદીમાં હતા. જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ટાઇટન, લાર્સન એન્ડ ટૂબ્રો, એરટેલ તથા મારુતિ સુઝુકી ટોપ ગેઇનરમાં સામેલ હતા.

ભારતના પ્રાઇમરી માર્કેટમાં ફરી હલચલ જામી છે. આ સપ્તાહમાં ચાર કંપની મૂડીબજારમાંથી કુલ રૂ. ૧૫,૦૦૦ કરોડ એકત્ર કરવાનું લક્ષ્ય ધરાવે છે. કલ્પતરુ લિમિટેડ રૂ. ૧,૫૯૦ કરોડનું જાહેર ભરણું બુકબિલ્ડિંગ પદ્ધતિ સાથે લાવી રહી છે, જેનું સબ્સ્ક્રિપ્શન ૨૪ જૂનના રોજ ખુલશે અને ૨૬ જૂનના રોજ બંધ થશે. શેરની ફાળવણી શુક્રવાર, ૨૭ જૂને અને લિસ્ટિંગ બીએસઇ તથા એનએસઇ પર પહેલી જુલાઇએ થવાની અપેક્ષા છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૩૮૭થી રૂ. ૪૧૪ પ્રતિ શેર અને અરજી માટે મિનિમમ લોટ સાઈઝ ૩૬ શેર છે. એ જ રીતે, એલેનબેરી ઇન્ડસ્ટ્રીયલ ગેસીસનો રૂ. ૮૫૨.૫૩ કરોડનો બુકબિલ્ડિંગ ઇશ્યૂ લાવી રહી છે. ભરણું ૨૪ જૂને સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૬ જૂને બંધ થશે. શેરની ફાળવણી ૨૭ જૂને અને બીએસઇ, એનએસઇ પર લિસ્ટિંગ પહેલી જુલાઈએ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૩૮૦થી રૂ. ૪૦૦ તથા અરજી માટે લઘુત્તમ લોટ સાઈઝ ૩૭ શેર છે.

આ ઉપરાંત ગ્લોબ સિવિલ પ્રોજેક્ટ્સ, એચડીબી ફાઇનાન્શિયલ સર્વિસિસ પણ બજારમાં પ્રવેશી રહી છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપની માયાશીલ વેન્ચર્સ લિમિટેડ ૨૦ જૂને આઇપીઓ લોન્ચ કરશે અને ૨૭ જૂન સુધીમાં એનએસઇ પર લિસ્ટિંગ થશે. આઇપીઓમાં રૂ. ૪૪થી ૪૭ની પ્રાઇસ બેન્ડ પર ૫૮.૦૫ લાખ ઇક્વિટી શેરનો ફ્રેશ ઇશ્યૂ સામેલ છે, જે કુલ રૂ. ૨૭,૨૮,૩૫,૦૦૦ થાય છે. લઘુત્તમ લોટ સાઈઝ ૩,૦૦૦ શેર છે.

ગ્લોબલ ઈમ્પોર્ટ-એક્સપોર્ટ ડેટા અનુસાર ભારતીય મૂળની વ્યક્તિઓ દ્વારા સ્થાપિત પોલેન્ડ સ્થિત તાજ ઈન્ડિયા ગ્રુપે નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે ફ્રૂટ ૫લ્પ અથવા ફ્રૂટ જ્યુસ આધારિત પીણાની શ્રેણીમાં ભારતની ટોચના ચાર જ્યુસ નિકાસકારોમાં સ્થાન હાંસલ કર્યું છે. કંપની ૧૨ મુખ્ય શહેર અને પાંચ મુખ્ય રાજ્યમાં હાજરી ધરાવે છે અને પ્રીમિયમ મસાલા અને સ્નેક્સ સહિત ૩૦૦ એસકેયુના કેટલોગ થકી ભારતમાં ૧૫ વધુ રાજ્ય અને ૩૦ વધુ શહેરોમાં વિસ્તરણ યોજના ધરાવે છે.

નિફ્ટીમાં ટાટા કન્ઝ્યુમર, આઇશર મોટર, એમ એન્ડ એમ, વિપ્રો, ડો. રેડ્ડીઝ લેબોરેટરીઝ મુખ્ય વધનારા શેરોની યાદીમાં હતા, જ્યારે અદાણી પોર્ટ્સ, બજાજ ફાઇનાન્સ, શ્રીરામ ફાઇનાન્સ, ટેક મહિન્દ્રા અને અદાણી એન્ટરપ્રાઇઝિસ ટોચના ઘટનારા શેરોની યાદીમાં હતાં. ઓટો સિવાય, અન્ય તમામ ક્ષેત્રોના ઇન્ડેક્સમાં ઘટાડો જોવા મળ્યો હતો. આઇટી, મીડિયા, મેટલ, રિયલ્ટી, ઓઇલ અને ગેસ, ફાર્મા, ટેલિકોમ અને પીએસયુ બેંકમાં અડધાથી બે ટકા જેટલો ઘટાડો જોવા મળ્યો હતો.

યુએસએફડીએએ અમદાવાદ સુવિધા માટે બે ઓબ્ઝર્વેશન જારી કર્યા હોવાથી ઝાયડસ લાઇફના શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો. ઇએફએસએ સ્મોલ ફાઇનાન્સ બેંકના બોર્ડે એઆરસીને રૂ. ૭૩૫ કરોડની બેડ લોન વેચવાની મંજૂરી આપી હોવાથછી તેના શેરમાં સુધારો હતો, એમટીએઆપ ટેક્નોલોજીસમાં વેધરફોર્ડ સાથે ૧૦ વર્ષનો કરાર કર્યા પછી રિબાઉન્ડ જોવા મળ્યું હતું.

બીએસઇ પર ૮૦ શેર તેમના બાવન સપ્તાહના ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યા હતા, જેમાં એક્સિસકેડ્સ ટેક્નોલોજીસ, જીઆરએમ ઓવરસીઝ, સ્ટીલ સ્ટ્રીપ્સ વ્હીલ, મુથૂટ ફાઇનાન્સ, એયુ સ્મોલ ફાઇનાન્સ બેંક, વગેરેનો સમાવેશ થાય છે. અમેરિકા સ્થિત વોલમાર્ટ તેના સપ્લાયર ડેવલપમેન્ટ પ્રોગ્રામ, વોલમાર્ટ વૃદ્ધિ હેઠળ આગામી ત્રણ વર્ષમાં એક લાખથી વધુ એમએસએમઇને સાંકળી લેવાની યોજના ધરાવે છે.

વૈશ્વિક બજારોમાં મિશ્ર અને નરમાઇનો માહોલ રહ્યો હતો. બજારના નિરિક્ષકે કહ્યું હતું કે, બેન્ચમાર્ક ઇન્ડેક્સમાં મજબૂતાઈ બજારના મૂળ વલણને પ્રતિબિંબિત કરતી નથી, કારણ કે વિવિધ સેકટરર્સ અને વ્યાપક બજારમાં ધીમે ધીમે પ્રોફિટ બુકિંગ જોવા મળી રહ્યું છે. ભૂ-રાજકીય તણાવને કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો થઈ રહ્યો છે, જો ક્રૂડ ઓઇલ ૮૦ ડોલર પ્રતિ બેરલની ઉપર સતત આગળ વધે તો વધુ પરિસ્થિતિ વધુ કથળવાની શક્યતા છે.

સતત વધી રહેલા ભૂ-રાજકીય તણાવ અને ક્રૂડ ઓઇલના ઊંચા ભાવને કારણે ફુગાવો વધવા અંગેની ચિંતાને કારણે વેચવાલીનું દબાણ વધ્યું હતું. આ ઉપરાંત ઇરાને ક્રૂડની વૈશ્વિક સપ્લાઇમાં નોંધપાત્ર ભૂમિકા ભજવનાર હોર્મસની સામુદ્રધુનીનો માર્ગ બંધ કરવાની ધમકી આપ્યા બાદ વૈશ્વિક ક્રૂડ ઓઇલના ભાવના સંભવિત વધારાની આશંકા વચ્ચે રોકાણકારો મોટા લેણ ટાળવાનું વલણ અપનાવી રહ્યા છે. ક્રૂડ ઓઇલના વધતા ભાવ ભારતમાં ફુગાવાની ચિંતામાં વધારો કરી રહ્યા છે. નોંધવું રહ્યું કે ભારત વિશ્વનો બીજો સૌથી મોટો ક્રૂડ ઓઇલ આયાતકાર છે, જેના કારણે બજારમાં નકારાત્મક મૂડ પણ વધ્યો છે. મધ્યપૂર્વમાં ચાલી રહેલા યુદ્ધને કારણે વિશ્વના ક્રૂડ ઓઇલના સૌથી મોટા નિકાસકાર ઇરાનની સપ્લાઇમાં ઘટાડો થવાની ભીતિને કારણે તાર્કિક રીતે આ જણસના ભાવમાં ભડકો થવાની ભીતિ ચર્ચાઇ રહી છે. ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટ દરમિયાનના પરિવહનમાં વિક્ષેપ ઊભો થશે તો ક્રૂડ ઓઇલના ભાવમાં મોટો ઉછાળો આવી શકે છે.

ઇઝરાયલ-ઈરાન સંઘર્ષ વ્યાપક પ્રાદેશિક યુદ્ધમાં ફેરવાય એવી શક્યતા વધી રહી છે. જો અમેરિકા આ યુદ્ધમાં પ્રત્યક્ષ સંડોવણીથી અલગ રહે અને સંઘર્ષ મર્યાદિત રહેશે, તો બજાર આગળ વધશે અને મૂળભૂત આર્થિક બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરશે. ટોચના માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, પાછલા કેટલાક વર્ષોમાં આપણે આ પેટર્ન જોઈ છે. જો અન્ય દેશ પણ યુદ્ધમાં જોડાશે તો મોટા યુદ્ધના ભય વચ્ચે બજારનું મોરલ ખખડી જશે અને ઇક્વિટી એસેટમાં વ્યાપક ધોવાણ જોવા મળશે.

સાર્વત્રિક વેચવાલીના દબાણને કારણે સાર્વત્રિક નરમાઇ વચ્ચે સેકટરલ ઈન્ડેક્સમાં એકમાત્ર બીએસઈ ઓટો ઈન્ડેક્સ સુધારો જોવા મળ્યો હતો, સર્વિસીસ, રિયલ્ટી અને યુટિલિટીઝમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો હતો. માર્કેટ કેપમાં રૂ. ૩.૭૦ લાખ કરોડનો ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સની ૧૧ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૧૯ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૬૪ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૭૭ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૪૫ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૩.૧૮ ટકા ઘટ્યો હતો. એક્સચેન્જમાં ૪,૧૧૭ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૯૫૯ સ્ટોક્સ વધ્યા હતા, ૩,૦૧૮ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૪૦ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૭૩ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૭૯ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. સાત સ્ટોક્સને ઉપલી જ્યારે ૧૦ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

ગુરુવારે સેન્સેક્સ ગત બુધવારના ૮૧,૪૪૪.૬૬ના બંધથી ૮૨.૭૯ પોઈન્ટ્સ (૦.૧૦ ટકા) ઘટચો હતો. સેન્સેક્સ ૮૧,૪૦૩.૯૪ ખૂલીને ઊંચામાં ૮૧,૫૮૩.૯૪ સુધી અને નીચામાં ૮૧,૧૯૧.૦૪ સુધી જઈને અંતે ૮૧,૩૬૧.૮૭ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૪૬.૨૮ લાખ કરોડથી રૂ. ૩.૭૦ લાખ કરોડ ઘટીને રૂ. ૪૪૨.૫૮ લાખ કરોડ રહ્યું હતું.

સેકટરલ ઈન્ડાયસીસમાં એકમાત્ર બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૦.૪૨ ટકા વધ્યો હતો, જ્યારે અન્ય બધા ઈન્ડેક્સ ઘટ્યા હતા, જેમાં સર્વિસીસ ૧.૬૮ ટકા, રિયલ્ટી ૧.૬૩ ટકા, યુટિલિટીઝ ૧.૬૧ ટકા, પાવર ૧.૨૪ ટકા, મેટલ ૧.૧૮ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૧.૧૪ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૧ ટકા, ટેલિકોમ્યુનિકેશન અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૦૬ ટકા, કોમોડિટીઝ ૧.૦૫ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૯૫ ટકા, હેલ્થકેર ૦.૯૨ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૮૨ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૭૩ ટકા, એનર્જી ૦.૬૯ ટકા, ચેક ૦.૬૪ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૫૭ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૫૧ ટકા, એફએમસીજી ૦.૪૨ ટકા અને બેન્કેક્સ ૦.૩૧ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૬૯ ટકા, ટાઈટન ૦.૭૪ ટકા, લાર્સન ૦.૫૭ ટકા, ભારતી એરટેલ ૦.૫૬ ટકા, મારુતિ ૦.૪૫ ટકા ઈટર્નલ ૦.૩૬ ટકા તાતા મોટર્સ ૦.૩૧ ટકા, કોટક બેન્ક ૦.૩૧ ટકા, રિલાયન્સ ૦.૨૭ ટકા, આઈટીસી ૦.૦૫ ટકા અને એચડીએફસી બેન્ક ૦.૦૫ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે અદાણી પોર્ટ્સ ૨.૫૯ ટકા, બજાજ ફાઈનાન્સ ૨.૦૮ ટકા, ટેક મહિન્દ્ર ૧.૯૫ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૫૪ ટકા, નેસ્લે ૧.૨૮ ટકા, સ્સટેટ બેન્ક ૦.૮૯ ટકા ઈન્ફોસિસ ટેકનોલોજી ૦.૮૮ ટકા ટીસીએસ ૦.૮૧ ટકા અને તાતા સ્ટીલ ૦.૭૨ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૬૮.૧૧ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૮૮૦ સોદામાં ૧,૦૩૧ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૦,૦૪,૮૪૩ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ.૧૫,૧૯,૨૬૦.૩૬ કરોડનું રહ્યું હતું.

## ચાંદીમાં ઊંચા મથાળેથી ₹ ૨૦૨૯નું ગાબડું, સોનું ₹ ૧૯૩ નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઈઝરાયલ-ઈરાન વચ્ચે વધેલા ભૂરાજકીય તણાવ ઉપરાંત ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વે બે દિવસીય નીતિવિષયક બેઠકનાં અંતે અપેક્ષાનુસાર વ્યાજદર યથાવત્ રાખવાની સાથે વર્ષના અંત સુધીમાં વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટના ઘટાડાની શક્યતા વ્યક્ત કરતાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવમાં ઘટ્યા મથાળેથી ધીમો સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવમાં વધ્યા મથાળેથી ૧.૨ ટકા જેટલો કડાકો બોલાઈ ગયો હતો. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે ઓવરનાઈટ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલોને ધ્યાનમાં લેતા સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૯૨થી ૧૯૩નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૦૨૯નું ગાબડું પડ્યું હતું.

ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ચાંદીમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ હેઠળ ભાવ ઔંસદીઠ ૩૭ ડૉલરની અંદર ઊતરી ગયા હતા. તેમ જ આજે પણ ભાવમાં ૧.૨ ટકા જેટલો ઘટાડો આવી ગયો હોવાથી આજે સ્થાનિકમાં પણ સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી અને જ્વેલરી ઉત્પાદકોની નવી લેવાલીનો અભાવ રહેતાં વેરારહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે કિલોદીઠ રૂ. ૨૦૨૯ના ઘટાડા સાથે રૂ. ૧,૦૭,૩૮૩ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલોને ધ્યાનમાં લેતા ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું, જેમાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૯૨ ઘટીને રૂ. ૯૮,૮૬૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૯૩ ઘટીને રૂ. ૯૯,૨૬૧ના મથાળે રહ્યા હતા. જોકે, સ્ટોકિસ્ટો અને રોકાણકારો સહિત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના ઘટ્યા મથાળા સામે ૦.૨ ટકાના સાધારણ સુધારા સાથે ઔંસદીઠ ૩૩૭૪.૪૯ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા ઘટીને ૩૩૯૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૨ ટકાના કડાકા સાથે ઔંસદીઠ ૩૬.૩૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

## ડૉલર સામે રૂપિયામાં સતત ત્રીજા સત્રમાં ધોવાણઃ વધુ 30 પૈસા તૂટ્યો

મુંબઈઃ દરિયાપારની બજારોમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ ઉપરાંત બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં તેજીનું વલણ જળવાઈ રહેતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સતત ત્રીજા સત્રમાં ડૉલર સામે રૂપિયામાં ધોવાણ જળવાઈ રહેતાં વધુ ૩૦ પૈસા તૂટીને ૮૬.૭૩ની સપાટીએ બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર વૈશ્વિક સ્તરે ઈરાન-ઈઝરાયલ વચ્ચે વધેલા તણાવને પગલે ક્રૂડતેલના ભાવમાં તેજીનું વલણ ઉપરાંત ડૉલરમાં આયાતકારોની વ્યાપક માગ રહેતાં છેલ્લા ત્રણ સત્રમાં ડૉલર સામે રૂપિયો ૬૯ પૈસા ગબડી ગયો છે. વધુમાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટ પણ સાંકડી વધઘટે અથડાઈ જતાં રૂપિયો વધુ દબાણ હેઠળ રહ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૪૩ના બંધ સામે ૮૬.૫૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૮૯ અને ઉપરમાં ૮૬.૪૯ની રેન્જમાં અથડાઈને ગઈકાલના બંધ સામે ૩૦ પૈસા તૂટીને ૮૬.૭૩ની સપાટીએ બંધ રહ્યો હતો.

હાલમાં વૈશ્વિક સ્તરે મધ્યપૂર્વના દેશોમાં વધેલા ભૂરાજકીય તણાવને કારણે ડૉલર ઈન્ડેક્સ તથા ક્રૂડતેલના ભાવમાં મજબૂત વલણ રહેતા રૂપિયો વધુ દબાણ હેઠળ આવે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૬.૫૦થી ૮૭.૨૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

## ખાંડમાં સાંકડી વધઘટે ટકેલું વલણ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૭૩૦થી ૩૭૮૦માં થયા હોવાના ઓવરનાઈટ અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે હાજર બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીના અભાવ વચ્ચે રિટેલ સ્તરની તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીના અભાવ વચ્ચે રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૮૨થી ૩૯૫૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૪૨થી ૪૦૪૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૩૮૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૦થી ૩૯૧૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

# ગુજરાત

## ડીએનએ સેમ્પલ મેચનો કુલ આંક ૨૧૫ થયો, ૧૯૮ વ્યક્તિના પાર્થિવદેહ પરિવારને સોંપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં થયેલા પ્લેનક્રેશમાં મૃતકોના ડીએનએ સેમ્પલ મેચનો કુલ આંક ૨૧૫ એ પહોંચ્યો છે. જે પૈકી ૧૯૮ પાર્થિવ દેહ સંબંધિત પરિવારજનોને સન્માનપૂર્વક સોંપાયા હતા. ડીએનએ સેમ્પલ મેચ થયા તે ૧૯૮ મૃતકોમાં ૧૪૯ ભારતના નાગરિક હતા. જ્યારે સાત પોર્ટુગલના, ૩૨ બ્રિટિશ નાગરિક (યુકે), એક કેનેડિયન તેમજ નવ નોન પેસેન્જરનો સમાવેશ થાય છે. ૧૭ વ્યક્તિના કિસ્સામાં પરિવારના અન્ય લોકો પણ આ જ દુર્ઘટનાનો ભોગ બન્યા હોવાથી અન્ય વ્યક્તિઓના ડીએનએ સેમ્પલ મેચ થયા બાદ પાર્થિવદેહ સ્વીકારવા આવશે. અત્યાર સુધીમાં ડીએનએ મેચ થયા હોય તેવા મૃતદેહોમાં ઉદયપુર સાત, વડોદરા વીસ, ખેડા અગિયાર, અમદાવાદ ૫૮, ગાંધીનગર છ, મહેસાણા છ, બોટાદ એક, જોધપુર એક, અરવલ્લી બે, આણંદ વીસ અને ભરૂચ પાંચ, સુરત અગિયાર, પાટણ એક, મહારાષ્ટ્ર બે, દિવ ચૌદ, જૂનાગઢ એક, અમરેલી બે, ગીર સોમનાથ પાંચ, મહીસાગર એક, ભાવનગર એક, પટના એક, રાજકોટ ત્રણ, નડિયાદ એક, દ્વારકા બે, સાબરકાંઠા એક, નાગાલેન્ડ એક વ્યક્તિના પાર્થિવદેહ પરિવારને સોંપવામાં આવ્યા છે.

અત્યંત સંવેદનશીલ અને કાયદાકીય બાબતો પણ સંકળાયેલી હોવાથી આ પ્રક્રિયા ખૂબ જ ગંભીરતાપૂર્વક અને ઝડપથી પૂર્ણ કરવામાં આવી રહી છે.

## ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા પરંપરાગત રીતે જ નીકળશેઃ ૧૦૧ ટ્રક વિશેષ શણગારની સાથે ભાગ લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ૨૭ જૂનના રોજ ભગવાન જગન્નાથની રથયાત્રા નિકળશે. દેશની બીજા નંબરની સૌથી મોટી ભગવાન જગન્નાથની રથયાત્રાની શહેરીજનો કાગડોળે રાહ જોઈ રહ્યા છે. ચાલુ વર્ષે ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા માત્ર રથ અને પ્રસાદની ટ્રક સાથે નીકળે તેવી શક્યતા હોવાની વાત વચ્ચે મંદિર વહીવટી તંત્ર તરફથી સ્પષ્ટતા કરવામાં આવી છે કે દર વર્ષની જેમ પરંપરાગત રીતે જ રથયાત્રા નીકળશે. સાદગી પૂર્ણ રીતે રથયાત્રા નીકળે તેવી માત્ર વાતો હતી પરંતુ દર વર્ષની જેમ અખાડા, ભજન મંડળી અને શણગારેલી ટ્રકો વગેરે સાથે રથયાત્રા નીકળવાની છે. રાજ્ય સરકાર અને જમાલપુર જગન્નાથ મંદિરના ટ્રસ્ટીની સાથે રથયાત્રાની તૈયારીઓને લઈને બેઠક કરવામાં આવી હતી. જેમાં દર વર્ષની જેમ પરંપરાગત રીતે જ રથયાત્રા નીકળે છે તે મુજબનું આયોજન કરવામાં આવ્યું છે.

જમાલપુર જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ જણાવ્યું હતું કે, ભગવાન જગન્નાથજીની યાત્રા સાદગીપૂર્ણ રીતે થવાની વાત હતી જે કોઈ વાતમાં તથ્ય નથી.

રાજ્ય સરકાર અને ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરવામાં આવી છે. જેમાં પોલીસ બંદોબસ્ત અને રથયાત્રાના આયોજન અંગે બેઠક કરી છે. મંદિર પ્રશાસન તરફથી દર વર્ષે જે રીતે પરંપરા મુજબ રથયાત્રા નીકળે છે તે મુજબ તૈયારીઓ કરવામાં આવી છે. મંદિરના ટ્રસ્ટીઓ અને મહંત વચ્ચે બેઠક યોજાઈ હતી. સાથે સાથે મંદિરમાં બુધવારે સાંજે ૬ કલાકે ટ્રક મોટર એસોસિયેશન (જગદીશ મંદિર રથયાત્રા એસોસિયેશન) દ્વારા વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષની રથયાત્રામાં કુલ ૧૦૧ ટ્રક પોતાના વિશેષ શણગારની સાથે ભાગ લેશે. આ વર્ષની યાત્રામાં 'ઑપરેશન સિંદૂર' તથા વિમાન દુર્ઘટના અંગેના ટેબ્લો પણ હશે.

જગન્નાથ મંદિરમાં મગની પ્રસાદી પણ એકત્રિત કરવાનું કાર્ય શરૂ કરવામાં આવી ચૂક્યું છે. આ બેઠકમાં કેટલાક ઉચ્ચ પોલીસ અધિકારીઓ ક્રાઇમ બ્રાન્ચ જેસીપી શરદ સિંઘલ , ઝોન ત્રણ ડીસીપી, ડીસીપી સાઇબર ક્રાઇમ બ્રાન્ચ લવીના સિંહા, એસીપી સાઇબર ક્રાઇમ બ્રાન્ચ અમિત માંકડિયા પણ જોડાયા હતા.

## વિમાન દુર્ઘટનાના આઠમા દિવસે પણ રહસ્ય અકબંધ, બ્લેક બોક્સને વધુ તપાસ માટે અમેરિકા મોકલાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનાના આઠમા દિવસે પણ આ ભયાનક કરૂણાંતિકા કઈ રીતે સર્જાઈ તેનું કારણ બહાર આવી શક્યું નથી. પોલીસને કાટમાળમાંથી અત્યાર સુધીમાં ૩૧૮ જેટલા માનવ અંગો મળી આવ્યા છે જે તપાસ માટે લેવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત કાટમાળમાંથી ૧૦૦ જેટલા મોબાઈલ મળતા તેને એફએસએલમાં મોકલવામાં આવ્યા છે. મોબાઈલની તપાસમાં જાણવાનો પ્રયાસ કરાશે કે, જ્યારે વિમાન ટેક ઓફ થયું અને ક્રેશ થયું તે સમયગાળા દરમિયાન કોઈ મોબાઈલમાં અંતિમ ક્ષણનો વીડિયો રેકોર્ડ થયો છે કે નહીં. ક્રેશ થયેલા પ્લેનના જે પાર્ટસ મળ્યા છે તેને એકત્ર કરી રિકન્સ્ટ્રક્શન કરવાનો પણ નિર્ણય કરાયો છે.

બીજી તરફ એર ઇન્ડિયાના બોઇંગ ૭૮૭ વિમાનની તપાસમાં પહેલા આશા હતી કે, બ્લેક બોક્સ અકસ્માતનું સાચું સત્ય બહાર આવશે. પરંતુ, બ્લેક બોક્સની તપાસ કરી રહેલા એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો (એએઆઈબી) એ હવે હાર માની લીધી હોવાની માહિતી સૂત્રો તરફથી મળી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, અકસ્માત પછી લાગેલી આગમાં બ્લેક બોક્સને ઘણું નુકસાન થયું છે, જેના કારણે ભારતમાં તેમાંથી ડેટા કાઢવાનું શક્ય નથી. દિલ્હીમાં એએઆઈબી લેબોરેટરી ગયા વર્ષે બનાવવામાં આવી હતી, પરંતુ તે હજુ સુધી ક્ષતિગ્રસ્ત બ્લેક બોક્સમાંથી ડેટા કાઢવા માટે પૂરતી સજ્જ નથી. જેથી, ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) એ આ કેસની વધુ તપાસ માટે બ્લેક બોક્સના ફ્લાઇટ ડેટા રેકોર્ડર (એફડીઆર) અને કોકપિટ વોઇસ રેકોર્ડર (સીવીઆર) ને હવે તપાસ માટે અમેરિકા મોકલવાનો નિર્ણય લીધો છે. એક સિનિયર અધિકારીના જણાવ્યા અનુસાર, હવે બ્લેક બોક્સના એફડીઆર અને સીવીઆરની તપાસ વોશિંગ્ટન સ્થિત નેશનલ સેફ્ટી ટ્રાન્સપોર્ટ બોર્ડ (એનટીએસબી) લેબોરેટરીમાં કરવામાં આવશે. આ તપાસ દરમિયાન મેળવેલો ડેટા એએઆઈબી સાથે શેર કરવામાં આવશે. આંતરરાષ્ટ્રીય નિયમો અનુસાર, જે દેશમાં અકસ્માત થયો છે, તે દેશ તપાસ માટે જવાબદાર છે. તેથી, એનટીએસબી ટીમ ભારતીય અધિકારીઓની દેખરેખ હેઠળ બ્લેક બોક્સને તેની પ્રયોગશાળામાં લઈ જશે, જેથી બધા નિયમોનું પાલન કરી શકાય.અધિકારીએ જણાવ્યું હતું કે, બ્રિટનની હવાઈ અકસ્માત તપાસ શાખાના અધિકારીઓ પણ આ તપાસમાં હાજર રહેશે, કારણ કે અકસ્માતમાં માર્યા ગયેલાઓમાં ૫૩ બ્રિટિશ નાગરિકો પણ હતા. તપાસકર્તાઓના જણાવ્યા અનુસાર, એફડીઆરમાંથી ફ્લાઇટનો સમય, ગતિ, ઊંચાઈ, એન્જિનની કામગીરી જેવા ટેકનિકલ ડેટા ઉપલબ્ધ છે.

## અમદાવાદ વિમાન દુર્ઘટના બાદ તંત્રનો મોટો નિર્ણયઃ ઍરપોર્ટની આસપાસના વિસ્તારોનો સર્વે કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ૧૨ જૂને મેઘાણીનગર વિસ્તારમાં એર ઈન્ડિયાનું વિમાન ઉડાન ભર્યાની ગણતરીની સેકંડોમાં જ તૂટી પડ્યું હતું. આ દુર્ઘટનામાં પ્લેનમાં સવાર ૨૪૧ મુસાફરા સહિત ૨૭૦ લોકોનાં મોત થયાં હતાં.

આ દુર્ઘટના બાદ તંત્ર દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો હતો, જે મુજબ અમદાવાદ એરપોર્ટની આસપાસના વિસ્તારોનો સર્વે કરવામાં આવશે તેમ ગુરુવારે એક ટોચના સરકારી સૂત્રોએ જણાવ્યું હતું. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ડિરેક્ટોરેટ જનરલ ઑફ સિવિલ એવિયેશનની માર્ગદર્શિકા મુજબ, સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટની આસપાસના વિસ્તારોનો સર્વે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સિવિલ એવિયેશન વિભાગના અધિકારીઓ દ્વારા કરવામાં આવશે. એકવાર સર્વે પૂરો થઈ ગયા પછી, જરૂરી પગલાં લેવામાં આવશે.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ઍરપોર્ટ નજીક વિમાનની સલામતી માટે જોખમ ઊભી કરતી ઇમારતો પર નિયંત્રણો કડક કરવા માટે એરક્રાફ્ટ (અવરોધોનો વિનાશ) નિયમો, ૨૦૨૫નો મુસદ્દો બહાર પાડ્યો છે. અમદાવાદ ગત સપ્તાહે થયેલી દુર્ઘટનામાં, વિમાન અમદાવાદ એરપોર્ટ પરથી બપોરે ૧.૩૯ વાગ્યે ઉપડ્યું હતું અને તેના પાઇલટે ટેક-ઑફ કર્યાના તરત જ અમદાવાદના એર ટ્રાફિક કંટ્રોલને સંપૂર્ણ કટોકટી દર્શાવતો મે ડે કોલ આપ્યો હતો. થોડી જ સેકંડોમાં વિમાન બી જે મેડિકલ કૉલેજ પરિસરમાં તૂટી પડ્યું હતું.

## ધોધમાર વરસાદથી અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે જળબંબાકારઃ ઘૂંટણસમા પાણી ભરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ જોવા મળી રહ્યો છે. જ્યાં સૌથી વધુ વાપીમાં ૫.૮ ઈંચ વરસાદ પડ્યો છે. વાપી, નવસારી અને ડાંગમાં ભારે વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં છે. જ્યારે નદીઓ બે કાંઠે વધી રહી છે. ઘણી જગ્યાએ અંડરપાસ, કોઝવે અને પુલ પરથી પાણી વહી રહ્યા છે. જ્યારે તેમાંથી નેશનલ હાઈવે પણ બાકાત નથી. ભારે વરસાદને લઇ અમદાવાદ-મુંબઈ નેશનલ હાઇવે પ્રભાવિત થયો છે. હાઈવે પર ઘૂંટણસમા પાણી ભરાતાં વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. નેશનલ હાઇવે પર પાણી ભરાતા વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. વલસાડ નજીક નેશનલ હાઇવે પર ઘૂંટણસમા પાણી ભરાતાં વાહનચાલકો પરેશાન થઈ રહ્યા છે. વલસાડના કુંડી સરોન ગામ વચ્ચે નેશનલ હાઇવે ૪૮ પર પાણી ભરાયાં છે. સુરતથી મુંબઈ તરફના હાઇવે પર પાણી ભરાયાં છે. નેશનલ હાઇવે ૪૮ પર નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. કુંડી સરોણ ગામ વચ્ચે હાઈવે પર બની રહેલા બ્રિજને લીધે રસ્તા પર પાણી ભરાયાં છે. વલસાડ જિલ્લામાં ઉપરવાસમાં ધોધમાર વરસાદ પડ્યો છે. જેના લીધે વલસાડની ઔરંગા નદી ભયજનક સપાટી નજીક પહોંચી છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સંસ્થા સમાચાર

### અમદાવાદમાં પૂ. ધીરગુરુદેવની પધરામણી, ઉમંગભેર સ્વાગતઃ શનિવારે દાતા અભિવાદન સમારોહ



શ્રી કાઠિયાવાડ સ્થાનકવાસી જૈન સમાજ અને શ્રી ધર્મનાથ જૈન સંઘના આંગણે તા. ૧૮ ને બુધવારે પૂ. શ્રી ધીરગુરુદેવ તથા સાધ્વીજી પૂ. ગુણીજી મ.સ. ઠાણા-૩ પધારતાં બોટાદના પૂ. સુશીલાજી મ.સ. તથા સકલ સંઘે અનેરા ઉલ્લાસથી સ્વાગત કરેલ. દાન-શીલ-તપ-ભાવની પ્રતિજ્ઞા તેમ જ જીવદયામાં અનેક ભાવિકોએ લાભ લીધેલ.

સંઘસેવક કાંતિભાઈ કપાસી, મેહુલભાઈ ધોળકિયા, વિનુભાઈ કપાસી અને પૂ. જ્યોતિજી મ.સ.એ કહેલ કે ગુરુદેવના પાવન પગલાં અને મેઘરાજાના પગલાથી અત્ર-તત્ર-સર્વત્ર શીતલતા વર્તાઈ રહેશે.

તા. ૧૯ના રમેશભાઈ સંઘવી (પેરેમાઉન્ટ ગ્રૂપ) હર્ષાબેન રજનીભાઈ ભાયાણી, શ્વેતાબેન સમીરભાઈ શાહ પ્રેરિત જાપ, પ્રવચન, ગૌતમ પ્રસાદનો લાભ તેમ જ તા. ૨૦ના શ્રી વિનુભાઈ કપાસી પ્રેરિત ગૌતમપ્રસાદ યોજાશે.

જ્યારે તા. ૨૧ના મહારાજા અગ્રસેન હોલમાં સાગર મહેન્દ્ર દોશી (કલકત્તા) પ્રેરિત નવકારશી બાદ દાતા અભિવાદન સમારોહ સવારે ૯-૦૦ કલાકે યોજાશે. પૂ. પ્રકાશમુનિજી, પૂ. જૈનમ મુનિજી આદિ તથા મહાસતીજીઓ પધારશે. તા. ૨૨ના ચાતુર્માસ પ્રવેશોત્સવ સમારોહ વિનુભાઈ કપાસીના પ્રમુખસ્થાને યોજાશે.

સવારે ૭ કલાકે વસંતબેન પ્રવીણચંદ્ર પારેખ પ્રેરિત નવકારશી બાદ અગ્રસેન હોલ - શેલામાં ૯.૩૦ કલાકે લાભુબેન હિંમતલાલ કપાસી - જૈન ધર્મ સંકુલ અને વીણાબેન ભૂપતલાલ ખેતાણી - ધર્મનાથ ઉપાશ્રય, ધોળકિયા હસુમતીબેન પોપટલાલ - આયંબિલ ભવનની ઉદ્ઘાટન વિધિ યોજાશે.

# મુંબ્રા લોકલ ટ્રેન દુર્ઘટનાનો મરણાંક વધીને પાંચ થયો

થાણેઃ મુંબ્રામાં થોડા દિવસ પહેલા બનેલી લોકલ ટ્રેન દુર્ઘટનામાં ઘાયલ થયેલા વધુ પીડિતનું ગુરુવારે ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. આ સાથે મરણાંક વધીને પાંચ થઇ ગયો છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. મુંબ્રા અકસ્માતમાં ઘાયલ થયેલા પ્રવાસી અનિલ મોરે (૫૧)નું ગુરુવારે સવારે ૧૧ કલાકે ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. અન્ય પીડિત પ્રવાસી શિવા ગવળી (૪૦) હજી પણ હોસ્ટિસલમાં સારવાર લઇ રહ્યો છે અને તે હાલમાં વેન્ટિલેટર પર છે, એમ થાણે તહેસિલદાર (મહેસુલ અધિકારી) ઉમેશ પાટીલે જણાવ્યું હતું. વધુ એક પીડિતને સારવાર આપીને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. નવમી જૂને મુંબ્રા ખાતે થયેલા લોકલ ટ્રેન અકસ્માતમાં ચાર પ્રવાસીનાં મોત અને અન્ય નવ જણ ઘાયલ થયા હતા.

# એસટી બસ ઝાડ સાથે ટકરાઇ, વીસ જખમી

સાતારાઃ મહારાષ્ટ્રના સાતારા જિલ્લામાં ગુરુવારે સવારે એક એસટી બસ ઝાડ સાથે ટકરાતા ઓછામાં ઓછા વીસ પ્રવાસીને ઇજા પહોંચી હતી, એમ પોલીસે જણાવ્યું હતું. આ અકસ્માત ઢેબેવાડી-પટાણ રોડ પર આવેલા જાનુગાડેવાડી ગામ નજીક થયો હતો. બસ પટાણ ડેપોની હતી અને તે ઢેબેવાડી તરફ જઇ રહી હતી ત્યારે સવારે આઠ વાગ્યે અકસ્માત થયો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

'એક ખાનગી બસ વિરુદ્ધ દિશા તરફથી આવી રહી હતી. તે બસને રસ્તો પૂરો પાડવા માટે એસટી બસ ડાબી બાજુ તરફ વળી હતી, પરંતુ ડ્રાઇવરે બસ પરથી નિયંત્રણ ગુમાવતા તે એક ઝાડ સાથે ટકરાઇ હતી. આ અકસ્માતમાં ઘાયલ થયેલા વીસ લોકોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા', એમ સૂત્રોએ જણાવ્યું હતું.

આ ઘટનામાં કોઇને પણ ગંભીર ઇજા પહોંચી નહોતી. ઘાયલોને પ્રાથમિક સારવાર આપીને ઘરે જવાની પરવાનગી આપવામાં આવી હોવાનું પોલીસે વધુમાં જણાવ્યું હતું.

# દુબઈ જતા પ્રવાસી પાસેથી વિદેશી ચલણ સાથે ૧.૭૦ કરોડના હીરા જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ દુબઈ જઈ રહેલા પ્રવાસીને તાબામાં લઈ તેની પાસેથી વિદેશી ચલણ સાથે ૧.૭૦ કરોડ રૂપિયાના હીરા જપ્ત કર્યા હતા.

મળેલી માહિતીને આધારે કસ્ટમ્સ ઝોન-૩ના અધિકારીઓએ મંગળવારે ઍરપોર્ટ પર પ્રવાસીને આંતર્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં તેણે ઉડાઉ જવાબ આપ્યા હતા. પરિણામે તેના સામાનની તપાસ કરવામાં આવી હતી.

ઈન્ડિગોની ફ્લાઈટમાં દુબઈ જઈ રહેલા પ્રવાસીની બૅગમાંથી ૫૦ હજાર સઉદી રિયાલ અને ૧.૭૦ કરોડ રૂપિયાના હીરાનાં ત્રણ પાઉચ મળી આવ્યાં હતાં. વિદેશી ચલણ અને હીરા જાહેર કર્યા વિના પ્રવાસી દુબઈ લઈ જઈ રહ્યો હતો, એવું અધિકારીનું કહેવું છે. આ પ્રકરણે અધિકારીઓએ વધુ તપાસ હાથ ધરી હતી.

# મરણ પથારીએ પડેલી સરકારી શાળા આજે જગતની બેસ્ટ દસ સ્કૂલમાં કઈ રીતે?

### પુણેની જિલ્લા પરિષદની શાળાની કાયાપલટ શિક્ષક અને સમાજની સફળ ભાગીદારીનું જ્વલંત ઉદાહરણ



પુણેઃ મહારાષ્ટ્રના પુણે જિલ્લામાં ૨૦૨૨માં માત્ર ત્રણ વિદ્યાર્થીઓ ધરાવતી એક સરકારી શાળાનું ભવિષ્ય અંધકારમય લાગતું હતું અને અધિકારીઓએ તેને બંધ કરવાનો વિચાર કર્યો હતો. પરંતુ ત્યારબાદ રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા શિક્ષક દત્તાત્રય વારેને કેટલાક વિવાદોને પગલે ખેડ તાલુકાના જલિંદરનગરમાં આવેલી જિલ્લા પરિષદ શાળામાં મોકલી દેવામાં આવ્યા પછી અકલ્પનીય ઘટના બની. પરંતુ ત્રણ વર્ષમાં આ શાળાનો એવો કાયાકલ્પ થયો કે આજે તે સમુદાય સહયોગ માટે પ્રતિષ્ઠિત 'વિશ્વની શ્રેષ્ઠ શાળા પુરસ્કાર' માટે ટોચના ૧૦ દાવેદારોમાં સામેલ થઈ છે.

સમગ્ર વિશ્વ આ સરકારી શાળાની નોંધ લઈ રહ્યું છે. ગુરુજી તરીકે ઓળખાતા વારેએ, શાળામાં નોંધપાત્ર પરિવર્તનો કર્યા, જેમાં હવે ૧૨૦ થી વધુ વિદ્યાર્થીઓ છે. તેમણે 'વિષય મિત્ર' સિસ્ટમ સહિત ઘણી નવીન શિક્ષણ પદ્ધતિઓ રજૂ કરી છે, જે એક પીઅર-લર્નિંગ મૉડેલ છે જ્યાં વિવિધ ઉંમરના વિદ્યાર્થીઓ એકબીજાને શીખવે છે અને શીખે છે. તેમણે સક્રિય સ્થાનિકોના સમર્થનથી શાળાની માળખાગત સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો કર્યો. વારેએ અગાઉ શિરુર તાલુકાના વાબલેવાડીમાં જિલ્લા પરિષદ શાળામાં તેમના કાર્ય માટે વ્યાપક માન્યતા મેળવી હતી. ઇન્ટરવ્યુ અને મૂલ્યાંકનના કઠિન રાઉન્ડ પછી, જાલિંદરનગર ખાતેની જિલ્લા પરિષદ શાળા આ સિદ્ધિ મેળવનાર દેશની એકમાત્ર શાળા બની છે, એમ વારે એ જણાવ્યું હતું.

આ શ્રેણીઓમાં વિશ્વવ્યાપી વિજેતાઓની જાહેરાત ઓક્ટોબરમાં કરવામાં આવશે, જેમાં તમામ ફાઇનલિસ્ટ અને વિજેતાઓને ૧૫-૧૬ નવેમ્બરના રોજ અબુ ધાબીમાં યોજાનારી વર્લ્ડ સ્કૂલ્સ સમિટમાં આમંત્રિત કરવામાં આવશે. (પીટીઆઈ)

છેલ્લા પાનાનું ચાલુ

## મરેલાને કોણ મારે?

પાપ છે. દેશે પહેલી વાર એવો કાચિંડો જોયો છે જે આટલી ઝડપથી રંગ બદલે છે એવા શબ્દોમાં એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરેની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે બાળાસાહેબે કોંગ્રેસનો વિરોધ કરતા સત્તા માટે તેમણે કોની સાથે સંબંધ બાંધ્યો? તેમણે સત્તા માટે લાચારી સ્વીકારી. તેમણે બાળાસાહેબના વિચારોમાં વિશ્વાસ તોડ્યો હતો. તેમણે મરાઠી લોકોના વિશ્વાસ, હિન્દુત્વ સાથે દગો કર્યો

કાચિંડો પણ રંગ બદલે છે, પરંતુ દેશે પહેલી વાર એવો કાચિંડો જોયો છે જે આટલી ઝડપથી રંગ બદલે છે

જે મુખ્ય પ્રધાનપદ માટે જે લાચાર બની ગયા, તે આગળ શું લેશે. બાળાસાહેબે આવું વિચાર્યું પણ નહીં હોય. જે લોકો તેમને બાળ ઠાકરેના વારસદાર ગણાવે છે તેમણે આવી લાચારી સ્વીકારી હતી. જો બાળ ઠાકરે જીવતા હોત તો આવા લોકોને લટકાવીને મરચાંની ધુણી કરી હોત કે નહીં?

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શિવસેના પક્ષની ૫૯મી વર્ષગાંઠ પર નામ લીધા વિના ઉદ્ધવ ઠાકરેની આકરી ટીકા કરી હતી. ઉદ્ધવ ઠાકરે સત્તા માટે લાચાર બની ગયા. તેમણે હિન્દુત્વને બાજુ પર છોડી દીધું. તેમણે મહારાષ્ટ્રના લોકો સાથે દગો કર્યો. તેમણે મતદારોને ધમકી આપી. ઉદ્ધવ ઠાકરે સત્તા માટે લાચાર અને પરવશ બની ગયા છે. હવે ચૂંટણીનો સમય નજીક આવી રહ્યો છે, ત્યારે તેમને ફરીથી હિન્દુત્વ અને મરાઠી લોકોને યાદ આવી રહ્યા છે, એમ એકનાથ શિંદેએ કહ્યું હતું.

## પુણે પાણી-પાણી

આવ્યું હતું', એમ સિંચાઇ વિભાગ દ્વારા જણાવાયું હતું. ડેમમાંથી પાણી છોડવાને કારણે મુઠા નદી પરનો ભીડે બ્રિજ પાણીમાં ડૂબી ગયો હતો. સિંહગઢ રોડ પર આવેલા હિંગાણે વિસ્તારમાં લોકોના ઘરે પાણી ઘૂસી ગયા હતા.

## નાશિકમાં પૂર

નહીં એવી અપીલ પણ પ્રશાસન દ્વારા કરવામાં આવી હતી. નાશિકના વાસણ બજારમાં પાણી ભરાવાને કારણે વેપારીઓમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. અનેક દુકાનોમાં પાણી ભરાઇ ગયાં હતાં. વેપારીઓને તેમની દુકાનોનો માલ-સામાન સુરક્ષિત જગ્યાએ ખસેડવાની ફરજ પડી હતી. ઇગતપુર તાલુકામાં જોરદાર વરસાદને કારણે દારણા બંધની પાણીની સપાટી પણ વધી ગઇ હતી. ગુરુવારે બપોરે દારણા પાવર હાઉસમાંથી અંદાજે ૧૧૦૦ ક્યુસેકનીપાણી છોડવામાં આવ્યું હતું.

## મુંબઈ તરબતર

હોવાથી ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી છે.

મુંબઈ સહિત થાણે, રાયગડ, રત્નાગિરિ અને સિંધુદુર્ગમાં ૨૪ કલાક માટે ઑરેન્જ અલર્ટ હોવાથી મુંબઈગરાઓએ સતર્ક રહેવાનું વેધશાળા દ્વારા જણાવાયું છે. આ સમયગાળામાં જોરદાર પવન સાથે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. દરમિયાન મુંબઈના પોલીસ કમિશનર દેવેન ભારતીએ પણ ટ્વીટ કરી નાગરિકોને સુરક્ષાનું ધ્યાન રાખવાની અપીલ કરી હતી. ઘરબહાર નીકળો તો સતર્ક રહેવાની સાથે અધિકૃત સૂચનાઓનું પાલન કરવાનું તેમણે કહ્યું હતું.

### મધ્ય રેલવેની લોકલ પોણો-પોણો કલાક મોડી, પશ્ચિમ રેલવેમાં પણ સતત બીજા દિવસે ટ્રેનોના ઠેકાણાં નહોતાં

મુંબઈઃ મુંબઈમાં ઉપનગરીય ટ્રેનો કોઈને કોઈ કારણસર મોડી પડવી એ રોજિંદુ થઈ ગયું છે. આજે મધ્ય રેલવેનો ટ્રેન વ્યવહાર ટેક્નિકલ ખામીને કારણે ખોરવાઈ ગયો હતો. આજે મધ્ય રેલ્વે પર ટ્રાફિકને ભારે અસર પડી હતી. છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ તરફ આવતી લોકલ ટ્રેનો લગભગ પોણો કલાક મોડી દોડી રહી છે. જેના કારણે મુસાફરોને હાલાકી ભોગવવી પડી રહી છે. બીજી તરફ, મુંબઈમાં હાલ વરસાદ બંધ થઈ ગયો હોવા છતાં, સવારે ઘણી જગ્યાએ ભારે વરસાદ પડ્યો હતો. દરમિયાન, થાણે જિલ્લાના કલ્યાણ, ડોમ્બિવલી, બદલાપુર અને અંબરનાથમાં ગઈકાલે બપોરથી ભારે વરસાદ પડી રહ્યો છે. કલ્યાણમાં વરસાદ ઓછો થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. જ્યારે મુંબઈમાં હાલમાં વરસાદ બંધ છે. છતાં, વરસાદની શક્યતા છે. મુંબઈ માટે વરસાદનું ઓરેન્જ અલર્ટ જારી કરવામાં આવ્યું છે. નાગરિકોને સાવચેત રહેવા વિનંતી કરવામાં આવી રહી છે. દરમિયાન, વરસાદની અસર રેલ ટ્રાફિક પર પણ પડી રહી છે.

## કમ ઑન કીલ મી

હું તૈયાર ઉભો છું. ૯૨-૯૩માં જ્યારે રમખાણો ફાટી નીકળ્યા હતા, ત્યારે તમે જ રસ્તા પર ઉતર્યા હતા. પછી એક વ્યક્તિ આવીને બાળાસાહેબ પાસે આવ્યો. બાળાસાહેબ, બસ થઈ ગયું, જે વ્યક્તિને નહીં કહે, તે જીવિત છે. મેં ચિત્ર જોયું, તે નાના પાટેકરની હિટ ફિલ્મ છે. તેમાં નાના પાટેકર ગુંડાઓ સામે ઉભા છે. તે કહે છે કે ચાલો મને મારી નાખો. આ રીતે હું આ દેશદ્રોહીઓ સામે ઉભો છું. હું કહું છું કે ચાલો મને મારી નાખો.

## રાજ ઠાકરે સાથે જોડાણના

આપણા વિરોધીઓ પોતાના માલિકના ઈશારે અહીં-ત્યાં હોટેલોમાં મુલાકાતો કરી રહ્યા છે. જો મુંબઈ ફરી મરાઠી લોકોના હાથમાં આવી જાય તો માલિકનું શું થશે એવી ચિંતા તેમને સતાવી રહી છે. તેઓ મરાઠી લોકોને મુંબઈમાં ભેગા થતા અટકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. મુંબઈ આપણું છે. જો ઠાકરે બ્રાન્ડનો અંત લાવવા જશે, તો તમારા નામનું એક પણ નિશાન બચશે નહીં, એવા શબ્દોમાં ઉદ્ધવ ઠાકરેએ ભાજપ-એકનાથ શિંદેને ચેતવણી આપી હતી.

ઉદ્ધવ ઠાકરેએ કાર્યકર્તાઓના મેળાવડાને સંબોધતાં ભાજપની આકરી ટીકા કરી હતી. ભાજપે રાખેલા દેડકા આજે તમને ડરાવશે. આ પાલતુ દેડકા તમારી નજર સામે આવે છે. હું ખરેખર કહી શકું છું કે આ ચોરોને કોઈ લાજ-શરમ બચી નથી, એમ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું.

રાજકારણમાં જેમને બાળકો નથી તેઓ આપણી ટીકા કરે છે. ઓહ, તમને બાળકો નથી. અમે શું કરીએ? ભાજપના લોકો આવા છે. આપણે સત્યને કેમ નકારીએ છીએ? તેમને આજ સુધી ક્યારેય બાળકો થયા નથી. તેથી તેમણે અન્ય નેતાઓને સ્વીકારવા જોઈએ અને તેમનો ઉછેર કરવો જોઈએ. કમનસીબે, જે સરદાર પટેલે આરએસએસ પર પ્રતિબંધ મૂક્યો હતો. તે જ સરદાર પટેલની સૌથી મોટી પ્રતિમા ઉભી કરવામાં આવી. આ તેમનું હિન્દુત્વ છે, એમ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું.

ચૂંટણી જીતવા માટે, માતાઓ અને બહેનો સાથે કરેલું વચન, લોકો સાથે કરેલું વચન પાળવામાં આવતું નથી. તો પછી તે પક્ષ મારી સાથે કરેલું વચન કેવી રીતે પાળશે. તેઓ કહે છે કે અઢી વર્ષ સુધી મુખ્ય પ્રધાનપદનું કોઈ વચન આપ્યું નહોતું, તો શું માતા અને બહેનને આપેલું વચન સાચું હતું કે નહીં? કેન્દ્રમાં સરકાર આવી ત્યારથી, બધું ખોટું થઈ રહ્યું છે. મંદિરની છતમાંથી પાણી ટપકતું રહે છે, વિમાન દુર્ઘટના થઈ છે, ટ્રેન અકસ્માત થયો છે, કોઈ જવાબદારી લેતું નથી. મેટ્રોના સ્ટેશનમાં પાણી ભરાય છે. આજે દેશને વડા પ્રધાનની જરૂર છે. ભાજપ પાસે વડા પ્રધાન છે. દેશ પાસે નથી. દેશને ગૃહ પ્રધાનની જરૂર છે. અમિત શાહ નહીં, જેઓ પક્ષને ફોડવામાં વ્યસ્ત છે. દેશને સંરક્ષણ પ્રધાનની જરૂર છે. દેવેન્દ્ર અને રાજનાથ સિંહની નહીં, જે ગુંડાઓને રક્ષણ આપે છે. શું તમે ગુંડાઓ માટે દેશના સંરક્ષણ પ્રધાન છો? શું તમે દેશના ગૃહ પ્રધાન છો કે તમારી પાર્ટીના ચોર પ્રધાન છો, એવા આકરા શબ્દોમાં ઉદ્ધવ ઠાકરેએ ભાજપના નેતાઓની ટીકા કરી હતી.

હું મોદીને પૂછું છું કે, વડા પ્રધાન માટે કઠોર શબ્દોમાં બોલવું યોગ્ય નથી. જ્યારે વિપક્ષે ઈન્ડી ગઠબંધન બનાવ્યું, ત્યારે ઇન્ડિયન મુજાહિદ્દીન સાથે અમારી તુલના કરવામાં શરમ ન આવી. જો આપણે ઇન્ડિયન મુજાહિદ્દીન જેવા હતા, તો તમે અમારી પાર્ટીના સાંસદોને તમે ન કરેલી બહાદુરીની પ્રશંસા કરવા માટે દુનિયામાં કેમ મોકલ્યા હતા, એવો સવાલ ઉદ્ધવ ઠાકરેએ કર્યો હતો.

તેઓ તેમને ઓપરેશન સિંદૂર જેવા નામ સારા મળી આવે છે. તેઓ આ સિંદૂર ઘરે ઘરે વહેંચવાના હતા. કોણ વહેંચવાના હતા આ સિંદુર, ભ્રષ્ટ લોકો. આપણી માતાઓ અને બહેનો જેમને જૂતાથી મારવા જોઈએ તેમની પાસેથી સિંદૂર લેશે એવું તેઓ માનતા હતા. હિન્દુત્વની વ્યાખ્યા આપતી વખતે, શિવસેનાના વડાએ કહ્યું હતું કે મારું હિન્દુત્વ રાષ્ટ્રવાદ છે. અમે હિન્દુત્વ સમર્થકો છીએ જે રાષ્ટ્રીય ધર્મનું પાલન કરે છે. અમે આ દેશને અમારો માનીએ છીએ અને તે અમારો છે. જે કોઈ દેશ માટે બલિદાન આપે છે તે આપણું છે એમ તેમણે કહ્યું હતું.

સેનામાં સોફિયા કુરેશી અમારી બહેન છે. અમને તેના પર ગર્વ થયો છે. તેમણે ભારત અંગે પોતાનો પક્ષ આત્મવિશ્વાસ સાથે રજૂ કર્યો. આ વિજય શાહ પાકિસ્તાનની એ જ સોફિયા કુરેશીને આતંકવાદીઓની બહેન કહે છે. આવા નાલાયક બાળકો ભાજપમાં છે. આપણે આ ભાજપ પાસેથી દેશ સુધરવાની આશા રાખીએ છીએ. શું તે દેશને સુધારશે? એવો સવાલ ઉદ્ધવ ઠાકરેએ કર્યો હતો.

## જૈન મરણ

**વાગડ વિ. ઓ. જૈન**

સામખીયારીના માનુબેન ગેલા પુનરાજ ગડાના પુત્ર રવજી (ઉં. વ. ૭૫) ૧૭-૬-૨૫ના મુંબઈ મધ્યે અવસાન પામ્યા છે. સ્વ. અમૃતબેનના પતિ. મયુર, પ્રફુલ, પ્રિયંકાના પિતાજી. ખુશ્બુ, સેજલ, જયેશ ચરલાના સસરા. રાજવીર, જિનાગ, હર્ષવર્ધન, મહેકના દાદા. આયુષી, મિલોનીના નાના. ગામ આધોઈના ગં. સ્વ. જશુબેન રાઘવજી પચાણ વધાણના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ઈ/૦૦૩ કન્ટ્રી પાર્ક સ્કાય સિટી અને ટાટા પાવર હાઉસની સામે, બોરીવલી (ઈ.).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

રાજકોટ નિવાસી હાલ બોરીવલી, સ્વ. સ્નેહલત્તાબેન હસમુખલાલ મગનલાલ ગાંધીના પુત્ર રાજેશભાઈ (ઉં.વ. ૭૦) તે હર્ષાબેનના પતિ. સ્વ. વિરેશભાઈ તથા માલતી નિકુંજ પારેખના ભાઈ. વૈભવ તથા હેમાંગના પિતા. ગારિયાધાર નિવાસી હાલ ડોમ્બિવલી, રસિકલાલ વિઠ્ઠલદાસ ગાંધીના જમાઈ ૧૫/૬/૨૫ના અરિહંતશરણ પામેલ છે. બંનેપક્ષની પ્રાર્થનાસભા ૨૧/૬/૨૫ના ૧૦ થી ૧૨. વર્ધમાન સ્થા જૈન સંઘ, સર્વોદય હોલ, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ.

**પાટણ જૈન**

મહાલક્ષ્મીનો પાડો, સુશીલાબેન અમૃતલાલ શાહના સુપુત્ર અને કેસરીચંદભાઈ જેસીંગલાલ શાહ કોટાવાળાના જમાઈ દીપકભાઈ શાહ તે નીતાબેનના પતિ. અમોલીના પિતા. વિપુલકુમારના સસરા. સતિષભાઈ અને ગીરીશભાઈના મોટાભાઈ તા. ૧૮-૬-૨૫ના અરીહંતશરણ પામેલ છે. લૌકિક વ્યહવાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાના ભાડિયાના લક્ષ્મીચંદ ઉમરશી છેડા (ઉં.વ. ૫૨) તા. ૧૮-૬-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ઝવેરબેન ઉમરશી રાયશી છેડાના સુપુત્ર. મંજુલાના પતિ. લક્ષના પપ્પા. સ્વ. જેઠાલાલ, દમયંતી, સ્વ. પ્રવીણ, ચંદ્રિકા, મુલચંદના ભાઈ. દાદરના વિનાયક ઘટકુ પારકરના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. લક્ષ્મીચંદ છેડા, એ-૫૦૪ નવનીત નગર દેશલે પાડા ડોંબીવલી (ઈ).

બિદડા (દખણો-બોડો ફરીયો)ના યશવંતીબેન પરિમલ લાલન (ઉં.વ. ૭૫) તા. ૧૭-૬-૨૫ના અવસાન પામેલ છે. પરિમલ નાનજીના ધર્મપત્ની. જેતબાઈ નાનજી દેવશીના પુત્રવધૂ. કેની (રાજા)ના માતુશ્રી. બિદડાના ગાંગબાઈ શામજી ધારસી ગાલાના સુપુત્રી. રામજી, કલ્યાણજી, દામજી, નાનજી, નેમજી, દેવચંદ, વિરેન્દ્ર, મણીબેન લક્ષ્મીચંદ ઉમરશી, મધુબેન પ્રેમચંદ શામજી, સુમતિબેન પ્રેમજી લાલજી, સં.પ. આત્મગુણાશ્રીજી મ.સા.ના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કેની લાલન : એ-૨૦૧, રિધ્ધી સિધ્ધી, એમ.જી. રોડ, નરવણે સ્કૂલની સામે, કાંદીવલી-વે.

નરેડીના કલ્યાણજી વાલજી હરીયા (ઉં.વ. ૯૩) તા. ૧૭-૬-૨૫ના સમાધિપૂર્વક દેહ પરિવર્તન કરેલ છે. રતનબાઇ વાલજીના પુત્ર. સુંદરબેનના પતિ. નવલ, શારદા, સુરેન્દ્ર, મહેન્દ્ર, દીપેન્દ્ર, વીરેન્દ્રના પિતા. રાજબાઇ દેવજી, વેજબાઇ ઉમરશી, શામજી વાલજી, જીવરાજ વાલજીના ભાઇ. કોટડા રો. રતનબાઇ વીરજી પાલણના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ.: કલ્યાણજી હરીયા, પ્લોટ નં. ૩૪૬, સુંદર કુંજ, કાનસાઇ સેકસન, અંબરનાથ (ઈ).

## પાર્લાની સાઠે કૉલેજ

મળી ન હોવાનું પોલીસનું કહેવું છે.

વિદ્યાર્થિનીના જીવન ટૂંકાવવા પાછળનું કારણ તાત્કાલિક જાણી શકાયું નહોતું. પોલીસે તેના મોબાઈલ ફોનને તપાસ માટે તાબામાં લીધો હતો. તેના ફ્રેન્ડ્સની પણ પોલીસ પૂછપરછ કરશે.

પોલીસે કૉલેજમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. કહેવાય છે કે વિદ્યાર્થિની ત્રીજા માળે પેસેજમાં ચાલતી નજરે પડે છે, પરંતુ તે જે જગ્યાએથી પડી તેનાં ફૂટેજ પોલીસે મળ્યાં નહોતાં. પોલીસે વિદ્યાર્થિનીના વડીલોનાં નિવેદન નોંધ્યાં હતાં, જેમાં વિદ્યાર્થિનીને કોઈએ ધક્કો માર્યો હોવાનો આક્ષેપ કરાયો હતો. વડીલોના કહેવા મુજબ તેમની દીકરી ડિપ્રેશનમાં જણાઈ નહોતી અને ઘરમાં પણ કોઈ વિવાદ થયો નહોતો. તો પછી તે આત્મહત્યા કરવા શા માટે પ્રેરાઈ? એવો પ્રશ્ન વડીલોએ કર્યો હતો.

## હવે વહુઓ લાડકી...

છે. હવે તમને આ મુંબઈ યાદ આવે છે, જ્યારે તમે સત્તામાં હતા ત્યારે તમે શું કર્યું? તમારે લડવા માટે ઘરની બહાર જવું પડે છે. ઘરે બેસીને કશું થતું નથી. હવે, તમે જે કંઈ ઘર છોડી રહ્યા છો તેની પાછળ એકનાથ શિંદેનો હાથ છે. મુંબઈ મહારાષ્ટ્રનું છે અને જો કોઈનો બાપ આવે તો પણ મુંબઈને મહારાષ્ટ્રથી કોઈ અલગ કરી શકશે નહીં એ મારું વચન છે, એમ એકનાથ શિંદેએ કહ્યું હતું.

## બાળ ઠાકરે ઈચ્છતા હતા તે મોદીએ કર્યું

'બાળાસાહેબ કહેતા હતા, એક દિવસ માટે મને વડા પ્રધાન બનાવો, હું અયોધ્યામાં રામ મંદિર બનાવવાનું અને જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ દૂર કરવાનું એવા બે કામ કરીશ. આ બે કામ કોણે કર્યા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યા. તમે બાળાસાહેબના સ્વપ્નને સાકાર કરનારાઓની ટીકા કરો છો અને તમે કોંગ્રેસના નામની આરતી ગાઓ છો, જેને બાળાસાહેબ હંમેશા દૂર રાખતા હતા! આ કેવા પ્રકારનું હિન્દુત્વ છે?' હિન્દુત્વ વિશે વાત કરતા એકનાથ શિંદેએ કહ્યું, 'શું દેશદ્રોહીઓની સરખામણી દેશભક્તો સાથે કરવી એ તમારું હિન્દુત્વ છે?

## પારસી મરણ

ધન કેરશી ઉદવાડીયા તે મરહુમ કેરશી અરદેસર ઉદવાડીયાના વિધવા. તે મરહુમો શીરીનબાઈ તથા અરદેશર દવીયરવાલાના દિકરી. તે કુરૂશ કેરશી ઉદવાડીયા ને વાબીઝ રૂમી બિલ્લીમોર્યાના મમ્મી. તે રૂમી ઝરીરના સાસુજી. તે અસ્પી એ. દવીયરવાલા તથા મરહુમો નરીમાન એ. દવીયરવાલા, રૂસ્તમ એ. દવીયરવાલા ને હોમાય શ્રોફના બહેન. તે ઝીન્યા કે. ઉદવાડીયા ને શીરીન કે. ઉદવાડીયાના બપયજી. (ઉં.વ. ૮૯). રહેવાનું ઠેકાણુંઃ જાયફલ ટેરેસ, 'બી' બ્લોક, ફોરજેટ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૩૬. પાયદસ્તઃ તા. ૨૦-૬-૨૫ને ૯.૦૦ વાગે મુંબઈ ડુંગરવાડી ઉપરની બેનેટ બંગલી નં.-૫માં. ઉઠમણાંની ક્રિયા તા. ૨૦-૬-૨૫ને બપોરે ૩.૪૦ કલાકે તારદેવ મધ્યે શેઠનાની અગિયારીમાં.

રૂસી નરીમાન એલાવ્યા તે મરહુમો બાનુમાય તથા નરીમાન દાદાભાઈ એલાવ્યાના દીકરા. તે મરહુમ મેહરાબના પિતાજી. તે આદીલ, ફરેદુન તથા મરહુમ રોહીનટનના ભાઈ. તે દેલનાઝ, જેરસ્ટીન અને ઓડ્રીયોનના કાકા. તે ફરીદા રોહીનટન એલાવ્યાના દેર. મરહુમ જાલેજર આમરીયાના ભાણેજ. (ઉં.વ. ૭૫). રહેવાનું ઠેકાણુંઃ એન-૧૧, ગોદરેજ બાગ, નેપીયંસી રોડ, સિમલા હાઉસની નજીક, ખંબાલા હીલ, મુંબઈ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા તા. ૨૦-૬-૨૫ના દિને બાટલીવાલા (તારદેવ) અગિયારીમાં ટાઈમ ૩.૪૫ વાગે કરવામાં આવશે.

## હિન્દુ મરણ

**ઔદિચ્ય સહસ્ત્ર બસિયા બ્રાહ્મણ**

સરડોઈ નિવાસી હાલ ઘાટકોપર બાબુલાલ છોટાલાલ પંડયા (ઉં.વ. ૧૦૩) બુધવાર, તા. ૧૮-૬-૨૫ના ઘાટકોપર મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે ભૂપેન્દ્રભાઈ, ભાનુપ્રસાદ, હરેશભાઈ, સ્વ. વિમલાબેન, અ. સૌ. કુસુમબેન, અ. સૌ. આશાબેનના પિતાશ્રી. સ્વ. રમેશકુમાર કાંતિલાલ, પ્રવિણચંદ્ર ભોગીલાલ, નરેન્દ્રકુમાર લક્ષ્મીરામ ગોર, જશુમતીબેન, કુમુદબેન, ઉષાબેનના સસરા. ધર્મેશ, હિમાંશુ, સચિન, જીજ્ઞા અજયકુમાર, હેતલ દેવાંગકુમાર, પૂર્વી સાગરકુમાર, દિપ્તી દેવાંગકુમારના દાદા. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૦-૬-૨૫ના ૪ થી ૬ સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફૂટ રોડ, ઘાટકોપર ઈસ્ટ.

**કચ્છી ભાટીયા**

મૂળ વતન કોટડા, મહાદેવપુરી હાલ મુંબઈ દિનેશ વેદ (ભાટીયા) (ઉં.વ. ૬૩) તા. ૧૮-૬-૨૫ને બુધવારે શ્રીજીચરણ પામેલ છે. તે વલ્લભદાસ જીવણદાસ વેદ તથા વિમલાબેનના પુત્ર. રેખાબેનના પતિ. કેતન તથા હર્ષીતાના પિતા. સુરેશભાઈ, કિશોરભાઈ, નરેન્દ્રભાઈ, સુશીલાબેન દ્રુપેશ ટોપરાની, ભાવનાબેન હિરેનભાઈ ભાટીયા, દમયંતીબેન નીપૂનભાઈ ભાટીયાના ભાઈ. વર્ષાબેનના દેરાણી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ ભાયંદર સ્વ. હરીલાલ ત્રિભોવનદાસ પારેખના જયેષ્ઠ પુત્ર દિલીપભાઈ તા. ૧૮-૬-૨૫ને બુધવારે અવસાન થયેલ છે. તે જસવંતભાઈ, જયંતીભાઈ, મનસુખભાઈ, ભુપતભાઈ, અ. સૌ. નિલમબેન લલીતકુમાર મહેતા, અ. સૌ. ઈન્દિરાબેન અરવિંદકુમાર મહેતાના મોટા ભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ છે. ઠે. એ-૬૦૨, શંખેશ્વર ટાવર, પદમાવતી, ૧૫૦ ફૂટ રોડ, ભાયંદર વેસ્ટ.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

માંગરોલ નિવાસી હાલ વડાલા, સ્વ. રેવાબેન કાંતિલાલ શાહના પુત્ર મહેન્દ્રભાઈ શાહ (ઉં.વ. ૮૩) ૧૭/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. કલ્પેશ તથા અમિતાના પિતા. સ્વ. સુરેન્દ્રભાઈ તથા સરોજબેનના ભાઈ. માણેકચંદ જુઠાભાઈ પારેખના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નવગામ ભાટિયા**

અમરેલીવાળા હાલ મુંબઈ, રમેશભાઈ (નાનુભાઈ) છગનલાલ સંપટ (ઉં.વ. ૭૯) તે સ્વ. ભાવનાબેનના પતિ. પ્રસાદના પિતાશ્રી. માનસીના સસરા. સ્વ. હિમ્મતભાઈ, સ્વ. સુજનભાઈ, સ્વ. દ્વારકાદાસભાઈ, પ્રમોદભાઈ, ભિખુભાઈ, સ્વ. સવિતાબેન ઈશ્વરદાસ તથા સ્વ ભાનુબેન વિજયસિંહના ભાઈ. સ્વ. ગુણવતીબેન ગોકલદાસ ધોરમ (જામનગર)ના જમાઈ બુધવાર, તા. ૧૮-૬-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૦-૬-૨૫ના ૫ થી ૬.૩૦. સન્યાસ આશ્રમ, પહેલા માળે, વિલેપાર્લા (પૂર્વ). લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લુહાણા**

સાવરકુંડલા હાલ મુંબઈ, રમેશભાઈ મશરાની (ઉં.વ. ૭૯) તા. ૧૮/૬/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ડાયાભાઈ તથા સ્વ. જમકુબેનના પુત્ર. સ્વ. મીનાક્ષીબેનના પતિ. સુરજ, સ્વ. મિતેશ તથા નિહારિકાના પિતાશ્રી. સૌ. આરતી તથા ચિ. સંજયના સસરા. ભાણજીભાઈ રૂઘાણી તથા સ્વ. નર્મદાબેનના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨૧/૬/૨૫ના લખમશી નપુ હૉલ, ૩૧૧, ચંદાવર્કર રોડ માટુંગા સેન્ટ્રલ રેલવે, સાંજે ૪:૩૦ થી ૬:૦૦. લૌકિક પ્રથા બંધ છે.

**ભટ્ટ મેવાડા બ્રાહ્મણ**

ગામ દાવડ હાલ મલાડ, અ. સૌ. નિર્મળાબેન (ઉં.વ. ૭૭) તે રમેશચંદ્ર માણેકલાલ ગોરના ધર્મપત્ની. તે પ્રદીપ તથા હિતેનના માતૃશ્રી. મમતાબેન તથા દીપ્તિબેનના સાસુ. કિંજલ, જય અને પાર્થના દાદી. દેશોત્તર નિવાસી સ્વ. જીવીબેન - ભાઈશંકર પુંજારામ જોશીની પુત્રી તા. ૧૨ જૂન ૨૦૨૫ને ગુરુવારે મુંબઈ શ્રીએકલિંગજીશરણ થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૧/જૂન/૨૦૨૫ને શનિવારે ૪ થી ૬. પારેખ હોલ, જીતેન્દ્ર ક્રોસ રોડ, જૈન દેરાસરની પાસે, મલાડ પૂર્વ, પીયરપક્ષ તરફની પ્રાર્થનાસભા સાથે જ રાખેલ છે.

**કચ્છી ભાટિયા**

ગામ અંજાર હાલ કાંદિવલી, ગં. સ્વ. હેમલતા ગોપાલદાસ આશર (ઉં.વ. ૮૪) તે સ્વ. ગંગાબેન (પોરીબાઈ) સુંદરદાસના પુત્રવધૂ. સ્વ. કસ્તુરબેન (મુલીબાઇ) નારાયણદાસ ખાંડવાલાના દીકરી. વિપુલ, ફાલ્ગુની તથા મીનલના માતુશ્રી. પ્રિતી આશર, નિલેશ સંપટ, શૈલેષ હૂકેરીકરના સાસુ. ફોરમ અમીષ ગોરડીયા, વિશ્વ, અજિંકય નમસ્વી, રાધિકા મીત પટેલ તથા બંસરીના બા ૧૮/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મેટિની



# 'રામાયણ'ની રામાયણ ને પારાયણ

**મહાકાવ્ય પરથી વિશાળ ફલક અને તોતિંગ બજેટ પર બની રહેલી ફિલ્મમાં કામ કરવા કલાકારોમાં ઉત્સુકતા અને નિરાશા બન્ને જોવા મળ્યા છે.**

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

અયોધ્યાના રાજા દશરથના જ્યેષ્ઠ પુત્ર રામચંદ્રની જીવનકથા પરથી વાલ્મીકિએ રચેલું મહાકાવ્ય એટલે રામાયણ. આ ભવ્યતર ગ્રંથ પરથી ફિલ્મ કે ટીવી સિરિયલ બનાવવા એક ભગીરથ જવાબદારી છે. 'દંગલ', 'છિછોરે', 'બવાલ' જેવી ફિલ્મો ડિરેક્ટ કરવા ઉપરાંત 'બરેલી કી બરફી' અને 'નીલ બટે સન્નાટા' જેવી ફિલ્મોના લેખનકાર્ય સાથે સંકળાયેલા ફિલ્મમેકર નિતેશ તિવારીએબે ભાગમાં 'રામાયણ' ફિલ્મ બનાવવાનું બીડું ઝડપ્યું છે. મહાકાવ્યને રૂપેરી પડદા પર યોગ્ય ન્યાય આપવા ઉપરાંત પડદા બહાર પર નિતેશ તિવારી કેટલાક પડકારોનો સામનો કરી રહ્યા છે. ટૂંકમાં 'રામાયણ'ની રામાયણ અને એની પારાયણ સમજવા જેવી છે.

રામાયણનો એક અર્થ મુશ્કેલી, અડચણ પણ થાય છે અને પારાયણ એટલે પૂર્ણ વાંચન તો ચાલો, સમજીએ 'રામાયણ'ની રામાયણ અને પારાયણ.

બની રહેલી ફિલ્મ 'રામાયણ' સમક્ષ સૌથી મોટો પડકાર છે લીકેજનો. મતલબ કે ફિલ્મ મેકિંગ કઈ રીતે થઈ રહ્યું છે એની કોઈપણ જાણકારી સેટની ચાર દીવાલ ભેદી બહાર ન નીકળી જાય એની તકેદારી રાખવાની. દિવારોં કે ભી કાન હોતે હૈં એ સર્વવિદિત હોવાથી શૂટિંગ દરમિયાન ખાસ નિયમો બનાવવામાં આવ્યા છે. સૌથી મહત્ત્વનો મુદ્દો છે ફિલ્મ સંબંધિત કોઈ ફોટોગ્રાફ કે વીડિયો લીકેજનો. પાપારાઝી એટલે કે સેલિબ્રિટી કે ગ્લેમર ધરાવતી ઘટનાનું ચોરીછૂપીથી ફોટોગ્રાફી કરવા કે કે વીડિયો શૂટિંગ કરવા ટાંપીને બેઠેલા ફોટોગ્રાફર્સથીબચવા માટે મોટા ભાગનું શૂટિંગ ઈન્ડોર એટલે કે ચાર દીવાલ વચ્ચે બંધ હોય એ રીતે કરવામાં આવે છે. એટલું જ નહીં, ઉપરથી પણ સેટનો વિસ્તાર ઢાંકી રાખવામાં આવે છે. કોઈ અજાણી વ્યક્તિ સેટ પર ઘૂસી ન જાય એ માટે ટાઈટ સિક્યોરિટી સાથે દેખરેખ થઈ રહી છે. સેટ પર હાજર દરેક કલાકાર - કસબી માટે 'નો ફોન પોલિસી' રાખવામાં આવી છે. મતલબ પાસે ફોન રાખવાની મનાઈ છે. એકાદ મહિના પહેલા રણબીર કપૂર - સાઈ પલ્લવીના રામ - સીતાના ગેટઅપમાં ફોટોગ્રાફ લીક થયા પછી આ જાપ્તો વધુ કડક બનાવવામાં આવ્યો છે.

'રામાયણ' અંગે બીજી એક રામાયણ છે દરેક પાત્ર માટે કલાકારની વરણી. મોટા કેનવાસની ફિલ્મ હોવાથી અનેક પાત્રો હોય એ સ્વાભાવિક છે અને એને માટે વિવિધ એક્ટરની પસંદગી કરવી એ પણ નાનુંસૂનુ કામ નથી. 'રામાયણ'નાકાસ્ટિંગ ડિરેક્ટર છે મુકેશ છાબરા. રોલ માટે ફિટ બેસે એવા અભિનેતાની વરણી કરવામાં મિસ્ટર છાબરાનીમાસ્ટરી માનવામાં આવે છે. જોકે. 'રામાયણ'નાં વિવિધ પાત્રો માટે કલાકારની પસંદગી કરવી એ એક બહુ મોટો પડકાર હોવાનું મુકેશ છાબરાએ જાહેરમાં કબૂલ્યું છે. પાત્રમાં ફિટ બેસે એવા એક્ટર ઉપરાંત સેટ પર એમની હાજરીથી મંગળ વાતાવરણ રહે એવા કલાકારની પસંદગી કરવાનો તેમનો આગ્રહ હતો અને છે.

જોકે, આ પ્રક્રિયામાં કેટલીક મુશ્કેલી - અડચણનો સામનો કરવો પડ્યો છે. એક્ટરનું નામ નક્કી કર્યા પછી એ પાત્ર ભજવવા પોતાની અસમર્થતા અમુક કલાકારોએ દર્શાવી છે. પરિણામે કાસ્ટિંગ ડિરેક્ટરે ફેરવિચાર કરવો પડ્યો છે જે આસાન કામ નથી.

સિલેક્ટ કર્યા પછી ના પાડી હોય એવા એક્ટર્સમાં સૌથી જાણીતું નામ પ્રિયંકા ચોપડાનું છે. રામાયણમાં શૂર્પણખાનું પાત્ર અત્યંત મહત્ત્વનું છે. રાવણની બહેન અને રાક્ષસી રાજકુમારી શૂર્પણખાને કારણે રામાયણની કથામાં વળાંક આવે છે. એવું કહેવાય છે કે શૂર્પણખાને કારણે જ રામ - રાવણ યુદ્ધ થયું. શૂર્પણખા શ્રી રામ સાથે વિવાહ કરવા માગતી હતી, પણ એની ઈચ્છાનો અસ્વીકાર થતા એ સીતાજી પર હુમલો કરવાની કોશિશ કરે છે. આ જોઈ ક્રોધિત થએલા લક્ષ્મણ શૂર્પણખાના નાક - કાન કાપી લે છે. વ્યથિત થયેલી શૂર્પણખા રાવણ પાસે જઈ સીતાનું અપહરણ કરવા એને ઉશ્કેરે છે. આ ઉશ્કેરણીને પગલે જ રામ - રાવણ યુદ્ધ થાય છે.

આ રોલ માટે એક સમયની ટોપ હીરોઈન પ્રિયંકા ચોપડાનું નામ નક્કી કરવામાં આવ્યું હતું. પ્રિયંકા પણ કામ કરવા ઉત્સુક હતી. જોકે, એ અત્યારે ઈન્ટરનેશનલ પ્રોજેક્ટ્સમાં ખાસ્સી વ્યસ્ત હોવાને કારણે વિનમ્રતા સાથે એણે ના પાડી છે. હવે એ રોલ રકૂલ પ્રીત સિંહને ફાળે આવ્યો છે.

લક્ષ્મણના પાત્ર માટે એક્ટરની પસંદગી કરવી આસાન નહોતું એવી સ્પષ્ટતા ખુદ કાસ્ટિંગ ડિરેક્ટર મુકેશ છાબરાએ કરી છે. લક્ષ્મણના રોલનું મહત્ત્વ અલગ રીતે સમજાવતા છાબડાએ દલીલ કરી હતી કે 'લક્ષ્મણ મોટાભાઈ શ્રી રામ માટે અત્યંત આદર અને ભક્તિભાવ ધરાવે છે. શ્રી રામની દરેક વાતને પડકાર્યા વિના અનુસરે છે. રામ સાથેનાં દ્રશ્યોમાં લક્ષ્મણે પોતાનું સન્માન જાળવી મોટાભાઈ પર પ્રભુત્વ મેળવવાની કોશિશ જરાય નથી કરવાની. પ્રથમ નજરે રોલ આસાન લાગે, પણ એની બારીકીઓ જાળવવી આસાન નથી.'

આ વાત સમજવા જેવી છે. જોકે, રણબીર કપૂર શ્રી રામ બન્યો હોવાથી એની સામે લક્ષ્મણનો રોલ કરવા અનેક કલાકારોએ ના પાડી હતી એવું યુનિટના જ એક સભ્યએ જણાવ્યું હતું. અંતે નવોદિત એક્ટર રવિ દુબેનું નામ નક્કી થયું હતું.

એ જ રીતે ટીવી, વેબ સિરીઝ અને કેટલીક ફિલ્મોમાં પ્રભાવી સાબિત થયેલા એક્ટર જયદીપ આહલાવતને રાવણના ભાઈ વિભીષણનો રોલ ઓફર કરવામાં આવ્યો હતો. જોકે, કામની વ્યસ્તતાને કારણે શૂટિંગ માટે જરૂરી સમય ન ફાળવી શકે એમ હોવાથી એક્ટરે ના પાડી દીધી છે. હવે બીજા એક્ટરની શોધ ચાલી રહી છે. ■

## કયું પાત્ર કોણ ભજવશે?

'રામાયણ' ફિલ્મનો પહેલો ભાગ આવતા વર્ષે દિવાળીમાં રિલીઝ થવાની ગણતરી છે. નિયમિત ગતિએ શૂટિંગ ચાલી રહ્યું છે. અત્યાર સુધીમાં ૧૯ એક્ટરની વરણી અલગ અલગ પાત્રો માટે થઈ ગઈ છે. રામાયણની પારાયણ એટલે કે એની અત્યાર સુધીની કલાકાર પસંદગીની વિગતો આ પ્રમાણે છે.:

શ્રી રામનો રોલ રણબીર કપૂર અને સીતા મૈયા તરીકે સાઈ પલ્લવીનજરે પડશે. સાઉથની ત્રણેય ભાષાની ફિલ્મોમાં એક દશકથી કામ કરી રહેલી આ અભિનેત્રી હિન્દી ફિલ્મોના દર્શકો માટે અજાણી છે. અન્ય પાત્ર - કલાકાર આ પ્રમાણે છે.

'કેજીએફ ચેપ્ટર ૧ - ૨'થી હિન્દી ફિલ્મોના શોખીન દર્શકોમાં પણ જાણીતો બનેલો સાઉથ ઈન્ડિયન એક્ટર યશ દર્શકોને રાવણના રોલમાં જોવા મળશે. પવનપુત્ર - રામભક્ત હનુમાન સની દેઓલ છે તો લક્ષ્મણના રોલમાં રવિ દુબે છે. જટાયુના પાત્ર માટે અમિતાભ બચ્ચનની વરણી થઈ છે, જ્યારે રાજા દશરથના રોલમાં 'રામાયણ' સિરિયલના શ્રી રામ અરુણ ગોવિલ જોવા મળશે. શિવજી - મોહિત રૈના (દેવોકા દેવ મહાદેવ), મેઘનાદ - વિક્રાંત મેસી, ભગવાન ઈન્દ્ર- કુણાલ કપૂર, ભરત - આદિનાથ કોઠારે, શૂર્પણખાનો પતિ વિદ્યુતજિવ્હા- વિવેક ઓબેરોય, કુંભકરણ - બોબી દેઓલ, રાજા જનક - અનિલ કપૂર (સંભાવિત), કૈકેયી - લારા દત્તા, શૂર્પણખા - રકૂલ પ્રીત સિંહ, મંદોદરી - કાજલ અગ્રવાલ, કૌશલ્યા - ઈન્દિરા ક્રિષ્ણન અને મંથરા - શિબા ચઢ્ઢા પસંદ થયાં છે.

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

# મતવાલા અલગારી અદાકાર મોતીલાલ

**કોઈ પણ રોલને પોતાની આગવી અદાકારીથી જીવંત કરી દેવા માટે મોતીલાલ પંકાયેલા હતા. 'ઝિંદગી ખ્વાબ હૈ. ખ્વાબ મેં જૂઠ ક્યા ઔર ભલા સચ હૈ ક્યા?' માં મોતીલાલે એક મસ્ત શરાબીની એવી અદાકારી કરેલી કે દર્શકો પણ ઝૂમી ઊઠેલા.**



૧૯૬૦ના દાયકામાં મુંબઈનાં કોઇ ખાલી ફ્લેટમાં મોતીલાલ નામનો એક્ટર, એક જમાનાનાં સ્ટાર ચંદ્રમોહન સાથે બેઠો છે. આજે ચંદ્રમોહન પાસે પૈસો કે કામ નથી. એક જમાનાના બેઉ સ્ટાર્સ પોતપોતાની વેદનાનાં તાપણાં પાસે બેઠાં છે. આવી ઉદાસ સાંજ એમનું રોજનું રૂટીન છે, પણ આજે ચંદ્રમોહન 'વેટ-૬૯' નામની મોંઘી શરાબ એકલો એકલો પી રહ્યો છે. આ જોઇને મોતીલાલને નવાઈ લાગે છે કે, આજે એનો દિલદાર મિત્ર ચંદ્રમોહન એને એક પેગ પણ ઓફર કેમ નથી કરી રહ્યો? પછી મોડી રાત્રે મોતીલાલ જ્યારે ઘરે જવા નીકળે છે ત્યારે ચંદ્રમોહન બારણે આવીને એને ભેટીને કહે છે, 'સોરી યાર, આજે મેં તને એક પણ પેગ ઓફર ન કર્યો. કારણ કે સાચું કહું? 'વેટ-૬૯'ની પેલી વિદેશી શરાબની બોતલમાં હું દેશી દારૂ ભરીને પી રહ્યો હતો! એ હું તને ઓફર કઈ રીતે કરું? તું મારો મિત્ર ભલે છે પણ મારાથી મોટો સ્ટાર અને મહાન અભિનેતા છે, મારે એ વાતની આમન્યા તો જાળવવી જ જોઇએ ને?! '

થોડા દિવસો પછી એ ચંદ્રમોહન, ખિસ્સામાં એક પણ રૂપિયા વિના સડક પર મરી જાય છે. 'ઝિંદગી ખ્વાબ હૈ. ખ્વાબ મેં જૂઠ ક્યા ઔર ભલા સચ હૈ ક્યા?' ગીત ગાનારો મોતીલાલ પણ નિર્માતા બનીને, નુકસાન ઝીલીને ઝિંદગીને ખ્વાબની જેમ જીવીને, દેવાદારની હાલતમાં મૃત્યુ પામે છે, પણ બેઉની દોસ્તીની કસ્મો આજે પણ લેવાય છે.

મોતીલાલ રાજવંશ ૧૯૩૦થી ૧૯૬૦ સુધીનો એ ચમકતો સિતારો. હિન્દી સિનેમાના શરૂઆતના દિવસોમાં જ્યારે પારસી ઉર્દૂ નાટકોને લીધે કલાકારો એક્ટિંગ કરતા ત્યારે મોતીલાલે નેચરલ એક્ટિંગનો ટ્રેન્ડ શરૂ કરલો. મોતીલાલ એક્ટિંગ વિશે કહેતા, એક્ટિંગ ન કરો, રોલને જીવો. દર્શક એનો ખુદબખુદ અનુભવ કરશે'.

દિલિપ કુમાર, રાજેશ ખન્ના, નસીરુદ્દીન શાહ જેવા મોટામોટા કલાકારો પણ એમના ફેન હતા. સૌ સ્ટારને સદા ધિક્કારતા નસીરુદ્દીન કહે છે, 'મોતીલાલની એક્ટિંગ એવી હતી કે તમે ભૂલી જાઓ કે એ એક્ટિંગ કરે છે.'

ફિલ્મ લાઇનમાં મોતીલાલની એન્ટ્રી એકદમ ફિલ્મી સ્ટાઇલથી થયેલી. દિલ્હીમાં કોલેજ પૂરી કર્યા પછી નૌકાદળમાં જોડાવા મુંબઈ આવ્યા. બીમાર પડી જવાથી એંટ્રેંસની પરીક્ષા આપી શક્યા નહીં.

એકવાર સરસ તૈયાર થઈને શૂટિંગ જોવા માટે 'સાગર સ્ટુડિયો' ગયા. ત્યાં દિગ્દર્શક કાલીપ્રસાદ ઘોષ કોઇ સામાજિક ફિલ્મનું શૂટિંગ કરી રહ્યા હતા. એમની નજર મોતીલાલ પર પડી અને બસ, અચાનક જ એમણે આગામી ફિલ્મ 'શહેર કા જાદુ' (૧૯૩૪)માં મેન રોલ આપી દીધો.

'દેવદાસ' (૧૯૫૫)માં એમનો ચુન્ની બાબુનો રોલ, જેમાં એ ચંદ્રમુખીના પ્રેમી હતા એટલો દમદાર હતો કે એમને 'ફિલ્મફેર' બેસ્ટ સપોર્ટિંગ એક્ટર એવોર્ડ મળ્યો હતો. એક સીનમાં, જ્યાં એ ચંદ્રમુખીને શાંતિથી જોઈ રહે છે ત્યારે એમની આંખો બધું કહી દે છે એવી એક્ટિંગ એ વખતે કોઈ નહોતું કરતું. ડિરેક્ટર બિમલ રોય એમને બહુ ઓછું સમજાવતા. એમને ખબર હતી કે મોતીલાલ રોલને પોતાની રીતે જ જીવંત કરી મૂકશે.

'જાગતે રહો' (૧૯૫૬)માં એમનો રોલ એક ગરીબ માણસનો છે, જે શહેરમાં ભટકે છે. એ ફિલ્મનો એક સીન છે જ્યાં મોતીલાલ ભૂખ્યા-તરસ્યા રસ્તા પર ઊભા છે, એ સીન એટલો વાસ્તવિક લાગે છે કે એ જોઈને દર્શકો રડી પડતાં. એ વખતના વિવેચકોએ લખેલું કે 'મોતીલાલે આ રોલમાં એક કોમન-મેનની લાચારીને જીવાડી દીધી.' આ ફિલ્મે ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં પણ નામ કમાયું અને મોતીલાલની એક્ટિંગ એનું મોટું કારણ હતું. આ ફિલ્મનું ગીત 'ઝિંદગી ખ્વાબ હૈ. ખ્વાબ મેં જૂઠ ક્યા ઔર ભલા સચ હૈ ક્યા?' માં મોતીલાલે એક મસ્ત શરાબીની એવી અદાકારી કરેલી કે દર્શકો પણ ઝૂમી ઊઠેલા. પાછળથી રાજેશ ખન્નાએ 'અમર પ્રેમ'માં 'યે ક્યા હુઆ, કૈસે હુઆ' ગીતમાં મોતીલાલનું જ અનુકરણ કરેલું.

મોતીલાલનો ચાર્મ ફક્ત સ્ક્રીન પર જ નહોતો. એમની પર્સનલ લાઇફ પણ એટલી જ રંગીન હતી. પહેલાં નાદિરા નામની હીરોઈન સાથે અફેર હોવાનું કહેવાય છે, પછી એમનું નામ શોભના સમર્થ સાથે જોડાયું. શોભના સમર્થ એટલે નૂતન અને તનૂજની મા અને આજની અભિનેત્રી અને અજય દેવગનની પત્ની કાજોલની નાની. મોતીલાલ અને શોભના સમર્થ 'સાગર ફિલ્મ કંપની'ની ફિલ્મોમાં કામ કરતા ત્યારે બેઉ માત્ર મિત્ર હતા. જ્યારે શોભના સમર્થના છૂટાછેડા થયા ત્યારે મોતીલાલે શોભનાને પરણવાનો પ્રસ્તાવ મૂકેલો. ત્યારે તો શોભનાએ ના પાડેલી પણ પાછળથી એમના પ્રેમનો પ્રસ્તાવ સ્વીકાર્યો હતો. શોભના સમર્થ અને મોતીલાલે ક્યારેય લગ્ન તો નહોતા કર્યા, પણ એમનો એક અનામી સંબંધ હતો. નૂતન અને તનૂજા એમની જ પુત્રી છે એ વાત બોલિવૂડમાં સ્વીકારાયેલું સત્ય છે. એમાંયે ફિલ્મ 'અનાડી'માં મોતીલાલ નૂતનની સામસામી અદાકારી ખૂબ યાદગાર છે.

મોતીલાલ બહુ મોટા સ્ટાર હતા, પણ એમના અભિનય જેટલા જ સરળ પણ હતા. એક દિવસ એક ફિલ્મના સેટ પર એક નાનો મજૂર એમની પાસે ઓટોગ્રાફ માગવા ગયો. મોતીલાલે ફક્ત સાઇન જ ન કરી પણ એ છોકરાને પાસે બેસાડીને એની સાથે સિગરેટ શેર કરી અને શિમલાના જૂના દિવસોની વાતો કરી. મોતીલાલને ઘોડાની રેસ અને જુગારનો ખૂબ શોખ. એક વખત એમનો 'ટ્રેટર' નામનો ઘોડો, રેસમાં ફિનિશ લાઈન પાસે આવીને પાછો વળીને મોતીલાલને જોવા ગયો અને રેસમાં હારી ગયો! પછીથી મોતીલાલે રેસકોર્સમાં રમવાનું તો છોડી દીધું, પણ જુગારની લતે એમને પાયમાલ કરી મૂક્યા હતા.

૧૯૬૦ના દાયકામાં એમની પાસે લગભગ કશું ન રહ્યું. ડિરેક્ટર તરીકેની પહેલી ફિલ્મ 'છોટી છોટી બાતેં' (૧૯૬૫) રિલીઝ થાય એ પહેલાં જ એ ગરીબીમાં ગુજરી ગયા. મોતીલાલજીને આ ફિલ્મ માટે મરણોત્તર બે રાષ્ટ્રીય પુરસ્કારો પણ આપવામાં આવ્યા હતા.

એક બેપરવા અને કોઇજાતના અપરાધભાવ વિના મસ્તીથી જીવનારા મોતીલાલ ફક્ત એક્ટર નહોતા, એક આગવી ખુશ્બૂ જેવા ઇંસાન હતા વેદના- સંવેદના, સ્ટાઇલ અને વિદ્રોહીતાનો સંગમ.

મોતીલાલે જીવનમાં ખૂબ શોહરત કમાઇ, ખૂબ દોલત કમાઈને ગુમાવી, ખૂબ રોમાંસ કર્યો ને અભિનયમાં ખૂબ સચ્ચાઇ દેખાડી. મોતીલાલનું જીવન ભલે પર્ફેક્ટ નહોતું, પણ રીઅલ, દંભ વિનાનું સાચુકલું હતું. એક સાચુકલા કલાકારને છાજે એવું!

બાય ધ વે, હમણાં ૧૭મી જૂને મહાન અભિનેતા મોતીલાલજીની ૬૫મી પુણ્યતિથિ હતી. ■

# સફળતા સાર્વજનિક ઉત્સવ છે, નિષ્ફળતા વ્યક્તિગત દુઃખ!

સાત્વિકમ્ શિવમ્
અરવિંદ વેકરિયા

નાટક ખૂબ જ સરસ ગયું એટલે પ્રેક્ષકોનો પ્રતિસાદ જોરદાર રહ્યો. હવે જોવાનું એ છે કે 'બોર્ડ'નાં સભ્યો માટે આ કેવું નીવડ્યું !

હું ઉચાટમાં હતો. ડોલર તો નિર્માતા હતો, પણ એનાં પેટનું પાણી નહોતું હલતું. એ કહેતો, 'બહુ બહુ તો વધુ શો માટે પરમિશન નહીં આપેને? જેવા ગુજરાતનાં નસીબ.. ઉદાસ શું થવાનું દાદુ. નસીબ આપણા હાથમાં લીંબુ પકડાવે ત્યારે ઉદાસ થવા કરતાં 'શરબત' કેમ બનાવવું એ વિચારવાનું... ગુજરાત કદાચ ન ફળે તો 'મહારાષ્ટ્ર' તો છે જ ને !'

મને થયું હવે આ વાત સ્વીકારે છે બાકી 'ગુજરાતને ઘમરોળવું છે...' ની વાત હવે ટાઢી પડી ગઈ હતી. રાજા-વાજા ને વાંદરા, બધાં સરખા. 'બોર્ડ'વાળા સાથે કળથી કામ લેવું પડશે. આ લોકો 'સાથે' મોટા થવાય, આમની 'સામે' મોટા થવા જઈએ તો કામ કદાચ ન પણ થાય.

ખેર, 'ડઝન' અધિકારીઓ આવ્યા. હા, ભૂપત વડોદરિયા ન આવ્યાં. એ તો 'બોર્ડ'માં નહોતા. મહિલાઓ માટે 'મા.મા.લ.પા'. માટે પોતાના પ્રકાશન સમભાવમાં કઈક લખશે, બધા સાથે સાહિત્યને લીધે ઘરોબો ખરો, પણ આજે 'જવાબદારી' અલગ હોવાથી એક અંતર રાખી ય અંદર આવ્યાં નહીં. રજનીકુમાર પંડ્યા અને બકુલ ત્રિપાઠી તો ઉમળકાભેર મળ્યાં. બધાં વતી આગેવાની જોસેફ મેકવાને લીધી હોય એવું લાગ્યું. 'અભિનંદન' તો આપ્યાં પણ નાટકનાં વિષયથી તેઓ કોઈ ખુશ નથી એ પણ જણાવી દીધું. જોસેફ મેકવાને મને કહ્યું, 'અરવિંદભાઈ, તમે દિગ્દર્શક તરીકે જરા વધુ પડતું 'બોલ્ડ' દેખાડ્યું છે. નવ-રસમાં શૃંગાર પણ એક રસ છે એ માનું છું. સેકસને રજૂ કરવું ખોટું નથી. અરુચિકર ન હોવું જોઈએ. તમે આ વસ્તુ રાજ કપૂરની જેમ રજૂ કરી શક્યાં હોત.'

મેં બહુ જ સરળ ટોનમાં કહ્યું, 'સાહેબ, એ ફિલ્મ છે. ફિલ્મમાં બે ફૂલ પવનથી એકબીજાનાં સંપર્કમાં આવતા તમે દેખાડી શકો, જે તખ્તા ઉપર રજૂ કરવું મુશ્કેલ બની જાય'. મારી આ વાત જોસેફભાઈને તો ન ગમી, પણ કદાચ રજનીભાઈ અને બકુલભાઈને પણ ગમી નહીં હોય એવું એ બંનેના મોઢા પરનાં હાવભાવ પરથી લાગ્યું. મૂળ વાત મારાથી ભુલાઈ ગઈ કે એકાંતમાં પોતાના વિચારો અને જાહેરમાં પોતાના શબ્દો ઉપર કાબૂ રાખવો જોઈએ. પછી તો ઘણી દલીલો થઈ. ઓફકોર્સ, ઝગડાનાં રૂપે નહીં. પણ આ ઝગડો અને ઝરણું, બંનેની શરૂઆત તદ્દન નાની હોય છે પરંતુ જેમ જેમ આગળ વધે તેમ વિશાળ બને પણ વાત 'વિશાળ' બને એ પહેલા રજનીભાઈએ અટકાવી દીધી.



નિર્માતા-ડોલર પટેલ

તારણ એવું નીકળ્યું કે જે રીતે નાટકની રજૂઆત કરી એ અરુચિકર હતી. બીજું, અમુક કટ્સ ફોલો નહોતા કરવામાં આવ્યા. આંગિક જેસ્ચર બીભત્સ લાગ્યાં. આવતી કાલે સવારે તમને ફાઈનલ કટ્સ આપીશું જે તમારે ફોલો કરવા પડશે. અમે કાલે નિર્ણય જણાવીશું.....

આમ વધારે વાતો કર્યા સિવાય, બધા છુટા પડ્યા. કલાકારોને પણ પરમિશન અંગે શંકા હતી અને નિર્માતા તો 'દેખા જાયેગા'નાં મુડમાં હતા.

બીજે દિવસે તો સમભાવ'માં ભૂપત વડોદરિયાએ અંજલીનાં બોલ્ડ ફોટોગ્રાફ્સ સાથે નાટકને આડેધડ વગોવી નાંખ્યું. જો કે એમની વગોવણીની બુકિંગ ઉપર 'સકારાત્મક' અસર થઈ. બુકિંગ ખુલ્યું અને બે કલાકમાં 'હાઉસ ફૂલ' થઈ ગયું!

હું અને ડોલર પ્રેમાભાઈમાં મસ્તીનો આનંદ લુંટતા હતાં ત્યાં તારકનાથ ગાંધી રઘવાટમાં આવ્યા અને મને કહે, 'દાદુ. તમારા નામનું સમન્સ છે જે લઈ એ 'ડ્રીમલેન્ડ હોટલ' પર બજાવવા આવ્યા હતા. સારું થયું તમે ત્યાં ન મળ્યાં. હવે શો શરૂ થાય ત્યાં સુધી તમે થિયેટરથી દૂર ચાલ્યાં જજો. સામેના પોલીસ સ્ટેશન (કારંજ જેવું નામ હતું, અત્યારે યાદ નથી આવતું.) ઉપર તમારે મળવા જવાનું છે. તમે 'રૂબરૂ' નથી મળ્યા એટલે શો તો નહીં અટકે. તમે શો શરૂ થાય પછી એટલે કે ૯.૩૦ પછી જ મળવા જજો.'

'પણ સમન્સ મારે નામે કેમ?' મેં પૂછ્યું. તો કહે, 'લાઈસન્સ તમારા નામે ઇસ્યુ થયું છે.' ડોલરે મને હિમ્મત આપતા કહ્યું, 'વાંધો નહીં દાદુ, આપણે બંને ફરતા રહીશું. જેવું નાટક શરૂ થાય કે તરત સામે પોલીસ સ્ટેશને જઈ ઇન્સ્પેક્ટરને મળી લઈશું'. ગાંધી કહે 'શો બરાબર ૯.૩૦ શરૂ કરી દેવાનો છે એ સૂચન પણ લખ્યું છે.'

'ઠીક છે..અમે રખડતાં રહીશું. હાથ લાગી ગયો તો શો અટકી શકે.. શો શરૂ થતા અમે ઇન્સ્પેક્ટર પાસે પહોંચી જઈશું.'

હવે તો છૂટકો જ નહોતો. જયારે કઈ ખોવાની નોબત આવી જાય છે ત્યારે એને મેળવવાની કિંમત સમજાય છે. અત્યારે પરમિશન ગુમાવવાની ઘડીને સંભાળી લઇ, બધું 'ઠીક-ઠાક' કરી લેવાનું છે ખબર નહીં નસીબ સાથ આપશે કે નહીં...

તારકનાથ ગાંધીનો આભાર માની હું અને ડોલર પ્રેમાભાઈ હોલમાંથી નીકળી ગયા. કલાકારોને પણ ચિંતા હશે પણ વધુ દુઃખ અને ચિંતા નિર્માતા તરીકે ડોલર પટેલ અને દિગ્દર્શક તરીકે મને વધુ હતી. સફળતા સાર્વજનિક ઉત્સવ છે, નિષ્ફળતા વ્યક્તિગત દુઃખ.

હું અને ડોલર ફરતાં રહ્યા. હોટલ કે પ્રેમાભાઈ હોલ પર જવું યોગ્ય નહોતું. જયારે કાઢવો હોય ત્યારે સમય પણ નીકળતો નથી. ૯ તો વાગ્યા પણ ૯.૩૦ વગાડતા જન્મારો ગયો હોય એવું લાગ્યું.

બરાબર ૯,૩૦ વાગે અમે પોલીસ સ્ટેશને પહોંચી ગયા. મારાં તો પગ ધ્રુજતા હતાં. આવો અનુભવ આ પહેલાં ક્યારે'ય થયો નહોતો. અમે દાખલ થયા ત્યારે ઇન્સ્પેક્ટર એક વ્હોરા મુસ્લિમ દંપતી સાથે કોઈ વાત કરી રહ્યાં હતા. અમને જોયા કે બોલ્યા, 'પેલા ડોલર...' 'હા..હા.. હું એ જ' ઇન્સ્પેક્ટરની પૂરી વાત સાંભળ્યાં વગર ડોલરે જવાબ આપી દીધો.

ઈન્સ્પેક્ટરે એક હવાલદારને કહ્યું, 'આ બંનેને બાજુની કેબિનમાં બેસાડો અને બંને માટે ચા-કોફી જે પીતા હોય એ મંગાવો.' પછી

અમને કહ્યું, 'પ્લીઝ, તમે બેસો .. હું આવું છું.'

હું અને ડોલર બંને એક-બીજા સામે જોઈ રહ્યાં...■

### ડબલ રિચાર્જ

*છગન અને એની પત્ની ટ્રેનમાં જતાં હતાં.*

*સ્ટેશન ઉપર જાહેરાત કરવામાં આવી....*

*'ભારી વર્ષા કે કારન ટ્રેન દેરી સે ચલ રહી હૈ'*

*આ સાંભળી છગનની પત્ની બોલી..*


*'એવું હોય તો પેલી ભારેખમ 'વર્ષા'ને ટ્રેનમાંથી ઉતારી દેવી જોઈએ.'*

હેન્રી શાસ્ત્રી

**ફ્લેશ બેક**

# ‘દહેજ’થી દહેજનાં દૂષણના દીદાર

## ૧૯૫૦થી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બદલાવ આવ્યો અને સામાજિક પ્રશ્નોને કેન્દ્રમાં રાખી ચિત્રપટને પ્રાધાન્ય મળવા લાગ્યું.




**બ્રિટિશ** ગુલામીમાંથી ભારતને ૧૯૪૭માં આઝાદી મળી, પણ સાથે દેશના ભાગલા પણ પડ્યા. ૧૯૪૭થી ૧૯૫૦ દરમિયાનનો સમય દેશ તેમ જ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે કપરો કાળ હતો. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના દિવસે ભારત પ્રજાસત્તાક દેશ બન્યો અને ભારતને સ્વાયત્તતા મળી. ૧૯૫૦નું વર્ષ દેશ માટે મહત્ત્વનું સાબિત થયું એ જ રીતે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે પણ એક નવું પ્રભાત બનીને આવ્યું હતું. સામાજિક પ્રશ્નો, ગૌરવવંતા ઈતિહાસને પ્રાધાન્ય આપતી ફિલ્મો બનવા લાગી.

વી. શાંતારામની ‘દહેજ’ વિશિષ્ટ ફિલ્મ ગણાઈ હતી, કારણ કે સમાજમાં પ્રવર્તતા દહેજનાં દૂષણનું પ્રભાવી ચિત્રીકરણ એ ફિલ્મમાં જોવા મળ્યું હતું. આ કથાવસ્તુ સાથે વ્યાપક પ્રસિદ્ધિ મેળવનારી એ સંભવતઃ પ્રથમ ફિલ્મ હતી. ચંદા (જયશ્રી)નાં લગ્ન સૂરજ (કરણ દીવાન) સાથે થાય છે પણ ઠાકુર (પૃથ્વીરાજ કપૂર) પૂરતું દહેજ ન આપી શકવાને કારણે સાસુ (લલિતા પવાર) વહુ ચંદાને ઘરમાંથી કાઢી મૂકી સૂરજનાં બીજાં લગ્નનો પેંતરો રચે છે. પિયર પહોંચેલી ચંદાને જ્યારે આ વાતની જાણ થાય છે ત્યારે એ આક્રમક સ્વરૂપ ધારણ કરી સાસરે પાછી ફરે છે. સાસુ ચંદાને ફરી કાઢવા યોજના બને છે. આ તરફ ઠાકુર પોતાનું સર્વસ્વ વેચી પૈસા ઊભા કરી સવાયું દહેજ લઈ વેવાણ પાસે પહોંચે છે. વહુને કોઈપણ ભોગે ઘરમાંથી હાંકી કાઢવાની કોશિશમાં ચંદા અને સૂરજ બંને મૃત્યુ પામે છે અને દહેજ કેવું ભયંકર દૂષણ છે એ દર્શકોને સમજાઈ જાય છે. ફિલ્મની અંતિમ ક્ષણો મેલોડ્રામાથી છલકાય છે, પણ વી. શાંતારામ સોશિયલ મેસેજ પહોંચાડવામાં સફળ રહે છે.

દહેજના દૂષણને કેન્દ્રમાં રાખી કેટલીક હિન્દી ફિલ્મો બની છે. એમાં ‘દહેજ’ અગ્રસર ગણાય છે. ઉપરાંત ‘સાસ ભી કભી બહુ થી’ (૧૯૭૦), ‘સૌ દિન સાસ કે’ (૧૯૮૦), ‘જ્વાલા દહેજ કી’ (૧૯૮૨), ‘એક દિન બહુ કા’ (૧૯૮૩), ‘બહુ કી આવાઝ’ (૧૯૮૫), ‘બંદૂક દહેજ કે સીને પર’ (૧૯૮૯) ફિલ્મો બની હતી જેમાં ગ્રામ્ય પરિવેશ હતો. આ દૂષણ ગામડામાં વધુ જોવા મળે છે એવું માનવામાં આવતું હતું. સુનીલ દત્તની ‘યે આગ કબ બુઝેગી’ (૧૯૯૧)માં શહેરી વાતાવરણમાં પણ આ દૂષણ ફેલાયેલું છે એ દર્શાવવામાં આવ્યું છે. દહેજનાં દૂષણને દર્શાવતા ચિત્રપટમાં શાંતારામ મશાલચી ગણાય. ‘દહેજ’ રિલીઝ થઈ એના ૧૧ વર્ષ પછી ૧૯૬૧માં ‘પ્રિવેન્શન ઓફ ડાવરી એક્ટ’ (દહેજ વિરોધી કાયદો) આવ્યો. ચિત્રપટ સમાજમાં જાગરૂકતા નિર્માણનું કામ કરી શકે છે એનું આ સશક્ત ઉદાહરણ છે.

૧૯૫૦માં રિલીઝ થયેલી ફિલ્મોમાં એક નામ હતું ‘વીર બભ્રુવાહન’. મહાભારતના સૌથી ઓછા જાણીતા પાત્ર પરથી કેમ ફિલ્મ બનાવી હશે એવો વિચાર થવો સ્વાભાવિક છે. અર્જુન અને મણિપુરની રાજકુમારી ચિત્રાંગદાના પુત્ર બભ્રુવાહને યુધિષ્ઠિર દ્વારા આયોજિત અશ્વમેધ યજ્ઞના ઘોડાને પડકાર્યો હતો. પરિણામે અર્જુન સાથે યુદ્ધ કરવું પડ્યું અને એમાં બભ્રુવાહનનું મૃત્યુ થયું હતું. આ ફિલ્મના કલાકારોમાં એક નામ છે શશી કપૂર સિનિયર. અહીં ધ્યાન રાખવાનું છે સિનિયર શબ્દનું. ‘મેરે પાસ માં હૈ’ ડાયલોગ અમર બનાવી દેનારા રાજ કપૂરના ભાઈ શશી કપૂર નહીં, પણ વિજય ભટ્ટએ પ્રોડ્યુસ કરેલી ‘ભક્ત ધ્રુવ’ (૧૯૪૭) ફિલ્મમાં ધ્રુવનો રોલ કરનાર એક્ટર શશી કપૂર! એમનું આખું નામ શશી ચંદ્ર કપૂર હતું. એમના પિતાશ્રી ફતેચંદ કપૂર ફિલ્મ નિર્માતા હતા. પિતાશ્રીની ફિલ્મ ‘લેડી ડોક્ટર’માં એક નાનકડી ભૂમિકા કર્યા પછી દસેક વર્ષ ફિલ્મોમાં કામ કર્યું. દિલીપ કુમારની ‘શહીદ’માં યુવાન વયના દિલીપ કુમારની ભૂમિકા કરી હતી, અશોક કુમાર - નલિની જયવંતની ‘સમાધિ’માં અશોક કુમારના નાના ભાઈનો રોલ કર્યો હતો. જોકે, પછી ફિલ્મોમાંથી રસ ઊડી ગયો અને ઉચ્ચ અભ્યાસ કરી અમેરિકામાં સેટલ થઈ ગયા હતા. મેથેમેટિક્સમાં પીએચ.ડી. કરી ‘વેસ્ટર્ન મિશિગન યુનિવર્સિટી’માં પ્રોફેસર બન્યા હતા. ■

### હોલિવૂડમાં ત્રણ અગ્રણી એક્ટર્સનો આરંભ

૧૯૫૦નું વર્ષ હોલિવૂડ માટે યાદગાર બની રહેવાનું મુખ્ય કારણ એ છે કે એ વર્ષે એવા ત્રણ એક્ટરની પહેલી ફિલ્મ રિલીઝ થઈ, જેમનાં ડંકા અનેક વર્ષો સુધી વાગતા રહ્યા. આજે પણ સિને રસિકો એમને નથી ભૂલ્યા. એ ત્રણ એક્ટર હતા માર્લોન બ્રાન્ડો, ચાર્લ્ટન હેસ્ટન અને સિડની પોઈટર. માર્લોન બ્રાન્ડોની કરિયરની પહેલી ફિલ્મ હતી **The Men.** બોક્સ ઓફિસ પર ધમાકેદાર સફળતા મેળવનારી આ ફિલ્મના દિગ્દર્શક હતા ફ્રેડ ઝીનમેન. ૨૭ વર્ષ પછી ફ્રેડ ઝીનમેનએ મેરિલ સ્ટ્રીપને ‘જુલિયા’માં બ્રેક આપ્યો હતો. **The Godfather, A Streetcar Named Desire, Last Tango in Paris** બ્રાન્ડોની અવિસ્મરણીય ફિલ્મો છે.


**Peer Gynt** ટેકનિકલી ચાર્લ્ટન હેસ્ટનની પહેલી ફિલ્મ છે, પણ એ લો બજેટની નાના પાયે બનેલી ફિલ્મ હોવાથી **Dark City** (૧૯૫૦) ચાર્લ્ટનની ડેબ્યુ ફિલ્મ ગણાય છે. **Ben - Hur, The Ten Commandments** ફિલ્મોથી એક્ટર સ્ટાર બની ગયો અને આજે પણ સ્મરણમાં સચવાયો છે.

આ જ રીતે ૧૯૫૦ - ૬૦ના દાયકામાં અસાધારણ પરફોર્મન્સથી છવાઈ ગયેલા સિડની પોઈટરની **To Sir With Love, Guess Who's Coming to Dinner** નોંધપાત્ર ફિલ્મો ગણાય છે. ૧૯૫૦ની **No Way Out** એમની ડેબ્યુ ફિલ્મ હતી. એ જ વર્ષે **All About Eve** ફિલ્મ સૌથી વધુ ઓસ્કર નોમિનેશન (૧૪)નો ૧૧ વર્ષ જૂનો **Gone With The Wind** (૧૩ નોમિનેશન)નો રેકોર્ડ તોડવામાં સફળ રહી હતી. આમ એકંદરે ૧૯૫૦નું વર્ષ હોલિવૂડમાં પણ નોંધપાત્ર રહ્યું હતું.

---

**ક્લેપ એન્ડ કટ..!**
સિદ્ધાર્થ છાયા

# રૌતેલા રડશે ને સોનુ સૂદ વ્યાજ ભરશે?



દેશમાં જ્યારે પણ ક્રિકેટનો ફીવર તેની ચરમસીમાએ હોય ત્યારે વિવિધ બેટિંગ એપ્સ પણ મશરૂમની જેમ ફૂટી નીકળે છે.

આમાંથી અમુક તો ટૂંકાગાળાનો લાભ લેવા માટે સેલિબ્રિટીઓને ‘મોટી રકમ’ ચૂકવીને લોકોને ભોળવતી હોય છે, પરંતુ લાખ રૂપિયાનો સવાલ એ છે કે આપણા સેલિબ્રિટીઝ પણ શું આટલા બધા ભોળા છે કે એમને દેશના નિયમ-કાયદાની કોઈ ખબર નથી હોતી?

હાલમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એટલે કે ‘ઇડી’એ ઉર્વશી રૌતેલા અને સોનુ સૂદને આવી બેટિંગ એપ્સ સાથે જોડાવા બદલ અથવા તો તેમનું પ્રમોશન કરવા બદલ નોટિસ ફટકારી છે. ‘ઇડી’ આ બંને ઉપરાંત ક્રિકેટરો હરભજનસિંઘ અને યુવરાજ સિંહ ઉપરાંત સાઉથના રાણા દગ્ગુબાટી અને પ્રકાશ રાજ જેવા અનેક કલાકારોને પૂછપરછ માટે બોલાવવાની છે.

આ તમામ ઉપર ભારતમાં ગેરકાયદે જાહેર થયેલી બેટિંગ એપ્સની છદ્મ (surrogate) એપ્સનો પ્રચાર કરવાનો આરોપ લાગ્યો છે.

‘ઇડી’નું કહેવું છે કે આવા સેલિબ્રિટીઝ એન્ડોર્સમેન્ટને લીધે દેશની મોટાભાગની પ્રજા અંજાઈને આ ગેરકાયદે બેટિંગ એપ્સમાં જોડાય છે ને પછી આ એપ્સ એમના અજ્ઞાનનો લાભ લઈને એમને આર્થિક ચૂનો ચોપડી દે છે.

વાત ફરીને ત્યાં જ આવે છે કે, દેશની પ્રજા ભોળી છે, પરંતુ આ કલાકારો અને ક્રિકેટરો એક આખી લીગલ ટીમ ધરાવતા હોવા છતાં આવા કરાર કરતાં પહેલાં એમને પૂછતાં નહીં હોય? પૈસાની લાલચ આટલી બધી આંધળી હોતી હશે?

## મિયાં આમિરની વાણિયાગીરી...

આમિર ખાનની ‘સિતારે ઝમીન પર’ આજે રિલીઝ થઇ ગઈ છે, પરંતુ જો ધ્યાનથી જોવામાં આવે તો આ ફિલ્મનો પહેલો શો છેક સવારે ૧૧ વાગ્યે છે. સામાન્યતઃ ત્રણેય ખાનોની ફિલ્મો હોય કે કોઈ મોટી ફિલ્મ હોય તો એના શો વહેલી સવારે ૭ કે ૮ વાગ્યે શરૂ થઇ જતાં હોય છે. સમાચાર અનુસાર આમ કરવા પાછળ આમિરની ખાસ રણનીતિ છે.




આટલું ઓછું હોય, તેમ સવારે ૧૧ થી સાંજે ૬ સુધી ‘સિતારે ઝમીન પર’ના ફક્ત ચાર જ શો રાખવા એવી સ્પષ્ટ સૂચના થિયેટર માલિકોને આપવામાં આવી છે. હા, ૬ વાગ્યા પછી જેટલા શો રાખવા હોય એની છૂટ પણ આપવામાં આવી છે. જોકે, આમિરનું આ આશ્ચર્ય ફક્ત શુક્રવાર પૂરતું જ છે. શનિવારથી બધું રાબેતા મુજબ થઇ જશે.

આમિરની આ રણનીતિ પાછળ શું લોજીક છે એ સમજવાનો પ્રયાસ કરીએ. પહેલું લોજીક તો એ છે કે આમિરની છેલ્લી ફિલ્મ ફ્લોપ ગઈ છે એટલે આમિર આ વખતે કોઈજ ચાન્સ લેવા માગતો નથી. બીજું, શુક્રવાર વર્કિંગ- ડે હોય છે.

આજકાલ બોલિવૂડની ફિલ્મો પહેલા દિવસે ખાસ ઉકાળી રહી નથી, સિવાય કે બ્લોક બુકિંગ હોય. આમિરને એ પણ ખબર છે કે એની આ ફિલ્મનો વિષય એવો છે કે સવારના ૭ કે ૮ વાગ્યાના શોની ટિકિટ ભાગ્યે જ કોઈ ખરીદશે.

શુક્રવારે દિવસ ચડતા સમયે પરિવાર, કોલેજ જનારાઓ અથવા તો મોટેરાંઓ ફિલ્મ જોવા બહાર નીકળે છે એટલે ઓક્યુપન્સી એની મેળે વધતી હોય છે. આથી વહેલા શોમાં વ્યર્થ મહેનત કરવાને બદલે ૧૧ વાગ્યાથી ૬ સુધી લિમિટેડ શો રાખવા અને ૬ પછી તો ઓફિસ પત્યા પછી લોકો આવવાના છે જ!

વાહ, મિયાં આમિર, તું ક્યારથી વાણિયો બની ગયો?!

## આર્થિક જંગલમાં ‘ભૂલું’ પડી ગયું ‘વેલકમ ટુ ધ જંગલ’!




ફિરોઝ નડિયાદવાલાની ‘વેલકમ ટુ ધ જંગલ’ અત્યારે નાણાકીય તકલીફમાં મુકાઈ છે. ધડાધડ શેડ્યુલ્સ કેન્સલ થઇ રહ્યા છે. અહીં એ કહેવાનું મન થાય છે કે આ ફિલ્મનું શૂટ શરૂ થયે દોઢ વર્ષ થઇ ગયું છે, પણ હજી એ ક્યારે પતશે એના કોઈ વાવડ નથી. એમાં આ નાણાકીય તકલીફ ઊભી થઇ એટલે ફિલ્મ બનીને ક્યારે સામે આવશે એની કોઈજ ગેરંટી નથી.

હમણાં જ એના ડિરેક્ટર અહેમદ ખાને કહ્યું હતું કે મારા પ્રોડ્યુસરને વાંધો નથી એટલે હું આરામથી ફિલ્મ બનાવી રહ્યો છું, પરંતુ જો નાણાકીય તકલીફના સમાચાર સાચા હોય તો અહેમદ ખાનના ‘આરામ’થી ફિલ્મ બનાવવાનું સાચું કારણ આપણી સામે આવી ગયું છે. એક તો આ ફિલ્મની સ્ટારકાસ્ટ તોતિંગ છે, એટલે કે મોંઘા કલાકારો છે, એમાં શૂટિંગ ખેંચાઈ રહ્યું છે એટલે એમ પણ એની કોસ્ટ વધી રહી છે. આમાં જંગલને થિયેટર્સમાં વેલકમ કરવાની તક દર્શકોને મળશે કે કેમ એ એક મોટો પ્રશ્ન છે. ■

**કટ એન્ડ ઓકે..**

***પાયરસીને કારણે થયેલા નુકસાન માટે ‘સિકંદર’ના નિર્માતા સાજીદ નડિયાદવાલાએ અધધધ રૂપિયા ૯૧ કરોડનો ઇન્શ્યોરન્સનો દાવો માંડ્યો છે.***

---




મહેશ નાણાવટી

# ફિલ્મ સ્ટાર્સના કેટલાંક હવાઈ ‘અકસ્માત’

**‘અમદાવાદમાં** તૂટી પડેલા બોઈંગ વિમાનની દુર્ઘટના કદાચ બોલિવૂડના સ્ટાર્સ માટે ભારત-પાકિસ્તાનના યુદ્ધ કરતાં પણ વધારે મોટી ઘટના હશે, કેમ કે આ વખતે લગભગ બધા જ ફિલ્મી સ્ટારોએ સોશિયલ મીડિયામાં એના વિશે પ્રતિભાવ આપ્યો.’

આવું સોશિયલ મીડિયા પર એક યુઝરે લખેલું વાક્ય ફરી રહ્યું છે! ખેર, એ બધા વિવાદોને છોડો, આજે આપણા બોલિવૂડના ફિલ્મ સ્ટાર્સને વિમાનના કેવા કેવા અનુભવો થયા છે તેના થોડા હળવા કિસ્સા મમળાવીએ...

સૌથી પહેલાં અક્ષય કુમારનો કિસ્સો બડો મજેદાર છે. અક્ષય કુમાર એ ડરામણી છતાં રમૂજી ઘટના યાદ કરતાં રહે છે કે ‘એ વખતે હું માંડ ૧૧-૧૨ વરસનો હતો. હું દિલ્હીમાં રહેતો હતો અને કોઈ ખાસ મહત્ત્વના કામસર મારા પિતાજીએ વિમાન દ્વારા ‘એકલો’ મને મોકલવાનું નક્કી કર્યું!’

હવે તો તમે જાણો છો કે અક્ષય કુમાર કોઈ હોટલમાં વેઈટર તરીકે સંઘર્ષ કરનારો ‘ગરીબ’ તો હતો જ નહીં (જેવું ઘણી વાર કહેવાતું આવ્યું છે!), કેમકે એના પિતા એક આર્મી ઓફિસર હતા. એમણે પોતાની વગ વાપરીને વિમાનની એર-હોસ્ટેસને કામ સોંપ્યું હતું કે મારા દીકરાને તમે મુંબઈ એરપોર્ટ પર હેમખેમ ઉતારી દેજો, ત્યાં તેને લેવા કોઈ આવી જશે!’

આમ જોવા જાવ તો આ બધું ‘નોર્મલ’ જ લાગે છે ને? પણ મોટો લોચો વિમાનના ‘નામ’માં હતો! અક્ષયના પપ્પાએ વારંવાર કીધેલું કે તને તો હું ‘એરબસ’માં મોકલી રહ્યો છું! (એ જમાનામાં ‘એરબસ’ નામનું મોડલ લેટેસ્ટ હતુ.)

આ ‘એરબસ’ શબ્દ ૧૧ વરસના અક્ષયના મગજમાં ઘૂસી ગયો હતો. હવે જ્યારે દિલ્હી એરપોર્ટના ટર્મિનલ પરથી પેસેન્જરોને બસમાં બેસાડીને વિમાન તરફ લઈ જઈ રહ્યા હતા ત્યારે અક્ષયની છાતી ‘ધકધક’ થઈ રહી હતી કે ‘સાલી આ બસ? આવડી અમથી બસ... હવે ઊડશે?’

અક્ષય એ ઘડીને યાદ કરતાં કહે છે ‘હું એટલી ડરી ગયો હતો કે મેં મારી નાનકડી બેગ બન્ને હાથ વડે મજબૂતીથી છાતી ઉપર પકડી રાખી હતી!’


આપણા યુસુફ સાહેબ યાને કે દિલીપ કુમારનો કિસ્સો ત્યારનો છે, જ્યારે એ પુરજોશ જુવાનીમાં હતા અને લોકપ્રિયતાની ટોચ ઉપર હતા. એ કિસ્સામાં દિલીપ કુમાર જેવા વિમાનમાં દાખલ થયા કે તરત જ અમુક લોકો એમને ઓળખી ગયા.

‘દિલીપ કુમાર... દિલીપ કુમાર!’ કરતાં અમુક લોકો તેમને વીંટળાઈ વળ્યા. આ જોઈને બીજા પેસેન્જરો પણ પહોંચી ગયા. કોઈ ઓટોગ્રાફ માગી રહ્યું હતું, કોઈને હાથ મિલાવવા હતા, કોઈને દિલીપ કુમાર સાથે ફોટા પડાવવા હતા... વગેરે ચાલતું રહ્યું.

છેલ્લે જ્યારે દિલીપ કુમાર પોતાની સીટ પર આવી આવીને એમની આગળ હરખ પ્રગટ કરી જતા હતા, પણ દિલીપ કુમારે જોયું કે પોતાની બાજુની સીટ પર બેઠેલા સૂટધારી સજ્જને એમની નોંધ સુધ્ધા લીધી નહોતી.


રતન ટાટા


દિલીપ કુમાર


અક્ષય કુમાર


ઉર્ફી જાવેદ


નીના ગુપ્તા

ઉલ્ટું, એ પોતાની ફાઈલ ખોલીને કંઈ કામમાં પરોવાયેલા હતા.

આખરે જ્યારે ફ્લાઈટ ઊપડવાનો સમય થયો અને સૌને પોતપોતાની સીટ પર બેસી જઈને સીટ બેલ્ટ બાંધવાની સૂચના આપવામાં આવી ત્યારે દિલીપ કુમારે પોતાનો બેલ્ટ બાંધતાં બાજુવાળા સજ્જનને સફાઈદાર અંગ્રેજીમાં કહ્યું, ‘લાગે છે, તમે મને ઓળખ્યો નહીં, હું દિલીપ કુમાર છું. ફિલ્મોમાં કામ કરું છું.’

પેલા સજ્જને વિવેકતાથી કહ્યું, ‘સોરી, હું ફિલ્મો જોતો નથી.’

થોડીવાર પછી એ સજ્જન પોતાની ફાઈલમાં ગુંથાયા ત્યારે દિલીપ કુમારે પૂછ્યું, ‘આ શું કરો છો?’ ત્યારે એ સજ્જને કહ્યું ‘હું એક બિઝનેસમેન છું, રતન ટાટા મારું નામ છે!’

એ તો સારું થયું કે રતન ટાટાએ એમ ના કીધું કે ‘આ એરલાઈન્સના જ માલિક છે ને, જેઆરડી ટાટા એ મારા સગામાં થાય!’

અમિતાભ બચ્ચને જે રીતે ‘મર્દ’ ફિલ્મમાં દિલીપ કુમારની ‘કોહીનૂર’ ફિલ્મના એક સીનની ડીટ્ટો નકલ કરી હતી એ જ રીતે વરસો પછી એમણે પણ આ જ કિસ્સો પોતાના નામે ચડાવતાં કહ્યું હતું કે ‘વિમાનમાં રતન ટાટા સાહેબે મને ઓળખ્યો નહોતો!’

ફિલ્મ સ્ટારોને શું છે કે પોતાની ‘ઓળખાણ’ની બહુ પરવા હોય છે. કેમકે ખ્યાતનામ હોવાને કારણે અમુક કામો સહેલાઈથી પતી જતા હોય છે. આવી એક ઘટનાની કબૂલાત કરી હતી આજની સિનિયર અભિનેત્રી નીના ગુપ્તાએ.

નીના ગુપ્તા પોતે ખૂબ જ ટેલેન્ટેડ તો ખરાં, પણ યુવાનીમાં એમને એવું ‘સ્ટારડમ’ મળ્યું નહોતું. એ ફેમસ થયાં. ‘બધાઈ હો’ અને ‘પંચાયત’ પછી. તો કિસ્સો એવો બન્યો કે એક ફલાઈટમાં ચેક-ઈન વખતે તે પોતાની ખ્યાતિ વટાવવા ગયાં. એમણે ચેક-ઈન કરનારી મહિલાને કહ્યું ‘મને વિન્ડો સીટ કરી આપશો?’

મહિલા કર્મચારીએ ના પાડી ત્યારે નીના ગુપ્તાએ કહ્યું, ‘હું નીના ગુપ્તા છું. તમે ‘બધાઈ હો’ નથી જોયું?’

પેલી કર્મચારીએ શાંતિથી સામો સવાલ કર્યો. ‘ના. પણ તમે તામિલ ફિલ્મો જુઓ છો?’

આ કિસ્સામાં પણ સારું થયું કે નીના ગુપ્તાએ એમ ના પૂછ્યું કે, ‘એમ? તમે કઈ તામિલ ફિલ્મમાં હતાં?’

જોકે આજકાલ બોલિવૂડની ફિલ્મી હસ્તીઓનો ‘એરપોર્ટ’ સાથેનો સંબંધ ખૂબ જ ‘ગાઢ’ થઈ ગયો છે! છાશવારે એમની તસવીરો છાપાં અને સોશિયલ મીડિયામાં આવતી રહે છે કે ફલાણી/ ફલાણો વોઝ ‘સ્પોટેડ એટ ધી એરપોર્ટ...’

કહેવાય છે કે અમુક ફિલ્મ સ્ટાર્સ જાણી જોઈને પેલા ‘પાપારાઝી’ ફોટોગ્રાફરોને અગાઉથી કહેવડાવે છે, જેથી પોતે એરપોર્ટ પર ‘સ્પોટ’ થઈ શકે!

એમાં વળી એક ઉર્ફી જાવેદ નામની એકટર તો જ્યારે જુએ ત્યારે કંઈક વિચિત્ર અને અમુકાંશે બીભત્સ લાગે એવા જ પહેરવેશ સાથે ‘સ્પોટ’ થાય છે! કોઈ વાર કંતાનના કોથળામાંથી બનેલા પોષાકમાં તો કોઈવાર પ્લાસ્ટિકની કોથળીઓ વડે બનેલા પોષાકમાં!

- અને હા, મનીષ મલ્હોત્રા નામના ફેશન ડિઝાઈનર આ ફિલ્મી હસ્તીઓમાં એટલા માટે બહુ ડિમાન્ડમાં છે કે તે હીરોઈનોના ખાસ ‘એરપોર્ટ લુક’ ડિઝાઈન કરી આપે છે. એટલું નહીં, ખાસ પ્રસંગે બે-ચાર દિવસ ‘ઉધાર’ પહેરવા માટે પણ આપે છે !


આ કારણે જ ચાર મહિના પહેલાં આલિયા ભટ્ટે પહેરેલા ડ્રેસમાં જ આજે અનન્યા પાંડે નજરે ચઢે તો નવાઈ ન પામશો ! ■

ફિલ્મનામા


નરેશ શાહ

# 'અર્ધસત્ય' પછી ઓમ પુરી ને અમિતાભ બચ્ચનનું પૂર્ણ સત્ય!

## અમુક યોગાનુયોગ સુખદ પરિણામ આપનારા હોય છે એ સાબિત કરે છે કેટલીક ઘટના


ઓમ પુરી


અમિતાભ બચ્ચન





ગોવિંદ નિહલાની

એ એક ચકિત કરી દે તેવી ઘટના હતી કે લાગલગાટ બે વરસ સુધી એક જ અભિનેતાને અભિનય માટે નેશનલ એવોર્ડ મળે. એ અભિનેતા હતા ઓમ પુરી. એમને કોઈ ખાસ ઓળખતું નહોતું ત્યારે શ્યામ બેનેગલની પ્રથમ ફિલ્મ 'આરોહણ' (૧૯૮૨)માં હરિ મંડલ નામના દલિત કિસાનનું પાત્ર ભજવવા માટે એમને નેશનલ એવોર્ડ મળ્યો હતો. 'આરોહણ' ફિલ્મથી ત્યારે દેશનો મોટો ભાગ તદ્દન અજાણ હતો, કારણ કે એ ફિલ્મ માત્ર બંગાળ અને બિહારના અમુક પ્રદેશ સિવાય ક્યાંય થિયેટરનું મોઢું જોવા પામી નહોતી (અત્યારે એ યૂટયૂબ પર ઉપલબ્ધ છે.)

એ પછીના જ વરસે ડિરેક્ટર ગોવિંદ નિહલાનીની ફિલ્મ 'અર્ધસત્ય' (૧૯૮૩) રિલીઝ થઈ અને કહેવાતી સમાંતર સિનેમા અને અનંત વેલણકર બનતાં ઓમપુરીએ બધાને સ્તબ્ધ કરી દીધા હતા.

'અર્ધસત્ય'માં જોકે ઓમ પુરી સાથે અમરીશ પુરી, સ્મિતા પાટિલ અને સદાશિવ અમરાપુરકર પણ હતા. સદાશિવની તો આ પ્રથમ હિન્દી ફિલ્મ, પણ ઓમ પુરીના અભિનયે બધાને હલબલાવી નાખ્યા હતા. આ પાત્ર માટે એમને ફરી નેશનલ એવોર્ડ મળ્યો હતો.

૧૯ ઓગસ્ટ, ૧૯૮૩ના દિવસે રિલીઝ થયેલી એકસો ત્રીસ મિનિટ લાંબી અને (માત્ર) પંદર લાખના બજેટમાં બનેલી 'અર્ધસત્ય' (યૂટયૂબ પર જોવા મળશે) મુંબઈમાં જ બાવીસ અઠવાડિયા ચાલી હતી અને આ દરમિયાન જ કરોડો ભારતીયનો જીવ પડિકે બાંધી દેનારા અમિતાભ બચ્ચનના અકસ્માત પછી કમ્પલીટ થયેલી 'કૂલી' ફિલ્મ ડિસેમ્બરમાં રિલીઝ થઈ, એ પછી પણ 'અર્ધસત્ય' રમરમાટ ચાલતી હતી. 'અર્ધસત્ય' જ કદાચ, એવી પ્રથમ ફિલ્મ હતી કે જેણે સાબિત કર્યું કે આર્ટ ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર ટંકશાળ પાડી શકે છે.

ઓમ પુરીની તો એ પછી દુકાન ખુલી ગઈ. ઓમ પુરી અને ગોવિંદ નિહલાનીની સફળ જોડીએ એ પછી ટોટલ નવથી વધુ ફિલ્મો (આક્રોશ, આરોહણ, અર્ધસત્ય, દ્રોહકાલ, હજાર ચોરાસી કી મા વગેરે...) સાથે કરી, પણ બહુ ઓછાં લોકો જાણે છે કે 'અર્ધસત્ય'ના પોલીસ અધિકારી અનંત વેલણકરના પાત્ર માટે ગોવિંદ નિહલાનીની પ્રથમ પસંદગી ઓમ પુરી નહોતા !

ગોવિંદ તો 'અર્ધસત્ય'ની મુખ્ય ભૂમિકામાં અમિતાભ બચ્ચનને લેવા માગતા હતા. એ માટે બચ્ચન સાહેબને નરેશન પણ આપવામાં આવ્યું હતું. બચ્ચનદાદાને સ્ક્રિપ્ટ પસંદ આવી હતી, પરંતુ એ સમયે બચ્ચનદાદા માટે એ 'નાની ફિલ્મ' હતી. અમિતાભ બચ્ચનના સ્ટારડમ વખતની ફિલ્મોને તપાસો તો તરત ખ્યાલ આવશે કે મીલી, આલાપ, જુર્માના, બેમિસાલ જેવી બજેટમાં નાની કહી શકાય તેવી ફિલ્મો બીગ-બીએ સિલેકટેડ ડિરેક્ટરો સાથે જ કરી છે. આ કારણે જ અમિતાભ બચ્ચન અને 'અર્ધસત્ય' નો મેળ પડ્યો નહીં અને એ પાત્ર ઓમ પુરીના ફાળે આવ્યું. બેશક, 'અર્ધસત્ય'ની સફળતા પછી એકવાર ઓમ પુરી- અમિતાભ બચ્ચનનો ભેટો થઈ ગયો ત્યારે બચ્ચન સરે નિખાલસપણે સ્વીકારેલું કે, અનંત વેલણકરના પાત્રને સૌથી વધુ ન્યાય તમે જ આપી શક્યા છો. હું પણ એ ન કરી શકત!

ખેર, પ્રશંસા તો ઓમ પુરીની થઈ પરંતુ અમિતાભ બચ્ચન સાથે કામ કરવાની ગોવિંદ નિહલાનીની ઈચ્છા તો અધૂરી રહી ગઈ હતી. લગભગ એક દશકા પછી એમણે આશિષ વિદ્યાર્થી- ઓમ પુરી સાથે 'દ્રોહકાલ' (૧૯૯૪) બનાવી. એ વખતે પણ ગોવિંદ નિહલાનીએ 'દ્રોહકાલ' માટે બચ્ચનસરનો સંપર્ક કર્યો હતો, પરંતુ બાત બની નહીં. જો કે બચ્ચન માટે પણ એ સમય ઓટનો હતો. એમની ફિલ્મો બહુ ચાલતી નહોતી. (ગંગા જમુના સરસ્વતી ૧૯૮૮થી તૂફાન, જાદુગર, મૈં આઝાદ હું, અગ્નિપથ, અજુબા, ઈન્દ્રજીત, અકેલા, ઈન્સાનિયત-૧૯૯૪ સુધીના) આ અરસામાં આશ્વાસન લેવા પૂરતી બે ફિલ્મો 'આજ કા અર્જુન' તેમ જ 'હમ' ફિલ્મ જ બચ્ચનની શાનને ટકાવી રાખે તેવી હતી.

૧૯૯૪માં 'દ્રોહકાલ' ફિલ્મ રિલીઝ થઈ તેમાં અમિતાભ માટેનું ડીસીપી અજયસિંહનું પાત્ર અગેઈન, ઓમ પુરીએ ભજવ્યું હતું. યાદ રહે કે ૧૯૯૪ના અરસામાં જ લાગલગાટ નિષ્ફળ ફિલ્મો આપ્યા પછી અમિતાભ બચ્ચને પાંચ વરસનો બ્રેક લીધો હતો. ૧૯૯૯માં એમણે કમ બેક કર્યું ચાર ચાર ફલોપ (સૂર્યવંશમ, હિન્દુસ્તાન કી કસમ, કોહરામ અને લાલ બાદશાહ) ફિલ્મોથી.


અર્થ એ થયો કે અમિતાભ બચ્ચન સાથે કામ કરવાની ગોવિંદ નિહલાનીની આશા અધૂરી જ હતી અને એ 'અર્ધસત્ય'ના લગભગ બે દશકા પછી પૂરી થઈ. ૨૦૦૪માં આવેલી 'દેવ' ફિલ્મમાં પોલીસ અધિકારી દેવ પ્રતાપસિંહનું પાત્ર અમિતાભ બચ્ચને ભજવ્યું હતું. 'દેવ' ફિલ્મ સુપરહિટ નહોતી, થોટ પ્રોવિકિંગ હતી. રસપ્રદ વાત તો એ છે કે 'અર્ધસત્ય' અને 'દ્રોહકાલ' ફિલ્મમાં અમિતાભ બચ્ચને ના પાડેલા પાત્ર ઓમ પુરીએ ભજવ્યાં હતાં. 'દેવ' ફિલ્મમાં એ જ ઓમ પુરીએ અમિતાભ બચ્ચન સાથે અભિનયની જુગલબંધી કરીને આપણને પ્રસન્ન કરી દીધેલા! ■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

આ ફિલ્મના એક ગીતની પહેલી પંક્તિના શબ્દોથી બીજી ફિલ્મનું નામ પડ્યું છે, તો એ ફિલ્મ કઈ?




૧) સંગમ
૨) ચાઈના ટાઉન
૩) ખેલ ખેલ મેં
૪) હરે રામા હરે કૃષ્ણ
૫) શોલે
૬) હમ કિસીસે કમ નહીં
૭) ઈશકિયા

## ક્વિઝ (બ)

અનિલ કપૂરએ આ પાત્રો કઈ ફિલ્મમાં ભજવ્યાં છે તે જાણો છો?



૧) મંદ બુદ્ધિ
૨) વકીલ
૩) પહેલવાન
૪ ) સંગીતકાર
૫) મુખ્ય મંત્રી
૬) આર્મી ઓફિસર
૭) મિલ મઝદૂર


જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા


# નો નેપોટિઝમનો NO...

## હવે ફિલ્મ્સ કોની....કિડ્સ ઓફ સ્ટારની કે પછી સ્ટોરીની?













એક સમયે કપૂર, ખાન, ભટ્ટ કે ચોપરા અટક હોલ ઓફ ફેમના પાસપોર્ટ સમાન ગણાતી હતી. એક સ્ટારકિડ માટે ડેબ્યૂ ફિલ્મ એટલે ઓટોમેટિક હાઈપ, ન્યૂઝ ચેનલ પર કવરેજ, ટ્વિટર પર ટ્રેન્ડ અને થિયેટરમાં ઓપનિંગ કલેક્શનનું ગેરંટી કાર્ડ. લોકો પણ રિલીઝ પહેલાં જ ફિલ્મ માટે ઉત્સાહમાં આવી જતા.

જોકે, આ પેટર્ન હવે તૂટી રહી છે. હવે ભારતીય દર્શક માત્ર લેગસીથી ખુશ નથી, એમને કંટેન્ટ-વાર્તા જોઈએ છે, અભિનય-પર્ફોર્મન્સ જોઈએ છે. જો એ વસ્તુ નથી, તો તમે કોણ છો એનો કોઈ અર્થ નથી રહેતો. આ બદલાવ ઘણા તાજેતરના ઉદાહરણોમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે.

સૌથી પહેલું અને સ્પષ્ટ ઉદાહરણ છે 'ધ આર્ચીઝ'.

ઝોયા અખ્તર જેવી ટેલેન્ટેડ ડિરેક્ટર, ટીનજર્સ માટે પોપ્યુલર કોમિક આધારિત વિષય અને સ્ટારકિડ્સ ત્રિપુટીઃ સુહાના ખાન (શાહરુખ ખાનની દીકરી), અગસ્ત્ય નંદા (અમિતાભ બચ્ચનનો દોહિત્ર) અને ખુશી કપૂર (શ્રીદેવીની દીકરી), આ બધું હોવા છતાં ફિલ્મ ઓટીટી પર રિલીઝ થયા પછી પણ દર્શકોએ ઇગ્નોર કરી-નાપાસ કરી સાથે એ સ્પષ્ટ સંકેત આપ્યો કે સારી વાર્તા જોઈએ.

'બેધડક' જેવી ફિલ્મની વાત કરીએ તો એમાં શનાયા કપૂર (સંજય કપૂરની દીકરી)નું સિનેમાર્પણ હતું. ફુલ પેકેજ તરીકે જાહેરાત કરાઈ, પણ ફિલ્મના શૂટિંગ કે ફિલ્મની રિલીઝ વિશે બે વર્ષ થયાં તો પણ કોઈ જ સ્પષ્ટ માહિતી નથી. હવે શનાયાની બીજી ફિલ્મ્સની જાહેરાતો થઈ છે, પણ લોકો હવે એટલી ઉતાવળે કોઈ સ્ટારકિડની ફિલ્મ માટે રાહ જોઈને બેસતા નથી.

એ જ રીતે 'લાઈગર', જેમાં અનન્યા પાંડે (ચંકી પાંડેની દીકરી) સાથે સાઉથના સ્ટાર વિજય દેવરકોંડા હતા. પાન ઇન્ડિયા લેબલ લગાડી, ફલાઇટમાં ઇન્ટરવ્યૂ આપ્યા, પરંતુ ફિલ્મ બોક્સ ઓફિસ પર કાચી સાબિત થઈ. અનન્યાની જ વેબ સિરીઝ 'કોલ મી બે'માં પણ એને એક્ટિંગ માટે ટ્રોલ કરવામાં આવી હતી. આ બધું દર્શાવે છે કે હવે લોકો રેપ્યુટેશન પર નહીં, કન્ટેન્ટ પર રોકાણ કરે છે.

જ્યાં સ્ટારકિડ્સની ફિલ્મ્સ પછડાતી જાય છે, ત્યાં 'ટ્વેલ્થ ફેલ' જેવી ફિલ્મ તોફાન બનીને આવી હતી. વિક્રાંત મેસ્સી જેવો એક્ટર કે જેનું સ્ટારડમ નથી, છતાં એના પાત્ર મનોજ સાથે દેશના લાખો યુવાઓએ પોતાની જાતને જોડી દીધી. ફિલ્મ માટે માઉથ પબ્લિસિટીએ જોરદાર રીતે કામ કર્યું. આ બદલાતા ટ્રેન્ડનું બીજું સૌથી મોટું ઉદાહરણ છે.

એ જ રીતે 'આર્ટિકલ ૩૭૦', 'સીતારામમ', 'મડગાંવ એક્સપ્રેસ' વગેરે ફિલ્મ્સે એ સાબિત કર્યું કે સ્ટોરી અને એક્ટિંગમાં દમ હોય તો ઓડિયન્સ આપમેળે આવે. તમારું બેકગ્રાઉન્ડ શું છે એ પછીની વાત છે. યામી ગૌતમ, દુલકર સલમાન, મૃણાલ ઠાકુર, દિવ્યેન્દુ, પ્રતીક ગાંધી જેવા લોકોનું કામ જોવાય છે, અટક નહીં.

હજુ વધુ ઉદાહરણોની વાત કરીએ તો તાજેતરમાં જ 'આઝાદ', 'લવસિયાપ્પા', 'નાદાનિયા' આ ત્રણેય ફિલ્મ્સ સ્ટારકિડ્સ માટેની જ હતી. 'આઝાદ'માં અમન દેવગન (અજય દેવગનનો ભત્રીજો) અને રાશા થડાણી (રવિના ટંડનની દીકરી) હતાં.

ફિલ્મ પીરિયડ ડ્રામા હતી અને તેમાં ઘોડા, એક્શન, દેશભક્તિ બધું હતું તો પણ લોકો જોડાઈ શક્યા નહીં. 'લવયાપ્પા'માં ખુશી કપૂર અને જુનૈદ ખાન (આમિર ખાનના પુત્ર) હતાં. રોમ-કોમ એવી લાઈટ હાર્ટેડ ફિલ્મ હતી, પરંતુ કેમેરા સામે લાગતું હતું કે એક્ટર્સે ડાયલોગ્સ ગોખી લીધા છે અને બસ બોલી રહ્યા છે.

'નાદાનિયા' ઓટીટી પર રિલીઝ થઈ. આમાં ઈબ્રાહિમ અલી ખાન (સૈફ અલી ખાનનો દીકરો) અને ફરીથી ખુશી કપૂર હતાં. રોમેન્ટિક કોમેડી હતી. ઓટીટી પર નિષ્ફળ થવાની ભાષા થોડી અલગ હોય છે, પણ જ્યારે લોકો ક્લિપ્સ ટ્રોલ કરીને વાયરલ કરે ત્યારે સમજાઈ જાય કે લોકોએ ફિલ્મ રિજેક્ટ કરી દીધી છે.

આ બધું જોઈને હવે એટલું સ્પષ્ટ થાય છે કે સ્ટારકિડ હોવું એ શરૂઆત માટે દરવાજો ખોલે છે, પણ પ્રવેશ પછી ટકી રહેવું એ આવડત પર આધાર રાખે છે. આલિયા ભટ્ટ અને રણબીર કપૂર જેવા કેટલાક સ્ટારકિડ્સ પોતાનું ટેલેન્ટ સાબિત કરી ચૂક્યા છે અને તેથી ટકી પણ ગયા છે. આલિયાને આજે કોઈ ફક્ત મહેશ ભટ્ટની દીકરી નથી કહેતું. લોકો એને 'રાઝી', 'ડાર્લિંગ્સ', 'હાઇવે', 'ગંગુબાઈ કાઠિયાવાડી' જેવી ફિલ્મ્સથી ઓળખે છે. અને એ જ રીતે રણબીર પણ 'રોકસ્ટાર', 'તમાશા' અને 'બરફી' જેવી ફિલ્મ્સ માટે યાદ રહે છે, કપૂર હોવા માટે નહીં.

ઓટીટી અને સારા એક્ટર્સના પર્ફોર્મન્સીસના જોરે લોકો હવે ઊલટાનું જયદીપ અહલાવત, શેફાલી શાહ, મનોજ બાજપેઈ, પ્રતીક ગાંધી, વિક્રાંત મેસ્સી, વગેરે માટે એમ કહે છે કે 'હું એમની નવી સિરીઝ આવશે ને, એ તો જરૂર જોઈશ.'

આ કેટલું મોટું પરિવર્તન છે. ૨૦૧૦ના દાયકામાં કોઈ આઉટસાઈડરનો ચહેરો પહેલી વાર સ્ક્રીન પર આવે ત્યારે લોકો પૂછતા, 'આ કોણ છે?' આજે લોકો કહે છે, 'આ જે છે ને, તે બહુ સારું કામ કરે છે.'

સ્ટારકિડ્સ માટે પણ રસ્તો બંધ નથી. બસ હવે એમને પણ રેસમાં એટલું જ દોડવું પડશે, ડેડ કે મોમની રેસના આધારે રેન્ક નહીં મળે! ■


**લાસ્ટ શોટ**

*'લવયાપ્પા' જોઈને દર્શકોએ કહ્યું હતું કે, 'યાર, અમે રીલ્સમાં પણ આનાથી વધારે સારી એક્ટિંગ જોઇએ છીએ..!'*

ફોકસ

રશ્મિ શુકલ

# જોખમી સ્ટન્ટ્સ કરતો દેખાશે ગ્લોબલ સ્ટાર રામ ચરણ!



ગ્લોબલ સ્ટાર રામ ચરણ અગામી ફિલ્મ 'પેદ્દી'માં સંપૂર્ણપણે ડૂબી ગયા છે અને દિગ્દર્શક બુચી બાબુ સનાના ભવ્ય વિઝનને જીવંત કરવા માટે તેમના શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. શીર્ષકની ઝલક રાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર અસર કરી ચૂકી છે. ફક્ત ક્રિકેટ કે રમતગમતના નાટક કરતાં વધુ, આ ફિલ્મમાં એવાં તત્ત્વોની વિશાળ શ્રેણીનું વચન આપવામાં આવ્યું છે જે મોટા પડદા પર જોવા માટે એક અલગ અનુભવ રહેશે. આ ફિલ્મ મોટા પાયે બનાવવામાં આવી રહી છે.

આ ફિલ્મનું નિર્માણ સરળતાથી, સમયપત્રક પર ચાલી રહ્યું છે. ટીમે તાજેતરમાં જ કેટલાંક મહત્ત્વપૂર્ણ દ્રશ્યો અને એક વિશાળ એક્શન બ્લોકનું શૂટિંગ પૂર્ણ કર્યું છે, જે પ્રભાવશાળી રીતે બનાવેલા ગામડાની પૃષ્ઠભૂમિ સામે સેટ છે. હાલમાં, શૂટિંગ હૈદરાબાદમાં ખાસ બનાવેલા એક વિશાળ સેટ પર ખસેડવામાં આવ્યું છે, જ્યાં એક તીવ્ર અને શ્વાસ લેનાર એક્શન સિક્વન્સનું શૂટિંગ તેના પ્રકારની પહેલી જ રીતે કરવામાં આવી રહ્યું છે, જે ભારતીય સિનેમાએ પહેલાં ક્યારેય જોયું નથી.

આ એક હાઇ-ઓક્ટેન, મોટા બજેટનો ટ્રેન એપિસોડ છે જે ભારતમાં એક્શન ફિલ્મ નિર્માણ માટેનો દર વધારવાનું વચન આપે છે. પ્રખ્યાત પ્રોડક્શન ડિઝાઇનર અવિનાશ કોલ્લા દ્વારા અપવાદરૂપ વિગતો સાથે રચાયેલ, ટ્રેન સ્ટંટ માટેનો વિશાળ સેટ પોતે જ એક દ્રશ્ય ભવ્યતા છે. રામ ચરણ આ સિક્વન્સમાં તેમની કારકિર્દીના કેટલાક સૌથી સાહસથી ભરેલા સ્ટંટ કરતા જોવા મળશે, જેમાં વાસ્તવિક જોખમો સામેલ છે. આ સિક્વન્સનું શૂટિંગ આ મહિનાની ૧૯મી તારીખ સુધી ચાલુ રહેશે.

એક્શન કોરિયોગ્રાફીનું નિર્દેશન સનસનાટીભર્યા નબકાંત માસ્ટર દ્વારા કરવામાં આવી રહ્યું છે, જેઓ ફિલ્મના આઇકોનિક ક્રિકેટ શોટ બનાવવા માટે અને પુષ્પા ૨ માં તેમના કામ માટે જાણીતા છે. હાલમાં ઘણા હાઇ-પ્રોફાઇલ પ્રોજેક્ટ્સ સાથે સંકળાયેલા, તે હવે ફિલ્મના સૌથી મોટા અને સૌથી મહત્ત્વાકાંક્ષી એક્શન એપિસોડનું આયોજન કરી રહ્યા છે.

કહેવાની જરૂર નથી કે આ રોમાંચક સ્ટંટ સિક્વન્સ ફિલ્મના સૌથી ચર્ચિત હાઇલાઇટ્સમાંનો એક બનવા માટે તૈયાર છે અને મોટા પડદા પર આવશે ત્યારે તે દર્શકોને આકર્ષિત કરશે.

જાહ્નવી કપૂર મુખ્ય ભૂમિકામાં છે, જ્યારે શિવ રાજકુમાર, જગપતિ બાબુ અને દિવ્યેન્દુ શર્મા પણ જોવા મળશે.

આર રથનવેલુ સિનેમેટોગ્રાફીનો હવાલો સંભાળી રહ્યા છે, જ્યારે એકેડેમી એવોર્ડ વિજેતા સંગીતકાર એ.આર. રહેમાન સંગીત આપી રહ્યા છે. સંપાદન રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ટેક્નિશિયન નવીન નૂલી દ્વારા કરવામાં આવ્યું છે, જ્યારે પ્રોડક્શન ડિઝાઇન અવિનાશ કોલ્લા દ્વારા કરવામાં આવી છે.

આ ફિલ્મ ૨૭ માર્ચ, ૨૦૨૬ ના રોજ રામ ચરણના જન્મદિવસ પર રિલીઝ થવાની છે.

વૃદ્ધિ સિનેમાના બેનર હેઠળ મૈત્રી મૂવી મેકર્સ અને સુકુમાર રાઇટિંગ્સ દ્વારા પ્રસ્તુત, આ ફિલ્મનું નિર્માણ વેંકટ સતીશ કિલારુ દ્વારા કરવામાં આવ્યું છે. સુપ્રસિદ્ધ એ.આર. રહેમાન દ્વારા સંગીત અને આર. રથનવેલુ દ્વારા સિનેમેટોગ્રાફી સાથે, આ ફિલ્મ એક ભવ્ય દ્રશ્ય અને ભાવનાત્મક અનુભવનું વચન આપે છે. પ્રોડક્શન ડિઝાઇન અવિનાશ કોલ્લા દ્વારા દિગ્દર્શિત છે, અને એડિટિંગ નવીન નૂલી દ્વારા છે. એક્ઝિક્યુટિવ નિર્માતા વી. વાય. પ્રવીણ કુમાર સરળ અમલીકરણની ખાતરી આપે છે, માર્કેટિંગ ફર્સ્ટ શો દ્વારા સંભાળવામાં આવે છે અને પ્રો ફરજો વામસી-શેખર દ્વારા સંભાળવામાં આવે છે. ■

# આજથી ભારત-ઈંગ્લૅન્ડ વચ્ચે પ્રથમ ટેસ્ટ

## ▸ વરસાદની સંભાવના નથી, પિચ પર પેસ બોલર્સને વધુ મદદ મળશેઃ આજે બપોરે ૩.૩૦ વાગ્યાથી પહેલો મુકાબલો



લીડ્સઃ ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે આજે (બપોરે ૩.૩૦ વાગ્યે) અહીંના હેડિંગ્લી ગ્રાઉન્ડ પર શરૂ થનારી પ્રથમ ટેસ્ટ દરમ્યાન હવામાન કેવું રહેશે તેમ જ પિચ કેવી રહેશે એ જાણવાની ક્રિકેટપ્રેમીઓમાં ઉત્સુકતા હશે એટલે અહીં તેમને ગુડ ન્યૂઝ આપી દઈએ કે ૨૦-૨૪ જૂન દરમ્યાન રમાનારી આ પ્રારંભિક ટેસ્ટ દરમ્યાન વરસાદ પડવાની કોઈ જ સંભાવના નથી અને પિચ પર ખાસ કરીને ફાસ્ટ બોલર્સને વધુ મદદ મળશે.

બન્ને દેશ વચ્ચેની પાંચ મૅચની આ ટેસ્ટ-સિરીઝ ચોથી ઑગસ્ટ સુધી રમાશે. ૨૦થી ૨૪મી જૂન સુધી રમાનારી પ્રથમ ટેસ્ટની જ વાત કરીએ તો આ મૅચ દરમ્યાન લીડ્સમાં વરસાદ પડવાની શક્યતા ન હોવાથી ખેલાડીઓ કોઈ પણ પ્રકારની ચિંતા વિના રમી શકશે અને પ્રેક્ષકોને પણ કોઈ અડચણ નહીં પડે. બધું સમુસૂતરું પાર પડશે એવી સંભાવના છે.

યૉર્કશર કાઉન્ટીમાં લીડ્સ શહેરના હેડિંગ્લી ગ્રાઉન્ડ પર બોલર્સને અને એમાં ખાસ કરીને ફાસ્ટ બોલર્સને વધુ મદદ મળી છે. શુક્રવારના પ્રથમ દિવસે નવા બૉલ સામે બૅટ્સમેનોએ વધુ સતર્ક રહેવું પડશે, કારણકે પહેલા દિવસે પેસ બોલર્સને સ્વિંગ સારા મળશે તેમ જ સીમ મૂવમેન્ટ પણ ઘણી મળી રહેશે. એ જોતાં, પહેલું સત્ર બોલર્સ માટે કસોટીરૂપ પણ બની રહેશે. જોકે બૅટ્સમેનોએ ખૂબ સમજી વિચારીને ટાઇમિંગથી શૉટ ફટકારવો પડશે.

લીડ્સમાં હેડિંગ્લીના આ ગ્રાઉન્ડ પર પ્રથમ ઇનિંગ્સમાં સરસાઈ મેળવવી ફાયદારૂપ કહેવાશે. આ પિચ પર અત્યાર સુધીમાં ૮૪ ટેસ્ટ રમાઈ છે જેમાંથી ૨૯ ટેસ્ટમાં પ્રથમ બૅટિંગ કરનારી ટીમનો વિજય થયો છે અને ૩૬ ટેસ્ટમાં સેકન્ડ બૅટિંગ કરનારી ટીમ વિજયી થઈ છે. એટલે જ અહીં મોટા ભાગે ટૉસ જીતનારી ટીમ પહેલા ફીલ્ડિંગ કરવાનું પસંદ કરતી હોય છે.

આ મેદાન ઉપર ૪૦૪/૩ અત્યાર સુધીનો સૌથી સફળ રન-ચેઝ છે. બીજી ઇનિંગ્સમાં બૅટિંગ કરવી થોડી આસાન થઈ જતી હોવાથી યજમાન ઇંગ્લૅન્ડની ટીમ ટૉસ જીતશે તો પહેલા બૅટિંગ કરશે કે ફીલ્ડિંગ એ જોવું રહ્યું.

શુભમન ગિલ ભારતનો નવો અને યુવાન કૅપ્ટન છે, જ્યારે ઇંગ્લૅન્ડનો સુકાની બેન સ્ટૉક્સ ખૂબ અનુભવી ઑલરાઉન્ડર છે અને કૅપ્ટનપદે પણ તેને ઘણો અનુભવ છે.

બન્ને દેશ વચ્ચે અહીં જે ટેસ્ટ-શ્રેણી રમાઈ હતી એ ડ્રૉમાં ગઈ હતી. બેન સ્ટૉક્સના સુકાનમાં અને બ્રેન્ડન મૅક્લમના કોચિંગમાં ઇંગ્લૅન્ડની ટીમ બેઝબૉલ ટેક્નિક (આક્રમક અભિગમ)થી રમીને ભારતીય ટીમ પર કેટલું વર્ચસ્વ જમાવશે એના પરથી પણ સિરીઝની દિશા નક્કી થશે.

### બન્ને દેશના ખેલાડીઓ પર એક નજર...

**ઇંગ્લૅન્ડની પ્લેઇંગ-ઇલેવનઃ** સ્ટૉક્સ (કૅપ્ટન), જૅમી સ્મિથ (વિકેટકીપર), ક્રૉવ્લી, ડકેટ, ઑલી પોપ (વાઇસ-કૅપ્ટન), જો રૂટ, હૅરી બ્રૂક, વૉક્સ, બ્રાયડન કાર્સ, જૉશ ટન્ગ અને શોએબ બશીર.

**ભારતની ટીમમાં કોણ-કોણ છેઃ** શુભમન ગિલ (કૅપ્ટન), રિષભ પંત (વાઇસ-કૅપ્ટન, વિકેટકીપર), કેએલ રાહુલ, યશસ્વી જયસ્વાલ, સાઇ સુદર્શન, અભિમન્યુ ઇશ્વરન, કરુણ નાયર, નીતીશ રેડ્ડી, રવીન્દ્ર જાડેજા, ધ્રુવ જુરેલ, વૉશિંગ્ટન સુંદર, શાર્દુલ ઠાકુર, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના, આકાશ દીપ, અર્શદીપ સિંહ અને કુલદીપ યાદવ. ■

# ગિલને સચિનની સલાહ, 'લોકો તો કહેશે કે આ કર ને પેલું કર, પણ તું તારા નિર્ણયોને વળગી રહેજે'

નવી દિલ્હી/લીડ્સઃ ઇંગ્લૅન્ડ સામે આજે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) શરૂ થઈ રહેલી સિરીઝની પ્રથમ ટેસ્ટ પહેલાં ભૂતપૂર્વ ક્રિકેટર સચિન તેન્ડુલકરે નવા સુકાની શુભમન ગિલ વિશે એક મુલાકાતમાં કહ્યું છે કે ભારતીય ક્રિકેટ ખૂબ જ મુશ્કેલ પરિવર્તનકાળમાંથી પસાર થઈ રહી છે અને આવા સમયે ગિલને નેતૃત્વની જે જવાબદારી મળી છે એમાં સફળ થવા માટે તેને પૂરતો સમય આપવો જોઈએ તેમ જ તેને પૂરો સપોર્ટ પણ મળવો જરૂરી છે. સચિને આવું કહેવાની સાથે ગિલ માટેની સલાહમાં કહ્યું છે કે 'ડ્રેસિંગ-રૂમની બહારનાં મંતવ્યો પર વિચારવાને બદલે તેણે પોતાની યોજનાઓ પર જ બધું ધ્યાન આપવું જોઈએ. ભારતીય ટીમનું સુકાન સંભાળવું ખૂબ જ માનસિક દબાણવાળી જવાબદારી છે. મને ખબર છે કે ગિલ માટે ઘણા લોકો જાત જાતની સલાહ આપશે. તેણે આવું કરવું જોઈએ અને તેવું કરવું જોઈએ એવું બધું કહેવામાં આવશે. જોકે શુભમને પોતાના પ્લાનિંગ પર જ લક્ષ આપીને ટીમના હિતમાં જે હોય એ પ્રમાણે આગળ વધવું જોઈએ.' ■

# 'ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફી' લૉન્ચ થઈઃ બંને દિગ્ગજ ટેસ્ટ-ક્રિકેટ પર આફરીન

લીડ્સઃ ભારતમાં ક્રિકેટના ભગવાન તરીકે અને વિશ્વભરના બૅટ્સમેનોમાં ડૉન બ્રૅડમૅન પછીના ગ્રેટેસ્ટ પ્લેયર તરીકે ઓળખાતા સચિન તેન્ડુલકર અને ઇંગ્લૅન્ડના પેસ-બોલિંગ-લેજન્ડ જેમ્સ ઍન્ડરસને અહીં પોતાના નામવાળી ટ્રોફી સત્તાવાર રીતે લૉન્ચ કરી હતી અને ત્યારે તેમણે ટેસ્ટ-ક્રિકેટ પ્રત્યેની પોતાની સમર્પિતતાની તેમ જ પોતાને મળેલા આ સન્માન વિશે મંતવ્યો રજૂ કર્યા હતા.

બન્ને દેશ વચ્ચેની ટેસ્ટ સિરીઝ જીતનારી ટીમના સુકાનીને 'પટૌડી મેડલ'થી સન્માનિત કરવામાં આવશે. 'ઍન્ડરસન-તેન્ડુલકર' ટ્રોફીના લૉન્ચિંગનો કાર્યક્રમ અગાઉ ૧૪મી જૂને (સાઉથ આફ્રિકા અને ઑસ્ટ્રેલિયા વચ્ચેની ડબ્લ્યૂટીસીની ફાઇનલ વખતે) રાખવામાં આવ્યો હતો, પરંતુ ૧૨મી જૂને અમદાવાદમાં પ્લેન-ક્રૅશની જે કરુણાંતિકા બની એને ધ્યાનમાં લઈને એ કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો હતો.

'ઍન્ડરસન-તેન્ડુલકર' ટ્રોફી પર બન્ને દિગ્ગજોના ઇમેજ તેમ જ એન્ગ્રેવ કરાયેલા ઑટોગ્રાફ છે. બન્ને આઇકૉનિક પ્લેયર પોતપોતાની રીતે શ્રેષ્ઠ છે. સચિન દોઢ દાયકાની કરીઅરમાં હાઇએસ્ટ ૨૦૦ ટેસ્ટ રમ્યો હતો અને હાઇએસ્ટ ૧૫,૯૨૧ રન કર્યા હતા. ઍન્ડરસન ૨૦૨૪માં પૂરી થયેલી કારકિર્દીમાં ૧૮૮ ટેસ્ટ રમ્યો હતો અને કુલ ૭૦૪ વિકેટ લીધી હતી જે વિશ્વભરના પેસ બોલર્સમાં હાઇએસ્ટ છે.



સચિને અહીં ટ્રોફીનું અનાવરણ કરતી વખતે કહ્યું, 'ટેસ્ટ-ક્રિકેટ મારા માટે હંમેશાં સર્વોત્તમ રહેશે. ટેસ્ટ-ક્રિકેટ જીવનના વળાંકો જેવી છે. એમાં તમે તમારી શ્રેષ્ઠ ક્ષમતાથી પર્ફોર્મ કરો, પણ જો કંઈ ખોટું થાય તો બીજા દિવસે તમે સુધારો કરી શકો છો, નવું વિચારી શકો છો અને વળતો જવાબ આપવા માટે પણ તમને પૂરતો સમય મળે છે. આ સર્વોચ્ચ કક્ષાનું ફૉર્મેટ ખેલાડીને સમય અને સંજોગ મુજબ (મુશ્કેલીઓ સામે) કાબેલિયત બતાવવાનું, શિસ્તબદ્ધતા તેમ જ સહનશક્તિ શીખવે છે. મારું ઘડતર જ ટેસ્ટ-ક્રિકેટને લીધે થયું હતું. મારા ઘડતરનો પાયો ટેસ્ટ-ક્રિકેટને લીધે જ મજબૂત થયો હતો. એના થકી હું નિરાશાને વિજયમાં અને આકાંક્ષાઓને પરિપૂર્ણતામાં ફેરવી શક્યો હતો. ટેસ્ટ-ક્રિકેટના ભાવિમાં ભારત અને ઇંગ્લૅન્ડની મહત્ત્વની ભૂમિકા રહી છે. હું આ ટ્રોફી મેદાન પર મને પડકારનાર બોલર અને મેદાન બહારના જેન્ટલમૅન સાથે શૅર કરી રહ્યો છું એનો મને બેહદ આનંદ છે.'

જેમ્સ ઍન્ડરસને કહ્યું હતું કે 'મારા માટે તેમ જ તેન્ડુલકર માટે આ બહુ મોટું સન્માન છે. આ આઇકૉનિક સિરીઝની ટ્રોફીને અમારાં બન્નેનાં નામ અપાયા એ બહુ મોટું ગૌરવ છે. મારો પરિવાર પણ ગર્વ અનુભવે છે. ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચેની સિરીઝ હંમેશાં સ્પેશિયલ રહી છે અને ક્રિકેટના ઇતિહાસમાં બન્ને દેશ વચ્ચેની ક્રિકેટને અનેરું સ્થાન મળ્યું છે તેમ જ અનેક યાદગાર પળો પણ શ્રેણીઓએ જન્મી છે.' ■

# ફૂટબૉલના મેદાન પર યુવાનનો પ્રચાર...'કૂતરા-બિલાડાને ગોળીએ દેવાનું બંધ કરો'




ફિલાડેલ્ફિયાઃ અમેરિકામાં વિશ્વની ટોચની ફૂટબૉલ ક્લબની ટીમો વચ્ચે 'ફિફા ક્લબ વર્લ્ડ કપ' ચાલી રહ્યો છે અને એમાં બુધવારે ડિફેન્ડિંગ ચૅમ્પિયન મૅન્ચેસ્ટર સિટી તથા વાયડૅડ વચ્ચે જે મૅચ રમાઈ એ દરમ્યાન મેદાન પર એક પ્રાણીપ્રેમી દોડી આવ્યો હતો અને તેણે પહેરેલા ટી-શર્ટ મારફત એવો પ્રચાર કર્યો હતો કે મોરોક્કો દેશે રસ્તે રખડતાં જાનવરો સાથે થઈ રહેલો દુર્વ્યવહાર બંધ કરવો જોઈએ. પ્રાણીપ્રેમી કાર્યકરો કહે છે કે જાનવરોને રસી આપવાને બદલે તેમની કત્લેઆમ કરાતી હોય છે. યુવાને આવા પ્રચારવાળું ટી-શર્ટ પહેરવા ઉપરાંત તેના હાથમાં પોસ્ટર પણ હતું જેમાં લખ્યું હતું, 'મોરોક્કો, શ્વાન અને બિલાડીઓની કત્લેઆમ બંધ કરો.'

આ યુવાન મૅચ દરમ્યાન મેદાન પર થોડી વાર સુધી આવા પ્રચાર સાથે દોડ્યો હતો. સલામતી રક્ષકો તેને મેદાનની બહાર લાવ્યા હતા અને તેને સ્ટેડિયમની બહાર જવા કહી દીધું હતું.

યુવાનના ટી-શર્ટ પર 'પીપલ ફૉર ધ એથિકલ ટ્રીટમેન્ટ ઑફ ઍનિમલ્સ'નો લોગો હતો. આ સંસ્થા મોરોક્કોની સરકારના રસ્તે રખડતાં જાનવરો પ્રત્યેના વ્યવહાર વિશે ખૂબ નારાજ છે અને સરકારની ખૂબ ટીકા કરે છે.

આ મૅચની એક ટીમ વાયડૅડ ફૂટબૉલ ક્લબની હતી. આ ક્લબ મોરોક્કોના કૅસાબ્લાન્કા શહેરની છે. અમેરિકામાં ચાલી રહેલા ફિફા ક્લબ વર્લ્ડ કપમાં ૩૨ ટીમ ભાગ લઈ રહી છે. એમાં યુવેન્ટસ, રિયલ મૅડ્રિડ, અલ-હિલાલ, મૅન્ચેસ્ટર સિટી, ઇન્ટર માયામી, પીએસજી, બાયર્ન મ્યૂનિક, ચેલ્સી, બેન્ફિકા, ઇન્ટર મિલાન, લૉસ ઍન્જલસ એફસી, બોરુસિયા ડૉર્ટમંડ વગેરે ક્લબની ટીમ ભાગ લઈ રહી છે. ■


# સાઉથ આફ્રિકાના ટેસ્ટ ચૅમ્પિયનો સ્વદેશ આવીને ચાહકોને ભેટ્યા, ઑટોગ્રાફ આપ્યા

## ▸ ટેમ્બા બવુમાની વિજેતા ટીમને ટાઇટલની ગદા સાથે ઈનામમાં ૩૧ કરોડ રૂપિયા મળ્યા છે

જોહનિસબર્ગઃ વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપની ફાઇનલમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયાને હરાવીને સાઉથ આફ્રિકાના નવા ટેસ્ટ વિજેતાઓ ફાઇનલના ૯૬ કલાક બાદ જોહનિસબર્ગ પહોંચ્યા ત્યારે તેમનું શાનદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. સાઉથ આફ્રિકાના ખેલાડીઓ ચાહકો સામે ખૂબ નાચ્યા હતા. ખેલાડીઓએ ચાહકો સાથે હાથ મિલાવ્યા હતા અને તેમને ઑટોગ્રાફ પણ આપ્યા હતા. આ ચૅમ્પિયન ટીમે આઇસીસી તરફથી ટ્રોફીના રૂપમાં ગદા મેળવી છે તેમ જ તેમને આઇસીસી તરફથી ૩.૬ મિલિયન ડૉલર (અંદાજે ૩૧ કરોડ રૂપિયા)નું પ્રથમ ઇનામ પણ મળ્યું છે. રનર-અપ ઑસ્ટ્રેલિયાને ૨.૧ મિલિયન ડૉલર (આશરે ૧૮.૬૩ કરોડ રૂપિયા) મળ્યા છે.

આ ટેસ્ટનો વર્લ્ડ કપ હતો અને સાઉથ આફ્રિકા ક્રિકેટમાં પહેલી જ વખત વર્લ્ડ કપની ટ્રોફી જીત્યું છે.

એક તરફ ભારતમાં હજી પણ કરોડો ક્રિકેટપ્રેમીઓ આઇપીએલમાં આરસીબીના પ્રથમ ટાઇટલને પગલે ચોથી જૂને બેંગલૂરુમાં બનેલી ધક્કામુક્કીવાળી ઘટનાના આઘાતમાંથી બહાર નથી આવ્યા ત્યાં બીજી બાજુ સાઉથ આફ્રિકામાં ઐતિહાસિક આઇસીસી ટ્રોફી બદલ જશન મનાવાઈ રહ્યો છે. ટેમ્બા બવુમા અને હેડ-કોચ શુક્રી કૉનરૅડ સૌથી પહેલાં ઍરપોર્ટ પર ચાહકોની વચ્ચે આવ્યા હતા અને ત્યાર બાદ સાથી ખેલાડીઓએ પણ સેલિબ્રેશનના મૂડમાં આગમન કર્યું હતું. ટ્રિસ્ટન સ્ટબ્સ અને લુન્ગી ઍન્ગિડીએ રાષ્ટ્ર ધ્વજ હાથમાં રાખ્યો હતો. દેશના સ્પોર્ટ્સ મિનિસ્ટર ગેટન મૅકેન્ઝી તેમ જ બીજા મહાનુભાવો તેમ જ અસંખ્ય ક્રિકેટપ્રેમીઓ આ પ્રસંગે હાજર હતા. અમુક ખેલાડીઓની ભૂતપૂર્વ સ્કૂલના વિદ્યાર્થીઓ પણ ટીમના સ્વાગત માટે આવ્યા હતા જેમાં ફાઇનલના સુપરસ્ટાર એઇડન માર્કરમની પ્રીટોરિયા બૉય્સ હાઈ સ્કૂલના સ્ટૂડન્ટ્સ તેમ જ ખેલાડીઓના પરિવારજનો પણ આ ઐતિહાસિક ઉજવણી વખતે ઉપસ્થિત હતા.






સાઉથ આફ્રિકા ૨૭ વર્ષે આઇસીસી ટ્રોફી જીત્યું છે. આ અગાઉ સાઉથ આફ્રિકા માત્ર ૧૯૯૮ની ચૅમ્પિયન્સ ટ્રોફીનું ટાઇટલ જીત્યું હતું.

ડબ્લ્યૂટીસીની લૉર્ડ્સ ખાતેની લો-સ્કોરિંગ ફાઇનલનું ચોથા દિવસે પરિણામ આવ્યું હતું. ઑસ્ટ્રેલિયાએ પ્રથમ દાવમાં ૨૧૨ રન બનાવ્યા બાદ સાઉથ આફ્રિકાએ ૧૩૮ રન બનાવતાં ઑસ્ટ્રેલિયાને ૭૪ રનની સરસાઈ મળી હતી. બીજા દાવમાં ઑસ્ટ્રેલિયાએ ૨૦૭ રન બનાવતાં સાઉથ આફ્રિકાને ૨૮૨ રનનો સાધારણ લક્ષ્યાંક મળ્યો હતો જે તેમણે ૮૩.૪ ઓવરમાં પાંચ વિકેટના ભોગે મેળવી લીધો હતો.

ઓપનર એઇડન માર્કરમ પ્રથમ દાવમાં ઝીરોમાં આઉટ થયો હતો, પરંતુ બીજી ઇનિંગ્સમાં તેણે ૩૮૩ મિનિટ સુધી ક્રીઝમાં રહીને ૧૪ ફોરની મદદથી ૨૦૭ બૉલમાં ટ્રોફી-વિનિંગ ૧૩૬ રન કર્યા હતા. કૅપ્ટન બવુમાએ ૬૬ રન અને ડેવિડ બેડિંગમે અણનમ ૨૧ રન કર્યા હતા. ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે.
ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| फंदा | વ્યર્થ |
| फगुआ | ઘમંડ |
| फख्र | ખૂબી |
| फजूल | હોળી |
| फन | કપટ |

## ઓળખાણ પડી?



હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની અફલાતૂન નર્તકી હેલન સાથે કેટલાક ગીતમાં નજરે પડેલી નૃત્યાંગનાની ઓળખાણ પડી?

અ) શકીલા બ) કુકુ ક) મધુમતી ડ) જયશ્રી ટી.

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વિ | ૨ શે | ષાં | ૩ ક | | ૪ પા | રિ | ૫ વા | રિ | ૬ ક |
| ૭ ચા | ળો | | ૮ મ | ૯ ચ | ક | | ર | | સુ |
| ર | | ૧૦ ફા | ળ | કા | | ૧૧ અ | સ | ૧૨ વા | ર |
| ૧૩ વિ | ૧૪ ઝા | | | ૧૫ સ | લા | મ | | સ | |
| ૧૬ મ | ગ | ૧૭ જ | | ણી | | ૧૮ લ | જ્જા | | ૧૯ અ |
| ર્શ | | ૨૦ મ | જા | | ૨૧ સ | દા | | ૨૨ કે | મ |
| | ૨૩ ટા | ણે | | ૨૪ સ | વા | ર | | ૨૫ વા | લી |
| ૨૬ ક | ટા | રી | | ૨૭ હુ | લ | | ૨૮ ઢે | | ક |
| ડ | | | ૨૯ મા | | | ૩૦ કા | ર | ૩૧ ભા | ર |
| ૩૨ પ | ર | કા | યા | પ્ર | વે | શ | | ૩૩ ભા | ણ |

## શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | | ૫ | ૬ |
| | | ૭ | | | ૮ | | | ૯ | |
| ૧૦ | ૧૧ | | | ૧૨ | | | | | |
| | | | ૧૩ | | | | ૧૪ | ૧૫ | |
| ૧૬ | | ૧૭ | | | ૧૮ | ૧૯ | | ૨૦ | |
| | | | | ૨૧ | | | ૨૨ | | |
| ૨૩ | | | | | | | ૨૪ | | ૨૫ |
| | | ૨૬ | ૨૭ | | | ૨૮ | | | |
| | | ૨૯ | | | | | | ૩૦ | |
| ૩૧ | | | | | ૩૨ | | | | |

**આડી ચાવી**
૧. પગે લાગવું તે (૫)
૪. જન્મ, ઉત્પત્તિ, મૂળ (૪)
૭. ઠપકો (૨)
૮. -- પર તો માલિક જ બેસે ને! (૨)
૯. ગોખલો (૨)
૧૦. સુંદરી, લલના (૩)
૧૨. જંગલ (૩)
૧૩. રસ્તો (૩)
૧૪. લાલસા (૩)
૧૬. અભણ, અનપઢ (૪)
૧૮. ખતમ થવું તે (૨)
૨૦. બાણ (૨)
૨૧. રખડી પડેલો (૪)
૨૩. ભૂલ, ખામી (૨)
૨૪. ઘરેણાં --- રાખીને પૈસા લીધા (૩) (જો.છૂ.)
૨૬. આવનજાવન (૬)
૨૯. લક્ષણ, ચિન્હો (૩)
૩૦. દબાણ (૨)
૩૧. હંગામી, કામચલાઉ (૪)
૩૨. અણગમતા (૫)

**ઊભી ચાવી**
૧. ગામનો છેવાડો (૩)
૨. મરાઠી લોકનૃત્ય (૩)
૩. કિલ્લો (૨)
૪. ઉડવું તે (૩)
૫. ગોટાળા, ભૂલો, ગરબડ (૨)
૬. અણીને ટાંકણે (૫)
૮. ઉત્સાહ (૫)
૧૧. ચોમાસામાં ગવાતો રાગ (૩)
૧૨. યાતાયાતનું સાધન (૨)
૧૩. ખોટું કામ કરો તો --- પડે (૨)
૧૫. કાબૂમાં, તાબામાં (૨)
૧૬. નિરીક્ષણ કરનાર (૪)
૧૭. માફ કરવું તે (૨)
૧૯. આમાં તો બીજું શું થઈ ....? (૨)
૨૧. જિંદગી (૩)
૨૨. થોડું (૩)
૨૫. મુશ્કેલીઓ, નડતર (૪)
૨૬. કુબેરની નગરી (૩)
૨૭. સામાન (૩)
૨૮. જળમાં કાંકરો નાખો (૩)
૩૦. ભાવ, કિંમત (૨)

## ગુજરાત મોરી મોરી રે

'મેંદી તે વાવી માળવે' ગીતની શરૂઆતની પંક્તિઓ 'લાંબો ડગલો, મૂછો વાંકડી, શિરે પાઘડી રાતી' કયા ગાયકે ગાઈ છે?

અ) પ્રાણલાલ વ્યાસ બ) મન્ના ડે
ક) પિનાકીન શાહ ડ) મુકેશ

## જાણવા જેવું

ફિલ્મ સંગીતમાં એવા અનેક ઉદાહરણો છે જેમાં ફિલ્મ વિસરાઈ ગઈ હોય, પણ એના ગીત - સંગીત હોઠ પર રમતા હોય. 'રાની રૂપમતી' ફિલ્મ સ્મરણમાં નહીં હોય પણ જો 'આ લૌટ કે આજા મેરે ગીત' વાગે તો સાથે સાથે આખું ગીત જરૂર ગણગણી શકો. આવા અનેક ઉદાહરણ આપી શકાય.

## સુડોકુ-૯૦૧૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૭ | | ૨ | | | |
| ૧ | | | ૪ | ૬ | ૫ | | | ૩ |
| ૫ | ૭ | | | ૩ | | | ૯ | ૬ |
| | | | ૫ | ૧ | ૭ | | | |
| | ૧ | ૨ | | | | ૩ | ૭ | |
| | | | ૬ | ૨ | ૩ | | | |
| ૨ | ૯ | | | ૮ | | | ૪ | ૧ |
| ૩ | | | ૨ | ૫ | ૪ | | | ૭ |
| | | | ૯ | | ૧ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૦૧૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭ | ૯ | ૫ | ૪ | ૮ | ૨ | ૬ | ૩ |
| ૨ | ૬ | ૫ | ૧ | ૩ | ૯ | ૪ | ૮ | ૭ |
| ૩ | ૪ | ૮ | ૨ | ૬ | ૭ | ૯ | ૧ | ૫ |
| ૬ | ૫ | ૭ | ૩ | ૨ | ૪ | ૧ | ૯ | ૮ |
| ૪ | ૮ | ૧ | ૭ | ૯ | ૬ | ૩ | ૫ | ૨ |
| ૯ | ૩ | ૨ | ૮ | ૫ | ૧ | ૬ | ૭ | ૪ |
| ૭ | ૨ | ૩ | ૯ | ૧ | ૫ | ૮ | ૪ | ૬ |
| ૫ | ૯ | ૬ | ૪ | ૮ | ૨ | ૭ | ૩ | ૧ |
| ૮ | ૧ | ૪ | ૬ | ૭ | ૩ | ૫ | ૨ | ૯ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આજકાલ સિક્વલની બોલબાલા છે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની પ્રથમ સિક્વલ કઈ હતી એ જાણો છો ખરા?

અ) સપેરા બ) ફિર કબ મિલોગી ક) હંટરવાલી કી બેટી ડ) જીવન મૃત્યુ

## નોંધી રાખો

જીવનમાં અનેક તબક્કે આપણને એવું બ્રહ્મજ્ઞાન અવશ્ય થાય છે કે હવે ઝાઝો સમય નથી, સમય ઢૂંકડો આવી ગયો છે.

## માઈન્ડ ગેમ

વિલન તરીકે પ્રભાવ પાડી હીરો બનેલા એક્ટર વિનોદ ખન્નાની કઈ ફિલ્મમાં એક પણ ગીત નહોતું એ ખબર છે?

અ) મેરે અપને બ) અચાનક
ક) કચ્ચે ધાગે ડ) ઈમ્તિહાન

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| तौहीन | અપમાન |
| तौफीक | શ્રદ્ધા |
| तौर | રીત |
| तौलिया | ટુવાલ |
| तौंसा | ગરમી |

**ઓળખાણ પડી?** રસેલ ક્રો

**માઈન્ડ ગેમ** વિધાતા

**ગુજરાત મોરી મોરી રે** નૌલખા હાર

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો** હસીના માન જાયેગી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ખુશરૂ કાપડિયા (૮) નુતન વિપીન શાહ (૯) લજિતા ખોના (૧૦) શ્રદ્ધા આશર (૧૧) કિશોર બી. સંઘરાજકા (૧૨) મીનળ કાપડિયા (૧૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૪) તાહેર ઔરંગાબાદવાલા (૧૫) શીરીન ઔરંગાબાદવાલા (૧૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) પ્રવીણ વોરા (૨૩) પુષ્પા પટેલ (૨૪) અલકા વાણી (૨૫) અરવિંદ કામદાર (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) ભાવના કર્વે (૨૮) હેમા હરીશ ભટ્ટ (૨૯) અંબરીષ ઓઝા (૩૦) વિણા સંપટ (૩૧) પુષ્પા ખોના (૩૨) અંજુ ટોલિયા (૩૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) હિના દલાલ (૩૭) રમેશ દલાલ (૩૮) જગદીશ ઠક્કર (૩૯) ડાયના સંતોકે (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) નિતિન જયંતિલાલ બજરિયા (૪૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૩) ધીરેન્દ્ર ઉદેશી (૪૫) પ્રતિમા પમાણી (૪૬) જયવંત પદમશી ચિખલ (૪૭) મહેશ સંઘવી (૪૮) ગીતા ઉદેશી

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧) હર દિલ જો પ્યાર કરેગા ૨) બાર બાર દેખો ૩) એક મૈં ઓર એક તુ ૪) દમ મારો દમ ૫) જબ તક હૈ જાન ૬) બચના એય હસીનો ૭) દિલ તો બચ્ચાં હૈ જી

**ક્વિઝ (બ)** ૧) ઈશ્વર ૨) મેરી જંગ ૩) ચમેલી કી શાદી ૪) તાલ ૫) નાયક ૬) પુકાર ૭) જુદાઈ

# પુણે પાણી-પાણી

## ખડકવાસલા ડેમમાંથી પાણી છોડતાં પૂરની પરિસ્થિતિ

પુણેઃ મુશળધાર વરસાદને કારણે મુઠા નદીની આસપાસ આવેલા નીચાણવાળા વિસ્તારોમાં તથા પુણે શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઇ ગયાં હતાં. પુણે શહેરના પાણી પુરવઠો કરતા ખડકવાસલા ડેમમાંથી પાણી છોડવામાં આવ્યા બાદ આ વિસ્તારોમાં પૂર જેવી પરિસ્થિતિ સર્જાઇ હતી.

બુધવાર રાતથી શહેરમાં જોરદાર વરસાદ પડી રહ્યો હતો. ખડકવાસલા અને અન્ય ડેમ વિસ્તારોમાં સારો એવો વરસાદ પડ્યો હતો. તેથી સિંચાઇ વિભાગ દ્વારા ખડકવાસલા ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું હતું.

'કેચમેન્ટ વિસ્તારોમાં ભારે વરસાદ પડવાને કારણે ખડકવાસલા ડેમમાં પાણીનું સ્તર વધી ગયું હતું તેથી તેમાંથી પાણી છોડવામાં આવ્યું હતું. ગુરુવારે સાંજે ચાર વાગ્યે ડેમમાંથી ૪,૩૦૦ ક્યુસેક પાણી છોડવામાં (જુઓ પાનું ૪) ▸▸



**આફત...** પુણે જિલ્લાના પિંપરી-ચિંચવડમાં મુશળધાર વરસાદને કારણે પાવના તળાવ છલકાવાને કારણે મોર્યા ગોસાવી ગણપતિ મંદિર પરિસરમાં પાણી ભરાઇ ગયાં હતાં. (પીટીઆઇ)

# નાશિકમાં પૂર

## ગોદાવરી નદીની સપાટી વધતાં નીચાણવાળા વિસ્તારો ડૂબ્યા, વાહનો તણાયાં



**તારાજી...** નાશિકમાં ભારે વરસાદને કારણે ગોદાવરી નદીમાં પૂર આવ્યું હતું અને તેની આસપાસના વિસ્તારોમાં પાણી ફરી વળ્યાં હતાં. (પીટીઆઇ)

નાશિકઃ નાશિક શહેરમાં પડી રહેલા જોરદાર વરસાદને કારણે ગોદાવરી નદીની પાણીની સપાટીમાં વધારો થયો હતો જેને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઇ ગયાં હતાં.

અનેક વિસ્તારોમાં રસ્તાઓ ઉપર પાણી-પાણી જ જોવા મળી રહ્યું હતું જેમાં પાર્ક કરેલી એક કાર જોવા મળી હતી. કાર ત્યાં પાર્ક કરાઇ ત્યારે ત્યાં પાણી નહોતું, પરંતુ થોડી વારમાં જ ત્યાં પાણી ભરાયું હતું. સ્થાનિકોની મદદથી કારને બહાર કાઢવામાં આવી હતી.

પાણી ભરાવાને કારણે વાહનચાલકો અને રાહદારીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. નાશિક પાલિકા અને આપાતકાલીન વિભાગ દ્વારા તટવિસ્તારોમાં રહેલા લોકોને સાવચેત રહેવાની અપીલ કરી હતી. ગોદાવરી નદીની પાણીની સપાટી વધી રહી હોવાથી નજીકમાં કાર કરવી (જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ તરબતર

## મહાનગર સાડાપાંચ ઈંચ વરસાદ સાથે ભીંજાયુંઃ આજે ઑરેન્જ અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શહેર અને ઉપનગરોમાં બુધવાર રાતથી સતત પડતા વરસાદે મુંબઈને તરબતર કરી દીધું હતું. શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં સાડાપાંચ ઈંચ વરસાદ વરસ્યો હોવા છતાં સદ્નસીબે કોઈ જાનહાનિ કે નુકસાનની મોટી ઘટના બની નહોતી. જોકે વરસાદની અસર ટ્રેનવ્યવહાર અને વાહનવ્યવહાર પર જોવા મળી હતી. આગામી ૨૪ કલાક માટે મુંબઈમાં ઑરેન્જ અલર્ટ જાહેર કરાયું છે તો પાલઘર જિલ્લામાં રેડ અલર્ટ હોવાનું વેધશાળાનું કહેવું છે.

વેધશાળા અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં કોલાબામાં ૧૪૨.૬ મિલીમીટર, જ્યારે સાંતાક્રુઝમાં ૬૦.૫ મિલીમીટર વરસાદની નોંધ થઈ હતી. દક્ષિણ મુંબઈમાં સૌથી વધુ વરસાદ નરીમાન પૉઈન્ટ, કોલાબા અને મહાપાલિકા મુખ્યાલય ખાતે નોંધાયો હતો, જ્યારે પૂર્વ ઉપનગરોમાંથી સૌથી વધુ માનખુર્દ અને મુલુંડ પરિસરમાં ૯૬ મિ.મી. વરસાદની નોંધ થઈ હતી. એ જ રીતે પશ્ચિમ ઉપનગરમાં સૌથી વધુ વરસાદ બાન્દ્રામાં નોંધાયો હતો.

ગુરુવારે દિવસ દરમિયાન કોંકણમાં મુશળધાર વરસાદ વરસ્યો હતો, એમ જણાવી વેધશાળાએ ઉમેર્યું હતું કે આગામી ૨૪ કલાક માટે પાલઘરમાં રેડ અલર્ટ જાહેર કરાયું (જુઓ પાનું ૪) ▸▸

## પાર્લાની સાઠે કૉલેજની વિદ્યાર્થિનીને ત્રીજા માળેથી...

# ધક્કો મરાયો કે તેણે કૂદકો માર્યો ?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિલે પાર્લેની પ્રતિષ્ઠિત સાઠે કૉલેજમાં ત્રીજા માળેથી ઝંપલાવી બીએસસીના ત્રીજા વર્ષમાં ભણતી વિદ્યાર્થિનીએ કથિત આત્મહત્યા કરી હતી.

વિલે પાર્લે પોલીસના જણાવ્યા મુજબ મૃત્યુ પામેલી વિદ્યાર્થિનીની ઓળખ સંધ્યા સુભાષ પાઠક (૨૧) તરીકે થઈ હતી. પરિવાર સાથે વિરારમાં રહેતી સંધ્યા બીએસસીમાં સ્ટેટેસ્ટિક વિભાગમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી.

ડેપ્યુટી પોલીસ કમિશનર મનીષ કલવાનિયાએ જણાવ્યું હતું કે ઘટના ગુરુવારની સવારે ૭.૧૦ વાગ્યે વિલે પાર્લે પૂર્વમાં આવેલી સાઠે કૉલેજમાં બની હતી. વિદ્યાર્થિનીએ બિલ્ડિંગના ત્રીજા માળેથી કૂદકો મારી કથિત આત્મહત્યા કરી હોવાનું પ્રથમદર્શી જણાઈ રહ્યું છે. આ પ્રકરણે વિલે પાર્લે પોલીસે એડીઆર નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. મળતી માહિતી અનુસાર રોજ પ્રમાણે સવારે છ વાગ્યે વિદ્યાર્થિની ઘરેથી નીકળી હતી અને સાત વાગ્યાની આસપાસ કૉલેજ પહોંચી હતી. ક્લાસ શરૂ થતાં બધા વિદ્યાર્થી ક્લાસરૂમમાં ગયા ત્યારે પાઠક બહાર જ હતી. દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. બેભાન વિદ્યાર્થિનીને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાઈ હતી, જ્યાં તબીબે તેને મૃત જાહેર કરી હતી. ઘટનાસ્થળેથી કોઈ સુસાઈડ નોટ (જુઓ પાનું ૪) ▸▸



# કમ ઑન કીલ મીઃ ઉદ્ધવ ઠાકરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેનાની વર્ષગાંઠ નિમિત્તે મુંબઈના ષણ્મુખાનંદ હોલમાં શિવસેના ઠાકરે જૂથ દ્વારા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, આ કાર્યક્રમમાં બોલતા ઉદ્ધવ ઠાકરેએ જોરદાર પ્રહાર કર્યો. 'હું આ દેશદ્રોહીઓ સામે ઉભો છું, હું કહી રહ્યો છું કે કમ ઑન કીલ મી (આવો મને મારી નાખો), જો તમારામાં હિંમત હોય તો મારા પર આવો, જો તમે મારી સાથે ટક્કર લેવા આવવાના છો, તો એક કામ ચોક્કસ કરજો, જો તમે અમિતાભનું પિક્ચર જોયું છે સાથે એમ્બ્યુલન્સ લઈને આવી રહ્યા છો. આવતી વખતે સીધા આવશો, જતી વખતે સુતા સુતા જશો,' એમ ઉદ્ધવ ઠાકરેએ ચેતવણી આપી હતી.

વધુ બોલતા તેમણે કહ્યું કે આજે (જુઓ પાનું ૪) ▸▸

# હવે વહુઓ લાડકી...

મુંબઈઃ રાજ્યમાં હવે વહુઓનું વધુ ઉત્પીડન નહીં થાય. તેમને બચાવવા માટે, શિવસેનાએ 'લાડકી વહુનું રક્ષણ, શિવસેનાનું વચન' અભિયાન શરૂ કર્યું છે. જ્યાં પણ વહુઓનું ઉત્પીડન થતું હોવાની ફરિયાદ મળશે, ત્યાં અમારા યોદ્ધાઓ દોડશે. શિવસેનાની શાખાઓ લાડકી વહુઓ માટે આશરાનું સ્થાન હશે. દિવંગત આનંદ દીઘેની પ્રેરણાથી આ અભિયાનની શરૂઆત તેમના આનંદાશ્રમથી કરવામાં આવશે એવા શબ્દોમાં એકનાથ શિંદેએ રાજ્યની વહુઓને ધરપત આપી હતી.

### બીએમસીની તિજોરીમાં તેમનો જીવ

જેમ રાક્ષસનું જીવન પોપટમાં હોય છે, તેમ બીએમસીની તિજોરીમાં તેમનો જીવ છે. હાલમાં, મુંબઈ બીએમસી માટે અભિયાન શરૂ કરવામાં આવ્યું (જુઓ પાનું ૪) ▸▸



# મરેલાને કોણ મારે?: એકનાથ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ 'કમોન કિલ મી' એમ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું. ઓહ, મૃતકને કોણ મારશે? મહારાષ્ટ્રના લોકોએ તેમના શરીરનો નાશ પહેલાં જ કરી દીધો છે. ફક્ત અવાજ કરવાથી કાંડામાં તાકાત આવતી નથી. વાઘની ચામડી પહેરીને શિયાળ વાઘ બની શકતો નથી. ફક્ત વાતો કરવાથી કોઈ ફાયદો નથી, કાંડામાં તાકાત હોવી જોઈએ. અમારા ચક્કરમાં ન પડો. તમને ત્રણ વર્ષ પહેલાં અમારી તાકાત દેખાડી દીધી છે.

એકનાથ શિંદેએ એમ પણ કહ્યું હતું કે તમારી અક્ષમતાને કારણે, મરાઠી લોકોને મુંબઈમાંથી બહાર ફેંકાઈ ગયા છે. જ્યારે ચૂંટણી નજીક આવે એટલે તેઓ મરાઠી લોકોના નામે ખોટા દાવા કરશે. મારો સવાલ છે કે બાળાસાહેબ પછી તમે મરાઠી લોકો માટે શું કર્યું? તમારી અક્ષમતાને કારણે, મરાઠી લોકોને બહાર ફેંકી દેવામાં આવ્યા હતા. આ તમારું (જુઓ પાનું ૪) ▸▸

## રાજ ઠાકરે સાથે જોડાણ મુદ્દે ઉદ્ધવે કહ્યું કે...

# મરાઠી માણૂસ એક થાય એ ભાજપ નથી ઈચ્છતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ ગુરુવારે મનસે સાથેની સંભવિત યુતિ બાબતે મહત્ત્વનું નિવેદન કરતાં કહ્યું હતું કે કાર્યકર્તાઓ અને રાજ્યના મનમાં જે હશે તે જ હું કરીશ, પરંતુ આવું ન થાય તે માટેના પ્રયાસો થઈ રહ્યા છે.

શિવસેના ઠાકરે જૂથ દ્વારા શિવસેનાના ૫૯મા સ્થાપના દિવસ નિમિત્તે મુંબઈના ષણ્મુખાનંદ હોલમાં સમારંભ આયોજિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે ભાજપની પણ ટીકા કરી હતી.

તેમણે કહ્યું હતું કે શિવસેના અને મનસેની યુતિ ન થાય તે માટે (જુઓ પાનું ૪) ▸▸

# મીઠી નદીમાંથી ગાળ કાઢવાનું કરોડો રૂપિયાનું કૌભાંડ

## ડિનો મોરિયાની ઇડી દ્વારા ત્રણ કલાકથી વધુ પૂછપરછ

મુંબઈઃ મીઠી નદીમાંથી ગાળ કાઢવાના ૬૫ કરોડ રૂપિયાના કૌભાંડ સંબંધી મની લોન્ડરિંગની તપાસ કરી રહેલા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી)ના અધિકારીઓએ ગુરુવારે ફિલ્મ અભિનેતા ડિનો મોરિયા અને તેના ભાઇની ત્રણ કલાકથી વધુ સમય પૂછપરછ કરી હતી. છેલ્લા આઠ દિવસમાં ઇડી દ્વારા ડિનો મોરિયાની બીજી વખત પૂછફરછ કરાઇ હતી. ડિનો મોરિયા અને તેનો ભાઇ ગુરુવારે સવારે ઇડીની બેલાર્ડ એસ્ટેટ ખાતેની ઓફિસમાં હાજર થયા હતા અને તપાસમાં જોડાયા હતા. બંનેની ત્રણ કલાકથી વધુ સમય પૂછપરછ કરાયા બાદ તેમને ઘરે જવા દેવામાં આવ્યા હતા. જો જરૂર પડે તો તેમને ફરીથી પૂછપરછ માટે બોલાવવામાં આવશે, એવું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

ડિનો મોરિયા વોડર ઇન્ડિયા લિમિટેડના કેતન કદમ સાથે મિત્રતા ધરાવે છે અને બંને છેલ્લાં પચીસ વર્ષથી એકબીજાને ઓળખે છે. મીઠી નદીમાંથી ગાળ કાઢવાના કૌભાંડની તપાસ કરી રહેલી મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ વચેટિયા કેતન કદમની ધરપકડ કરી હતી.

ડિનો મોરિયા અને કદમ વચ્ચે ૧૪-૧૮ લાખ રૂપિયાના પાંચથી સાત નાણાકીય વ્યવહારો થયા છે અને આ વ્યવહારોની તપાસ સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઇટી) દ્વારા કરવામાં આવી રહી છે.

નોંધનીય છે કે આર્થિક ગુના શાખાએ ગયા મહિને દાખલ કરેલા એફઆઇઆરમાં જે ૧૩ જણનાં નામ આરોપી તરીકે આપવામાં આવ્યાં હતાં, એ પાલિકાના અધિકારી, કોન્ટ્રેક્ટરો અને વચેટિયાના નિવાસ



અને ઓફિસ સહિત પંદરથી વધુ સ્થળે ઇડીએ ગયા સપ્તાહે રેઇડ પાડી હતી. ઇડીની ટીમે ડિનો મોરિયાના બાંદ્રાના નિવાસે પણ સર્ચ કરી હતી. બાદમાં ડિનો અને તેના ભાઇને તપાસમાં જોડાવા માટે સમન્સ પાઠવાયા હતા. ઇડીની ટીમે મુંબઈ ઉપરાંત કેરળમાં પણ રેઇડ પાડી હતી, કારણ ડિસ્ટિલિંગ મશીન પૂરી પાડતી કંપનીઓમાંની એક મેટપ્રોપ ટેક્નિકલ સર્વિસીસ પ્રા.લિ. કોચી સ્થિત છે. ■

## અમદાવાદ વિમાન દુર્ઘટના

# કૉ-પાઇલટ ક્લાઇવ કુંદરને દફનાવાયા

મુંબઈઃ અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા કૉ-પાઇલટ ફર્સ્ટ ઓફિસર ક્લાઇવ કુંદરનો મૃતદેહ ગુરુવારે સવારે તેમના નિવાસસ્થાને લાવવામાં આવ્યો હતો. મુંબઈ એરપોર્ટથી તેમના પરિવારે મૃતદેહ લઇને ગોરેગામ પશ્ચિમમાં રામમંદિર રોડ ખાતેના નિવાસસ્થાને લઇ ગયા હતા, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

કુંદર મુંબઈમાં તેમના વૃદ્ધ માતાપિતા અને નાની બહેન સાથે રહેતા હતા. બપોરે એક વાગ્યા સુધી અંતિમ દર્શન માટે કુંદરનો મૃતદેહ રાખવામાં આવ્યો હતો અને ત્યાર બાદ શિવડીના ખ્રિસ્તી સમુદાય માટેના કબ્રસ્તાનમાં તેમની દફનવિધિ કરવામાં આવી હોવાનું તેમણે વધુમાં જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ૧૨મી જૂને અમદાવાદમાં ૨૪૨ પ્રવાસી સાથેનું વિમાન તૂટી પડ્યું હતું જેમાં પાઇલટ તરીકે



સુમિત સભરવાલ સહિત ફર્સ્ટ ઓફિસર તરીકે ક્લાઇવ કુંદર હતા. સભરવાલને ૮,૨૦૦ કલાક, જ્યારે કુંદરને ૧,૧૦૦ કલાક વિમાન ઉડાવવાનો અનુભવ હતો, એમ ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ)એ અગાઉ એક નિવેદનમાં જણાવ્યું હતું.

પવઇમાં રહેતા સભરવાલની અંતિમવિધિ મંગળવારે કરવામાં આવી હતી. ■

# ફ્લાઇટ અટેન્ડન્ટ રોશની સોનઘરેને ડોમ્બિવલીમાં અગ્નિદાહ અપાયો

થાણેઃ અમદાવાદ પ્લેન ક્રેશમાં મૃત્યુ પામેલી ફ્લાઇટ અટેન્ડન્ટ રોશની સોનઘરે (૨૭)ના અંતિમ સંસ્કાર ગુરુવારે સવારે તેના નિવાસસ્થાન ડોમ્બિવલી ખાતે કરવામાં આવ્યા હતા. સ્થાનિક સ્મશાનમાં તેના પિતા રાજેન્દ્ર સોનઘરેએ રોશનીને મુખાગ્નિ આપી હતી. ડીએનએ ટેસ્ટ દ્વારા તેની ઓળખ થયા બાદ બુધવારે રાત્રે રોશનીનો મૃતદેહ તેના પરિવારને સોંપવામાં આવ્યો હતો. એર ઈન્ડિયાની વિશેષ ફ્લાઇટ દ્વારા મૃતદેહ મુંબઈ લાવવામાં આવ્યો હતો અને ત્યાર બાદ તેને ડોમ્બિવલી લઇ જવાયો હતો.

રોશની સ્પાઇસજેટમાં ફરજ બજાવ્યા બાદ બે વર્ષ પહેલા જ એર ઈન્ડિયામાં જોડાઇ હતી. તેના ઇન્સ્ટાગ્રામમાં ૫૪,૦૦૦ ફોલોઅર્સ છે જેઓએ તેને શ્રદ્ધાંજલિ આપી હતી. આગામી વર્ષે માર્ચમાં તેના લગ્ન મર્ચન્ટ નેવીના એક અધિકારી સાથે થવાના હતા. ■

# નામાંકિત મોબાઈલ કંપનીની ડુપ્લિકેટ એક્સેસરીઝ વેચતી દુકાનો પર રેઇડ

## ૨.૫૪ કરોડની મતા જપ્ત

મુંબઈઃ નાગપાડા વિસ્તારમાં નામાંકિત મોબાઇલ કંપનીઓની ડુપ્લિકેટ એક્સેસરીઝ તથા પેનડ્રાઇવ અને મેમરી કાર્ડ વેચતી દુકાનો પર પોલીસે રેઇડ પાડી હતી અને ૨.૫૪ કરોડ રૂપિયાની મતા જપ્ત કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

નાગપાડા પોલીસ સ્ટેશનની હદમાં લકડા બજાર તેમ જ શુકલાજી સ્ટ્રીટ ખાતે આવેલી દુકાનોમાં નામાંકિત મોબાઇલ કંપનીઓની ડુપ્લિકેટ એક્સેસરીઝ ઉપરાંત પેનડ્રાઇવ અને મેમરી કાર્ડ વેચવા માટે સંગ્રહ કરી રાખવામાં આવ્યાં છે.

દુકાનદારો સોશિયલ મીડિયા પર જાહેરાત આપીને ડુપ્લિકેટ એસેસરીઝ મોટા પ્રમાણમાં લોકોને વેચી રહ્યા છે, એવી માહિતી ક્રાઇમ બ્રાન્ચના સીબી કન્ટ્રોલને આધારભૂત સૂત્રો પાસેથી મળી હતી, જેને પગલે કાર્યવાહી કરવાનું નક્કી કરાયું હતું.

દરમિયાન આ અંગે ખાતરી કર્યા બાદ પોલીસની બે ટીમ તૈયાર કરવામાં આવી હતી અને બંને ટીમે બુધવારે ઉપરોક્ત દુકાનો પર રેઇડ પાડી હતી. રેઇડ દરમિયાન દુકાનમાંથી ડુપ્લિકેટ એક્સેસરીઝ તેમ પેનડ્રાઇવ અને મેમરી કાર્ડનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દુકાનોમાંથી ૨.૫૪ કરોડ રૂપિયાની મતા જપ્ત કરીને ત્રણ જણને તાબામાં લીધા હતા. દરમિયાન કંપનીના પ્રતિનિધિએ આ પ્રકરણે નાગપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે કોપીરાઇટ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ■

# નણંદના ત્રાસથી કંટાળીને મહિલાએ છ વર્ષના પુત્ર સાથે કરી આત્મહત્યા

પુણેઃ પુણેમાં બહુમાળી ઇમારતની અગાશી પરથી ૩૧ વર્ષની મહિલાએ તેના છ વર્ષના પુત્ર સાથે ઝંપલાવી આયખું ટૂંકાવ્યું હતું.

આત્મહત્યા કરતા પહેલા મહિલાએ સુસાઇડ નોટ લખી હતી, જેમાં નણંદના ત્રાસથી કંટાળીને તે અંતિમ પગલું ભરી હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર પુણેના અંબેગાંવ બુદ્રુક વિસ્તારમાં બુધવારે સાંજે આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલી મહિલાની ઓળખ મયૂરી શશિકાંત દેશમુખ (૩૧) તરીકે થઇ હતી.

અંબેગાંવ પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા અનુસાર કલ્પક હાઉસિંગ સોસાયટીમાં સાંજના ૬.૩૦ વાગ્યે આ ઘટના બની હતી. અમે તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચ્યા ત્યારે જાણવા મળ્યું કે મહિલાએ તેના પુત્ર સાથે અગાશી પરથી ઝંપલાવતાં તેમનાં મોત થયાં હતાં.

દરમિયાન અમે મહિલાના ઘરે ગયા હતા, જ્યાં નોટબૂકમાં સુસાઇડ નોટ મળી આવી હતી. મહિલાએ સૂસાઇડ નોટમાં આક્ષેપ કર્યો હતો કે નણંદ ત્રાસ આપતી હોવાથી કંટાળીને તે અંતિમ પગલું ભરી રહી છે.

બંનેના મતદેહને હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા બાદ પોલીસે આ પ્રકરણે તપાસ આદરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# તમામ રેલ એન્જિનમાં હવે લાગશે હાઈ રિઝોલ્યુશન કૅમેરા

મુંબઈઃ પશ્ચિમ રેલવેએ મુસાફરોની સુરક્ષા અને ટ્રેન સંચાલન પર દેખરેખ રાખવા માટે એક મોટું પગલું ભર્યું છે. હવે પશ્ચિમ રેલ્વેની તમામ પેસેન્જર અને માલગાડીઓના ઇલેક્ટ્રિક અને ડીઝલ એન્જિનમાં હાઇ ડેફિનેશન કેમેરા લગાવવામાં આવશે. ૯૭૮ એન્જિન પર ૬,૦૦૦ કેમેરા લગાવવામાં આવશે જેની અંદાજિત કિંમત લગભગ ૧૦૦ કરોડ રૂપિયા હશે. આ કેમેરા ૩૬૦ ડિગ્રી એન્ગલથી દરેક પ્રવૃત્તિ પર નજર રાખશે, જે ટ્રેકથી લઈને એન્જિનની અંદર સુધીની દરેક હિલચાલ રેકોર્ડ કરશે. આ માટેની ટેન્ડર પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. માર્ચ ૨૦૨૬ સુધીમાં તમામ પેસેન્જર અને માલગાડીઓના એન્જિનમાં આ કેમેરા લગાવવામાં આવશે. એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, પશ્ચિમ રેલ્વે પાસે ૮૧૦ ઇલેક્ટ્રિક અને ૧૬૮ ડીઝલ એન્જિન છે. આ એન્જિનોમાં બે ડ્રાઇવિંગ કેબ છે. બંને કેબની અંદર એક-એક કૅમેરા લગાવવામાં આવશે. આ ઉપરાંત, ચાર કેમેરા એન્જિનની બહાર ચારેય દિશામાં લગાવવામાં આવશે. ■

# ભાદર, ન્યારી-એક, લાલપરી સહિત ૧૫ ડેમોમાં નવા નીરની આવક યથાવત્

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદનું જોર ઘટવા છતાં જળાશયોમાં નવાં નીરની આવક ચાલુ રહી હોય તેમ રાજકોટ જીલ્લાના સાત સહિત ૧૫ ડેમોમાં નવા પાણી ઠલવાયા હતા. ભાદર, આજી, ન્યારી, લાલપરીમાં પણ થોડી આવક હતી.

રાજકોટ સિંચાઈ વર્તુળના રિપોર્ટ મુજબ ભાદર ડેમમાં નવુ ૦.૨૬ ફૂટ પાણી આવતાં ડેમની સપાટી ૨૨.૫૦ ફૂટે પહોંચી હતી. કુલ ૩૪ ફૂટનું લેવલ ધરાવતા ડેમમાં ૧૧.૧૦ ફૂટ બાકી છે. આ સિવાય આજી ૩ માં ૦.૩૩ ફૂટ, ન્યારી-૧માં ૦.૧૬ ફૂટ, ન્યારી-૨માં ૦.૩૩ ફૂટ, લાલપરીમાં ૦.૮૨ ફૂટની આવક થઈ હતી.

લાલપરીની ૧૫ ફુટની સપાટી છે તે હવે ૧૧.૪૦ ફૂટે પહોંચ્યો છે. છલકાવવામાં ૩.૬૦ ફૂટ બાકી છે. ભાદર-૨ની સપાટીમાં ૦.૪૯ ફૂટ તથા ઘેલા સોમનાથની સપાટીમાં ૩.૪૮ ફૂટનો વધારો થયો હતો.

મોરબી જીલ્લામાં આવેલા મચ્છુ-૧ની સપાટીમાં ૦.૬૬ ફૂટ, મચ્છુ-૨માં ૨.૮૯ ફૂટ, ઘોડાધ્રોઈમાં ૧.૫૧ ફૂટ, બ્રાહ્મણીમાં ૧.૨૧ ફૂટ, બ્રાહ્મણી-૨માં ૦.૩૩ ફૂટ નવા નીર આવ્યાં હતાં. સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ ભોગાવો-૧માં ૦.૩૯ ફૂટ, ફુલકુમાં ૦.૧૬ ફૂટ, મોરસલમાં ૩.૨૮ ફૂટ નવુ પાણી આવ્યુ હતું. ■

# વડોદરામાં પૂરની સ્થિતિને પહોંચી વળવા તંત્રનું આગોતરું આયોજનઃ ૨૦૦ તરવૈયાની ફોજ તૈયાર કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગત ચોમાસામાં થયેલી અતિવૃષ્ટિ બાદ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન કોઇ જ લાપરવાહી દાખવવા માગતું નથી. આ વર્ષે જો કોઇ પૂર જેવી આફત સર્જાય કે ડૂબાણની સ્થિતિ ઊભી થાય તો ૨૦૦ તરવૈયાની ફોજ તૈયાર રહેશે. આ માટે મહાનગરપાલિકાએ આ માટે મહેસાણાની એજન્સી સાથે કરાર કર્યો હતો.

વડોદરામાં પૂર અને ભારે વરસાદની બાબત નવી નથી. દર ચોમાસામાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જાય છે. મહાનગરના ઇતિહાસમાં પ્રથમ વખત પૂરનાં પાણીમાં ફસાયેલા લોકોને બચાવવા વડોદરાની ફાયર અને ઇમરજન્સી વિભાગે તરવૈયાઓને ભાડે લેવાનો કરાર કર્યો હતો. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન સંભવિત આફત સામે લડવા કુલ રૂપિયા ૯૫.૫૮ લાખનો ખર્ચ કરશે.

૨૦૨૪ના ઓગસ્ટ માસમાં મહાનગરના ઘણા વિસ્તારોમાં પૂરના પાણી ફરી વળ્યાં હતાં અને ઘણા દિવસો સુધી લોકો ફસાયા હતા. શહેરીકરણના આયોજન માટે તે સમયે ઘણી ટીકા થઈ હતી અને મહાપાલિકાના વહીવટ સામે રોષ ઊભો થયો હતો. જેના લીધે પૂરમાં બચવા કે તેની સામેના બચાવકાર્ય અંગે સરકારી સમિતિની ભલામણોના આધારે આ વર્ષે આવા પગલાં લેવામાં આવ્યાં હતાં.

વીએમસીએ કરાર આધારિત કામદારોને એજન્સી મારફતે ભરતી કરશે અને તેમને રોજમદારની જેમ દરરોજ રકમ ચૂકવશે. કેટલાક ડ્રાઇવર્સને આવા કર્મચારી તરીકે ફાયર વિભાગમાં સામેલ કરવામાં આવ્યા છે. તરવૈયાઓને પણ એજ રીતે લેવામાં આવ્યા છે.

સૂત્રોએ જણાવ્યું કે, એજન્સી સાથે તાલીમ પામેલા તરવૈયાઓ જોઇશે અને તેમનું ફિટનેસ સર્ટિફિકેટ પણ હોવું જોઈએ તેવી શરત મૂકવામાં આવી છે. ઇમરજન્સી વખતે નાના નાના ગ્રૂપમાં વિવિધ ડૂબમાં જતાં વિસ્તારોમાં મહાપાલિકાના કર્મચારીઓ સાથે તેમણે પહોંચવાનું રહેશે. તરવૈયાઓ જ્યારે વડોદરા આવી જશે ત્યારપછી તેમની કામગીરી અંગે પ્રક્રિયા હાથ ધરાશે. ■

# વડોદરા આરટીઓમાં સામાન્ય વરસાદમાં ટેસ્ટ ટ્રેક પર પાણી ભરાતાં અરજદારો પરેશાન થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં હાલ ચોમાસાએ જમાવટ કરી છે. વડોદરા આરટીઓમાં સામાન્ય વરસાદમાં જ ટેસ્ટ ટ્રેક પર પાણી ભરાઈ ગયાં હતાં. જેને લઈ અરજદારોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ ઉપરાંત એક સપ્તાહથી જીસ્વાન સર્વરમાં ખામી સર્જાવાના કારણે ટેસ્ટ ટ્રેક બંધ હતો. સર્વર શરૂ થતા ગુરુવારે મોટી સંખ્યામાં અરજદારો ઉમટી પડ્યા હતા. જેને લઈ લાંબી કતારો જોવા મળી હતી.

આશરે ૫૦૦થી વધારે અરજદારોની એપોઈન્ટમેન્ટ રિશિડ્યૂલ કરવામાં આવી હોવાથી ભારે ધસારો અને લાંબી લાઈનો જોવા મળી હતી. સર્વરમાં ખામી હોય ત્યારે રીશિડ્યુલ કરાયેલા અરજદારોને ટોકન મેળવી એક અઠવાડિયામાં ગમે ત્યારે ટેસ્ટ આપી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જોકે, તેમ છતાં મોટી સંખ્યામાં અરજદારો ટોકન મેળવવા માટે ઉમટી પડ્યા હતા, જેના કારણે લાંબી લાઇનો જોવા મળી હતી. ટુ વ્હિલર વાહન માટે ટેસ્ટ આપવા આવેલા અરજદારોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આ ટ્રેક સાફ કરવામાં આવ્યો હતો. પરંતુ વરસાદના કારણે પાણી ભરાઈ ગયું હતું. તેમજ સર્વર બંધ હોવાથી એપોઈન્ટમેન્ટ રિશિડ્યૂલ કરવામાં આવી હતી. જેથી અરજદારોનો ધસારો થયો હતો. ■

# રાજકોટમાં છ ઈંચ વરસાદમાં જ ભૂવો પડતાં તંત્રની પોલ ખૂલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં બે દિવસથી પડી રહેલા વરસાદના કારણે તંત્રની પોલ ખૂલી ગઈ હતી. શહેરના દીવાનપરા વિસ્તારમાં વરસાદના કારણે એક મોટો ભૂવો પડ્યો હતો. ચોંકાવનારી વાત એ છે કે, ગયા વર્ષે પણ આ સ્થળે ભૂવો પડયો હતો અને ત્યારે પણ મહાનગરપાલિકા દ્વારા કોઈ યોગ્ય કામગીરી કરવામાં આવી ન હતી. આ ઘટનાથી સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

સ્થાનિકોના કહેવા પ્રમાણે, ગયા વર્ષે પણ આ જ જગ્યાએ ભૂવો પડ્યો હતો. અમે અનેકવાર રજૂઆતો કરી પણ કોઈએ ધ્યાન આપ્યું નહીં. હવે ફરી એ જ જગ્યાએ ભૂવો પડ્યો છે. આ મહાનગરપાલિકાની બેદરકારી અને ભ્રષ્ટાચારનું જીવતું જાગતું ઉદાહરણ છે. આ ભૂવાને કારણે દીવાનપરા વિસ્તારમાં વાહનવ્યવહારને ભારે અસર પડી હતી. રસ્તાની વચ્ચે મોટો ભૂવો હોવાથી વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ટ્રાફિક ધીમો પડી ગયો છે અને નાના વાહનચાલકો માટે તે અત્યંત જોખમી સાબિત થઈ રહ્યો છે. રાત્રિના સમયે અથવા વરસાદ દરમિયાન ભૂવો સ્પષ્ટ દેખાતો ન હોવાથી અકસ્માતનો ભય વધી ગયો હતો.

ગયા વર્ષે પડેલા ભૂવા બાદ સ્થાનિકો દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં, મહાનગરપાલિકાએ તેની મરામત માટે કોઈ નક્કર પગલાં લીધાં ન હતાં. પરિણામે, આ વર્ષે પ્રથમ વરસાદમાં જ તે જ જગ્યાએ ફરીથી ભૂવો પડ્યો હતો. જે સ્પષ્ટપણે દર્શાવે છે કે, ગયા વર્ષે કરવામાં આવેલી કામગીરી માત્ર દેખાવ પૂરતી હતી અને તેમાં ગુણવત્તાનો સદંતર અભાવ હતો. ભૂતકાળમાં પણ આવા ખાડાઓને કારણે અનેક અકસ્માતો સર્જાયા હતા. જેમાં લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અને કેટલાક કિસ્સાઓમાં જીવ પણ ગુમાવ્યા છે. તેમ છતાં મહાનગરપાલિકાનું તંત્ર જાણે કે કોઈ બોધપાઠ લેવા તૈયાર નથી. ■



ભાવનગરમાં સ્વ. વિજયભાઈ રૂપાણી સહિત પ્લેન દુર્ઘટનાના દિવંગત આત્માઓની શાંતિ માટે શ્રદ્ધાંજલિ સભા યોજાઈ હતી, ભાવેણાવાસીઓએ મૃતકોને અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ આપી હતી. (તસવીર– વિપુલ હિરાણી, ભાવનગર)

# સુરતમાં બીઆરટીએસ બસમાં છતમાંથી પાણી ટપકતાં મુસાફરોએ છત્રી લઈને બેસવું પડ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં બીઆરટીએસનો એક વીડિયો વાયરલ થયો હતો. બસની છતમાંથી પાણી ટપકતાં મુસાફરોએ છત્રી લઈને બેસવું પડ્યું હતું. મળતી વિગત પ્રમાણે સરથાણાથી કોસાડ જતી બીઆરટીએસ બસમાં કેટલાક મુસાફરોએ પાણીથી બચવા માટે છત્રી ખોલીને મુસાફરી કરી હતી.

સુરતમાં એક તરફ કરોડો રૂપિયાના ખર્ચે બીઆરટીએસ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે, જે શહેરની જાહેર પરિવહન વ્યવસ્થાનો મહત્ત્વનો ભાગ છે ત્યારે આવી બેદરકારી સામે આવતા નાગરિકોમાં ભારે રોષ અને નિરાશા જોવા મળી રહી છે. લોકો સોશિયલ મીડિયા પર સુરત મહાનગરપાલિકાને ટેગ કરીને આ મુદ્દે તાત્કાલિક ધ્યાન આપવા અને બીઆરટીએસ બસોની જાળવણી સુનિશ્ચિત કરવા માગ કરી રહ્યા છે.

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જો તાત્કાલિક પગલાં નહીં લેવામાં આવે તો વરસાદની મોસમમાં મુસાફરોની હાલાકી વધુ વધશે તેવી ભીતિ સેવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે સુરતમાં બીઆરટીએસ બસ સેવા ૨૬ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ શરૂ કરવામાં આવી હતી. શરૂઆતમાં, ઉધના દરવાજાથી સચિન જીઆઈડીસી નાકા સુધીનો પ્રથમ તબક્કો કાર્યરત થયો હતો. ■

# રાજકોટમાં કોરોનાના વધુ આઠ કેસ નોંધાયા, એકનું મોતઃ આંકડો ૧૯૫ પર પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકાટમાં કોરોનાનું સંક્રમણ ફરી વધ્યું છે. રાજકોટમાં આજે (૧૯ જૂન)ના રોજ ૬૯ વર્ષીય વૃદ્ધાનું કોરોનાને કારણે મોત થયું હતું. શહેરમાં કોરોનાના વધુ આઠ નવા કેસ નોંધાયા હતા, જેમાં એક બાળક અને એક સગીરનો પણ સમાવેશ થાય છે. જોકે, રાહતની વાત એ છે કે આજે નવા કેસ કરતાં સાજા થનાર દર્દીઓની સંખ્યા વધુ રહી છે. આજે ૧૧ દર્દીઓ હોમ આઇસોલેશનમાંથી સ્વસ્થ થઈ ગયા છે. આ સાથે રાજકોટમાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ કેસનો આંકડો ૧૯૫ પર પહોંચ્યો છે, જ્યારે કોરોના મુક્ત થયેલા દર્દીઓની સંખ્યા ૧૪૪ થઈ ગઈ છે. હાલ શહેરમાં કુલ ૫૧ સક્રિય કેસ છે, જેમાંથી એક દર્દી સિવિલ હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે અને બાકીના ૫૦ દર્દીઓ હોમ આઇસોલેશનમાં છે.

આરોગ્ય વિભાગ દ્વારા આ તમામ દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોનું ટ્રેસિંગ શરૂ કરવામાં આવ્યું હતું. તેમ જ જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નવા કેસોના આગમન છતાં શહેર રિકવરી રેટ સતત સુધરી રહ્યો છે. આજે ૧૧ દર્દીઓ સ્વસ્થ થતા કુલ સ્વસ્થ થયેલા દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. આ દર્દીઓએ સફળતાપૂર્વક કોરોનાને મ્હાત આપી છે અને તેઓ પોતાના ઘરે સુરક્ષિત રીતે પરત ફર્યા હતા.

આરોગ્ય વિભાગ દ્વારા કોરોના સંક્રમણને રોકવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. શહેરના જુદા જુદા વિસ્તારોમાં ટેસ્ટિંગ-ટ્રેસિંગની કામગીરીને વધુ સઘન બનાવવામાં આવી હતી. લોકોને માસ્ક પહેરવા, સોશિયલ ડિસ્ટન્સ જાળવવા અને વારંવાર હાથ ધોવા જેવા કોવિડ પ્રોટોકોલનું પાલન કરવા સતત અપીલ કરવામાં આવી હતી. આરોગ્ય વિભાગ દ્વારા હોમ આઇસોલેશનમાં રહેલા દર્દીઓના સ્વાસ્થ્ય પર પણ નિયમિતપણે નજર રાખવામાં આવી રહી છે અને તેમને જરૂરી માર્ગદર્શન અને દવાઓ પૂરી પાડવામાં આવે છે. ■

# કચ્છમાં વરસાદી માહોલ વચ્ચે બે લોકોનાં વીજશોકથી મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સૌરાષ્ટ્ર-કચ્છમાં ચોમાસાએ જમાવટ કરી છે. સિઝનના પ્રથમ વરસાદમાં જ કચ્છમાં બે લોકોનાં વીજશોકથી મોત થયાં હતાં. પ્રાપ્ત માહિતી અનુસાર, ભુજના લખુરાઇ ચાર રસ્તા પાસે નાગોર રોડ બાજુ રહેતા અને મજૂરીકામ કરતા ઉમર સિધિક કુંભારના પુત્ર રફીકને તેમના ઘર પાસેના ઇલેક્ટ્રિક થાંભલામાં જોરદાર વીજ કરંટ લાગતાં બનાવસ્થળે મોત નીપજ્યું હતું. બી-ડિવિઝન પોલીસે અકસ્માત મોતનો ગુનો દર્જ કરી તપાસ હાથ ધરી હતી.

આ પ્રકારનો અન્ય બનાવ પ્રસિદ્ધ હાજીપીર ખાતે બનવા પામ્યો હતો જેમાં આર. એસ. કંપનીની લેબર કોલોનીમાં રહેતા પરપ્રાંતીય શ્રમિક ફાગુ વિશ્વકર્માને ઘરની દીવાલને અડતાં વીજ કરંટ લાગ્યો હતો. તેને સારવાર અર્થે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ લઇ આવતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. વરસાદમાં વીજશોકથી બે લોકોનાં મોતથી અરેરાટી વ્યાપી ગઈ હતી. ■



ભાવનગરના ભાલ વિસ્તારમાં તંત્રની સતર્કતાથી ૭૫ લોકોને સલામત સ્થળે સ્થળાંતર કરાયા હતા... (તસવીર– વિપુલ હિરાણી, ભાવનગર)

### કંડલા બંદર પર એસીબીની કાર્યવાહીથી ખળભળાટ

# ટ્રકોના ઝડપી ક્લિયરન્સ માટે લાંચ લેતો કસ્ટમ હવાલદાર ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કંડલા ખાતે અચાનક ત્રાટકેલી લાંચ રુશવત વિરોધી શાખાએ કસ્ટમ વિભાગના હેડ હવાલદાર જિગ્નેશ કેશવજી બળીયાને ટ્રકોના ઝડપી ક્લિયરન્સ પેટે લાંચ સ્વીકારતાં રંગેહાથ ઝડપી પાડતાં ચકચાર મચી હતી.

કંડલા બંદર પરથી માલ-સામાનની આયાત-નિકાસ કરતી કંપનીના ઓપરેશન ઇન્ચાર્જ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદને ટાંકીને ગાંધીધામ એસીબીના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર એલ.એસ.ચૌધરીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, આરોપી જિગ્નેશ બળીયા દરેક ટ્રક દીઠ ૫૦ રૂપિયાની લાંચની માગણી કરતો હતો. એક દિવસમાં કુલ ૧૯૭ ટ્રકોની ક્લિયરન્સ માટે ૯,૮૫૦ રૂપિયાની લાંચ માંગી હતી જે આપવાનો ફરિયાદીએ ઇનકાર કરીને એસીબીને માહિતી આપતાં છટકું ગોઠવવામાં આવ્યું હતું જેમાં કસ્ટમ હવાલદારને પંચોની હાજરીમાં લાંચની રકમ સ્વીકારતાં રંગેહાથ પકડી લેવામાં આવ્યો હતો. ■

# ભુજમાંથી બાંગ્લાદેશી ઘૂસણખોર મહિલા ઝડપાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગત ૨૨મી એપ્રિલના રોજ જમ્મુ-કાશ્મીરના પહેલગાંવમાં ફરવા આવેલા પર્યટકો પર પાકિસ્તાન પ્રેરિત આતંકીઓએ કરેલા હુમલાનો જવાબ આપવા માટે ભારતે શરૂ કરેલા ઓપરેશન સિંદૂર અંતર્ગત સતર્ક બનેલી દેશની સુરક્ષા એજન્સીઓ દ્વારા દેશમાં વર્ષોથી ગેરકાદેસર રીતે વસવાટ કરી રહેલા બાંગ્લાદેશી-પાકિસ્તાની નાગરિકોને ટ્રેસ કરી, તેમને ડિપોર્ટ કરાઈ રહ્યા છે. આ વચ્ચે નાપાક પાકિસ્તાનની ભૂમિ અને જળ સરહદને અડકીને આવેલા કચ્છમાં અનઅધિકૃત રીતે વસવાટ કરતા બાંગ્લાદેશી નાગરિકોને ટ્રેસ કરી રહેલાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે વધુ એકવાર ભુજ શહેરના સંજય નગરી નામના રહેણાંક વિસ્તારમાંથી ગેરકાયદેસર રીતે વસવાટ કરતી સિરીન જન્નતુલ જાફરુલ્લા શેખ (ઉ.વ.૩૦) નામની બાંગ્લાદેશી મહિલા ઝડપાઇ હતી.

એસ.ઓ.જીના પી.આઇ.કે.એમ.ગઢવીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે,તેમની ટુકડીના એ.એસ.આઇ નરેન્દ્રસિંહ ઝાલા તથા હેડ કોન્સ્ટેબલ પૃથ્વીરાજસિંહને મળેલી પૂર્વબાતમીના આધારે ભુજની સંજય નગરીમાંથી ગેરકાયદેસર રીતે વસવાટ કરતી બાંગ્લાદેશી મહિલા નાગરિક સિરીન જન્નતુલ શેખની ધરપકડ કરી લેવામાં આવી છે. મહિલા પાસે રહેલા આધાર-પુરાવાની તપાસ કરાતાં તે બાંગ્લાદેશી નાગરિક હોવાનું બહાર આવ્યું હતું. ગમે તે રીતે આંતરરાષ્ટ્રીય સીમા ઓળંગીને પહેલાં મુંબઇ પહોંચી હતી, ત્યાં થોડો સમય રહ્યા બાદ ગુજરાતમાં આવી હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ અગાઉ અંજાર તાલુકાના મેઘપર કુંભારડીની શિવ સોસાયટીમાંથી ત્રણ બાંગ્લાદેશી મહિલાઓને, જયારે મુંદરામાંથી આઠ જયારે ગાંધીધામ શહેરમાં બે સ્પા સેન્ટરોમાંથી ત્રણ બાંગ્લાદેશી ઘૂસણખોરો તેમજ ભચાઉ તાલુકાના ચોપડવા નજીક આવેલા લાકડાંના બેન્સામાં રહી કામ કરતા બાંગ્લાદેશી ઘૂસણખોર પકડાઈ ચુક્યા છે. ■

# ક્રાફ્ટ વિલેજ તરીકે વિશ્વમાં વિખ્યાત ભુજોડી ગામમાં લગ્નના ૪૦ દિવસમાં જ નવવધૂની આત્મહત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ક્રાફ્ટ વિલેજ તરીકે વૈશ્વિક નામના ધરાવતા ભુજોડી ગામના વર્ધમાન નગરમાં રહેતી મૂળ મહારાષ્ટ્રની અને માત્ર ૪૦ દિવસ પૂર્વે જ લગ્નના તાંતણે બંધાયેલી ૨૦ વર્ષીય નવવધૂ પ્રતીક્ષા વિલાસ પૂકવેએ તેમજ ભુજના મિરજાપરમાં ૬૭ વર્ષીય પ્રૌઢ બિહારીલાલ વેલજી મૈચાએ ગળેફાંસો ખાઇને જીવાદોરી ટૂંકાવી લેતાં પંથકમાં અરેરાટી પ્રસરી હતી.

મૂળ મહારાષ્ટ્રના સોલાપુરના અને હાલા માધાપર નવાવાસ વર્ધમાન નગરમાં રહેતા તેમજ ૪૦ દિવસ પૂર્વે જ પરણેલી નવપરિણીતા પ્રતીક્ષા વિલાસ પૂકવેએ કોઇ અગમ્ય કારણોસર પોતાના ઘરે પંખામાં દોરડું બાંધીને ગળેફાંસો ખાઇ લેતાં માધાપર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. આ ઉપરાંત ભુજના મિરજાપર ગામમાં રહેતા બિહારીલાલ મૈચાએ પણ કોઇ અજ્ઞાત કારણોસર પોતાના ઘરે પંખા પર દોરી બાંધીને ગળેફાંસો ખાઇ લેતાં એ-ડિવિઝન પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી. ■

# ભચાઉમાં કુકુ એફએમનું સબસ્ક્રિપ્શન બંધ કરાવવું શખ્સને ભારે પડયુંઃ ખાતામાંથી પૈસા ઉપડી ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ડિજિટલ ક્રાંતિ વચ્ચે બાળકોથી માંડીને વૃદ્ધો સુધીના લોકો ઓનલાઇન ઠગીના શિકાર બની રહ્યા છે તેવામાં પૂર્વ કચ્છના ભચાઉના વ્યક્તિને સ્માર્ટફોનમાં ઇન્સ્ટોલ કરેલાં એપ્લિકેશનનું સબસ્ક્રિપ્શન બંધ કરાવી દેવાના બહાને સાયબર ગઠિયાએ ખાતામાંથી બારોબાર રૂ. ૭૮,૯૯૫ ઉપાડી લીધા હોવાનો ચોંકાવનારો બનાવ બહાર આવ્યો હતો.

ભચાઉના રામવાડી વિસ્તારમાં રહેનાર જિતેન્દ્રકુમાર દિનેશચંદ્ર ઓઝાએ તેમના એન્ડ્રોઇડ સ્માર્ટફોનમાં ઇન્સ્ટોલ કરેલી જાણીતી કૂકૂ એફ.એમ. એપ્લિકેશનનું સબસ્ક્રિપ્શન બંધ કરાવવું હતું. તેઓએ આ એપ્લિકેશનમાં જોવાને બદલે ગૂગલ સર્ચ પર કુકુનો કહેવાતો હેલ્પલાઇન નંબર મેળવી તેના પર ફોન કર્યો હતો. ફોન ઉપાડનારા ભેજાબાજે સબસ્ક્રિપ્શન બંધ કરાવવા ફોન ચાલુ રાખવા, ફોન-પે ચાલુ કરવા તથા ઓ.ટી.પી. આપવા કહેતાં ફરિયાદીએ તેમ કર્યું હતું.

ઠગ શખ્સે થોડીવારમાં સબસ્ક્રિપ્શન બંધ થઇ જશે તેવું કહ્યું હતું. ફરિયાદીએ થોડીવાર બાદ તપાસ કરતાં તે બંધ ન થતાં ફરીથી તે નંબર ઉપર ફોન કર્યો હતો, પરંતુ તે ફોન સ્વીચ ઓફ આવ્યો હતો. દરમ્યાન, આધેડે ફોન પેની તપાસ કરતાં ત્રણ ટ્રાન્ઝેકશન થકી તેમના રૂ. ૭૮,૯૯૫ બારોબાર ઉપાડી લેવાનું ધ્યાને આવ્યું હતું. સાયબર પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. ■



ભાવનગરમાં અષાઢી બીજની રથયાત્રા સંદર્ભે કલેકટર સાથે રથયાત્રાના આયોજકોની મીટિંગ યોજાઈ હતી.. (તસવીર– વિપુલ હિરાણી, ભાવનગર)